कर भला होगा भला
- છગનભા




વર્ષ : 13 ◆ અંક : 4
જુલાઈ-ઑગસ્ટ 2023
સળંગ અંક : 76

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ




## સર્વ વિદ્યાલયના મેરુસ્તંભ
## ડૉ. કનુભાઈ ડી. પટેલ સ્મૃતિ અંક



કર ભલા... હોગા ભલા...

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ (૧૯૪૭ - ૨૦૨૩)

**(પ્રમુખ - સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી)**

અમારા વત્સલ અને કર્મયોગી વડીલ ડૉ. કનુભાઈ પટેલનું ૨૨ જુલાઈ, ૨૦૨૩ના રોજ સાંજે દેહાવસાન થયું છે. દેહાવસાન સમયે તેઓ તેમના પરિવાર અને પ્રિયજનોથી ઘેરાયેલા હતા.

**સદ્‌ગતની ઈચ્છા મુજબ તેમનું બેસણું રાખવામાં આવ્યું નથી.**

સૌ સ્વજનોને સ્વસ્થાને પ્રાર્થના કરવા વિનંતી છે.

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।

(આત્માને શસ્ત્રો છેદતાં નથી અને
અગ્નિ બાળતો નથી તેમજ પાણી એને
ભીંજવતું નથી અને વાયુ સુકવતો નથી.)

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ।।

(જેનો જન્મ છે તેનું મરણ નિશ્ચિત છે, તેમજ જેનું
મરણ તેનો જન્મ પણ તેટલો જ નિશ્ચિત છે, એટલે આ
અપરિહાર્ય વસ્તુને માટે શોક કરવો તે તને યોગ્ય નથી.)

લિ. : ગં.સ્વ. સવિતાબેન કનુભાઈ પટેલ
(મો. ૯૭૨૫૪ ૨૪૧૧૩ - ૭૨૨૬૯ ૧૮૮૨૪)

સ્વ. લીલાબેન, પ્રભાવતીબેન,
તારાબેન, દીપિકા, પારૂલ, કોમલ

વિજયકુમાર ડી. પટેલ
ઘનશ્યામભાઈ ડી. પટેલ
(મો. ૯૨૬૫૭ ૨૭૦૪૦)

મૌલિક કનુભાઈ પટેલ
ગૌરવ ઘનશ્યામભાઈ પટેલ

(સ્વ. વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ પરિવાર)

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર • કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

# ડૉ. કનુભાઈ ડી. પટેલ પરિવાર


પિતાશ્રી વકીલ ધનાભાઈ પટેલ


માતા શ્રીમતી મંગળાબહેન

ભાઈઓ-બહેનો


ડૉ. કનુભાઈ પટેલ


લીલાબહેન


પ્રભાબહેન


વિજયકુમાર


તારાબહેન


ઘનશ્યામભાઈ


રક્ષાબંધન પર્વ પ્રસંગની તસવીર


ડૉ. કનુભાઈ પટેલ અને શ્રીમતી સવિતાબહેનનો પરિવાર



સર્વ વિદ્યાલય કેમ્પસ, ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને
મંડળના ચેરમેન શ્રી માણેકલાલ પટેલ આવકારી રહ્યા છે.



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનને સ્મૃતિચિહ્ન
અર્પણ કરી સન્માનિત કરતા ડૉ. કનુભાઈ પટેલ



શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ. મા. કન્યા
સ્કૂલ ગાંધીનગરના દશાબ્દી મહોત્સવનું દીપ પ્રાગટ્ય કરતા ડૉ. કનુભાઈ પટેલ,
પૂર્વ કેન્દ્રીયમંત્રી શ્રીમતી ઊર્મિલાબહેન પટેલ, શ્રી માણેકલાલ એમ. પટેલ વગેરે.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળને નવભારત સમય દ્વારા એનાયત કરવામાં
આવતો 'Special Focus Award' ગુજરાત રાજ્યના મંત્રી શ્રી સૌરભ
પટેલ, મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલને એનાયત કરી રહ્યા છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં નવાં બંધાયેલાં વિદ્યાભવનોનાં ઉદ્ઘાટન તથા 'માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કોલરશિપ' વિતરણ સમારોહનું આયોજન ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના મુખ્ય મહેમાનપદે તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૬ના દિને કરવામાં આવેલ તે પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો, સર્વશ્રી ક. પા. કે. ઉ. મંડળના પ્રમુખશ્રી મોહનલાલ પટેલ, સ. કે. મં. કડીના પ્રમુખ શ્રી ડૉ. રામભાઈ પટેલ, ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ વગેરે દ્રશ્યમાન થાય છે. **નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ** ઉદ્બોધન કરી રહ્યા છે.




સર્વ વિદ્યાલય પરિસર, સેકટર-૨૩, ગાંધીનગરમાં તા. ૨૨ જૂન, ૨૦૧૮ના રોજ આયોજિત 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ' સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો : ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ અને ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ, વિશ્વવિદ્યાલયનાં ડાયરેકટર ડૉ.ગાર્ગી રાજપરા, જિલ્લા કલેકટરશ્રી એસ. કે. લાંગા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા વગેરે દ્રશ્યમાન થાય છે.



મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ ડી. પટેલના અધ્યક્ષ પદે આયોજિત 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ'
પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો. (૧૨ જાન્યુ. ૨૦૧૮)



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગર સંચાલિત વિવિધ શાળાઓના શિક્ષકો પૈકી શ્રેષ્ઠતા હાંસલ કરનાર શિક્ષકોને 'શિક્ષક સજ્જતા કસોટી એવોર્ડ' એનાયત કરવાના પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો : આગળની હરોળ, જમણી બાજુથી : શ્રી મહેશભાઈ પટેલ, શ્રી ડી. ટી. કાપડિયા, ડૉ. કનુભાઈ પટેલ, ગુજરાત રાજ્યનાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી આનંદીબહેન પટેલ અને શ્રી મનુભાઈ પટેલ.






સમારોહનાં મુખ્ય અતિથિ શ્રી આનંદીબહેન પટેલનું સ્વાગત મંડળની
ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ કરી રહ્યા છે.




'શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ' એનાયત સમારોહ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલના અધ્યક્ષપદે તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ આયોજિત કરવામાં આવતાં મંચસ્થ દાતાશ્રીઓ,મંડળના પદાધિકારીશ્રીઓ વગેરે દ્રશ્યમાન થાય છે. આ સમારોહમાં દાતાશ્રીઓના વરદહસ્તે **રૂ. ૧,૪૧,૦૦,૯૮૩/-**ના ચેક ૧૨૯૪ વિદ્યાર્થીઓને મેરિટ અને મિન્સ સ્કૉલરશિપ પેટે એનાયત કરવામાં આવ્યા હતા.

## સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી-ગાંધીનગરમાં વિવિધ કૉલેજો/ભવનોનાં ખાતમુહૂર્ત/ ઉદ્દ્ઘાટનો.






























સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં વિદુષ સોમાણી એન્જિનિયરિંગ કૉલેજની સ્થાપના હેતુ સેરા ગ્રૂપના મોવડીઓ, મંડળના પ્રમુખ શ્રી ડૉ. રામભાઈ પટેલ, ડૉ. કનુભાઈ પટેલ અને ચૅરમેન શ્રી વલ્લભભાઈ પટેલને દાન પેટે ચેક આપી રહ્યા છે તે પ્રસંગની તસવીર.



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૨મી જન્મજયંતી પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ શ્રદ્ધાસુમન અર્પણ કરી રહ્યા છે. બાજુમાં ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ અને મંત્રીશ્રીઓ દ્રશ્યમાન થાય છે.





પૂર્વ નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ડૉ. કનુભાઈ પટેલની શુભેચ્છા મુલાકાતે



ડૉ. કનુભાઈની શુભેચ્છા મુલાકાતે શ્રી અનિલભાઈ બકેરી

## સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી અને ગાંધીનગરમાં આયોજિત શૈક્ષણિક પ્રવૃત્તિઓનાં દશ્યો.




















પૂ. છગનભાની પ્રતિમાના સાંનિધ્યમાં શ્રી નીતિનભાઈ પટેલ, પૂ. ભાના પૌત્ર
શ્રી કનુભાઈ, પૂ. શ્રી મોહનલાલ પટેલ સાહેબ, ડૉ. કનુભાઈ પટેલ વગેરે દ્રશ્યમાન થાય છે.







ડૉ. કનુભાઈ પટેલના પિતાશ્રીની સ્મૃતિમાં પ્રકાશિત ગ્રંથ, ‘સર્વ વિદ્યાલયના ગૌરવપુરુષ અને સમરસતાના પુરસ્કર્તા સ્વ. વકીલ ધનાભાઈ પટેલ સ્મૃતિગ્રંથ’ (૨૦૨૩)નો લોકાર્પણ સમારોહ તેમના નિવાસસ્થાને આયોજિત કરવામાં આવેલ તેનાં દશ્યો.



સર્વ વિદ્યાલયના સેવાનિવૃત્ત પૂર્વ આચાર્ય મોહનલાલ પટેલને પ્રશસ્તિ-પત્ર અર્પણ કરી રહેલા લબ્ધપ્રતિષ્ઠ સારસ્વત ડૉ. રઘુવીર ચૌધરી, મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ અને બાજુમાં ડૉ. કનુભાઈ પટેલ દશ્યમાન થાય છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનના ઉદ્‌ઘાટન સમારોહનું દશ્ય.

## ડૉ. કનુભાઈ પટેલ : અંતિમયાત્રાનાં દૃશ્યો (તા. ૨૩-૭-૨૦૨૩)





















માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૩, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ ૨૦૨૩; સળંગ અંક : ૭૬

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## સંપાદકીય

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ક્રિયાશીલ - Vibrant અને માનવીય સંવેદનશીલ પ્રમુખ ડૉ. કનુભાઈ ડી. પટેલ સાહેબ (1947)નું સ્વાદુપિંડ (Pancreas)ના કેન્સરના કારણે અમદાવાદમાં તેમના નિવાસસ્થાને તા. 22 જુલાઈ, 2023 ને શનિવારે રાત્રે 8.14 કલાકે અવસાન થયું. સદ્‌ગતનો અગ્નિસંસ્કાર વાડજમાં સાબરમતી નદીના તટે સ્થિત સ્મશાનગૃહમાં તેમનાં કુટુંબીજનો, સ્નેહીજનો, સર્વ વિદ્યાલય પરિવાર વગેરેની ઉપસ્થિતિમાં તા. 23 જુલાઈ, 2023ના રોજ અપરાહ્ન 11.30 કલાક આસપાસ કરવામાં આવ્યો હતો. પૂ. વકીલ ધનાભાઈ પટેલસાહેબના પગલે પગલે તેમના સુપુત્ર ડૉ. કનુભાઈ પટેલે પોતાના આયખાના અંત સુધી પૂર્ણતઃ સમર્પિતતા અને પ્રતિબદ્ધત્તા સાથે સર્વ વિદ્યાલયને સેવાઓ આપી હતી. સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી, તેમજ મંડળના પ્રમુખશ્રી, પ્રખર બૌદ્ધિક અને વિચારપુરુષ ડૉ. કનુભાઈ પટેલ સાહેબની સેવાઓની સુવર્ણાક્ષરે નોંધ લઈને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર ભગ્નહૈયે નિવાપાંજલિ અર્પણ કરતાં ઈશ્વરને પ્રાર્થના કરે છે કે સદ્‌ગતના આત્માને ચિર શાંતિ આપે. આ સાથે જ અમે કોઈ ભક્ત કવિના શબ્દોમાં પ્રાર્થીએ છીએ કે :

***"હે નાથ ! જોડી હાથ પાયે પ્રેમથી સૌ માંગીએ***<br>
***શરણ મળે સાચું તમારું એ હૃદયથી વાંછીએ***<br>
***જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો***<br>
***પરમાત્મા એ આત્માને સાચી શાંતિ આપજો."***

•

ડૉ. કનુભાઈ પટેલ સાહેબ વ્યવસાયે ડૉક્ટર હોવાના કારણે પોતાના વ્યવસાયિકક્ષેત્રનાં અદ્યતન સંશોધનોથી સતત વાકેફ રહેતા હતા. આ સાથે જ સામાજિક ઉત્તરદાયિત્વની ભાવનાથી પ્રેરાઈને પોતાની માતૃસંસ્થા - સર્વ વિદ્યાલય કે જે તેને બાલમંદિરથી યુનિવર્સિટીસ્તર સુધીનું શિક્ષણ પૂરું પાડે છે તેના સંચાલનમાં જોડાવાની સાથે જ શિક્ષણના વૈશ્વિક પ્રવાહોથી સુપરિચિત રહેતા હતા. જેની પ્રતીતિ વૈશ્વિક જરૂરિયાત અનુસારના વિષયક્ષેત્રોના અભ્યાસ માટેની સંસ્થાઓ શરૂ કરવામાં દિશા-નિર્દેશ અને તેને ક્રિયાન્વિત કરવામાં તેમજ પ્રસંગોપાત્તનાં તેમનાં વિદગ્ધ છતાં રસિક ઉદ્‌બોધનો થકી સહજમાં થાય છે. સર્વ વિદ્યાલયના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ અવનવાં સંશોધનો

કરવા પ્રેરાય તે માટે પ્રોત્સાહક યોજનાઓ અમલીકૃત કરાવતા રહ્યા હતા. તેમનો મૂળભૂત ઉદેશ સંશોધનો થકી મોટું રેવન્યુ રળવાનો અને પ્રાપ્ત રેવન્યુનો ઉપયોગ વિદ્યાર્થીઓ માટે અદ્યતન માળખાગત સુવિધાઓ ઊભી કરવાનો તેમજ 'સર્વ વિદ્યાલય'માં અભ્યાસ કરતા કોઈ વિદ્યાર્થી પાસેથી ફી લીધા સિવાય તેમને ભણાવવાની ખ્વાહિશ ધરાવતા હતા. સંસ્થાની આર્થિક જરૂરિયાતો અને જરૂરતમંદ વિદ્યાર્થીઓ તેમની નજરમાં સતત રહેતા. આ હેતુ તેમણે અને તેમના પરિવારે સંસ્થાને વખતોવખત દાન પણ આપ્યું છે. જરૂરતમંદ વિદ્યાર્થીઓને મફતમાં ભણાવી શકાય તે માટે પોતાની જિંદગીના આખરી દિવસોમાં આ હેતુ એક ખાસ યોજના તૈયાર કરીને દાન પણ આપ્યું છે. આ ઉપરાંત સમાજમાંથી મોટી રકમોનાં દાન મેળવી આપતા રહ્યા હતા.

ડૉ. કનુભાઈ સાહેબ એક રમતવીર સમાન સ્ફૂર્તિલી અને સોહામણી દેહયષ્ટિ ધરાવતા હતા. તેઓશ્રી સાચા અર્થમાં પેલા સુપ્રસિદ્ધ સંસ્કૃત સુભાષિત :

*वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः ।*
*करणं परोपकरणं येषां केषां न ते वन्धाः ॥*

(જેમનું મુખ પ્રસન્નતાનું ઘર છે, હૃદય દયાથી ભરેલું છે, વાણી અમૃતરસ વરસાવનારી છે અને કાર્ય પરોપકાર કરનારાં છે, તેવા સજ્જન પુરુષ કોને માટે વંદનીય નથી ?)

આવા સર્વ ગુણોથી સંપન્ન આપણા શ્રદ્ધામૂર્તિ ડૉ. કનુભાઈ સાહેબ પ્રસ્તુત સુભાષિતનું સાકાર સ્વરૂપ હતા. આમ છતાં કહેવાયું છે કે **'कालो दुरितक्रमः** અર્થાત્ કાળનું કોઈ અતિક્રમણ – ઉલ્લંઘન કરી શકતું નથી. તેઓશ્રી કેટલાંક વર્ષો પૂર્વે હાર્ટ-પેશન્ટ બન્યા અને છેલ્લાં બે-ત્રણ વર્ષમાં સ્વાદુપિંડ - Pancreasના કૅન્સરનો શિકાર બનતાં આપણી વચ્ચેથી તેમણે અણધારી વિદાય લીધી. આપણા આર્ષગ્રન્થ **'श्रीमद्भगवद्गीता'**માં ભગવાન શ્રીકૃષ્ણએ આ દેહની ક્ષણભંગુરતા અને આત્માની અમરતા વિશે ઘણું સમજાવ્યું છે.

*जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।*
*तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥* २. २७ ॥

(જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે અને મરેલાનો જન્મ નિશ્ચિત છે, તેથી પણ આ ઉપાય વિનાના વિષયમાં શોક કરવો તારા માટે યોગ્ય નથી.)

અર્થાત્ જન્મેલાનું મૃત્યુ નિશ્ચિતિ છે. આ વાસ્તવિકતાને ધ્યાને લઈ માનવમાત્રએ પોતાના જીવનને સાર્થક બનાવવા સતત ચિંતનશીલ – પ્રયત્નશીલ બની રહેવું જોઈએ. કારણ કે મૃત્યુ કયારે આવશે અને કયા સ્વરૂપે આવશે તે આપણે જાણતા નથી. મહાભારતકારે શાન્તિપર્વમાં મૃત્યુની મીમાસાં કરતાં કહ્યું છે કે –

*अधैव कुरु यच्छ्रेयो मा त्वां कालोऽत्यगादयम् ।*
*अकृतेष्वेव कार्येषु मृत्युर्वै सम्प्रकर्षति ॥* (शान्ति १७५/१४)

*तस्मात् सत्यव्रताचारः सत्यव्रतपरायणः ।*
*सत्यकामः समो दान्तः सत्येनैवान्तकं जयेत् ॥* (शान्ति २७७/२९)

(કલ્યાણનાં કાર્યો આજે જ કરી લેવાં જોઈએ. સમયને હાથમાંથી નીકળી જવા ન દેવો જોઈએ. કારણ કે કાર્યો અધૂરાં રહી જશે અને મૃત્યુ આવી જશે, તેથી જ માણસે સત્યવ્રતનું આચરણ કરવું જોઈએ, સત્યનું પાલન કરવું જોઈએ અને સત્યની કામના કરવી જોઈએ. માણસે બધા પ્રત્યે સમાનભાવ રાખવો જોઈએ, જિતેન્દ્રિય બનવું જોઈએ, અને સત્ય થકી મૃત્યુ ઉપર વિજય મેળવવો જોઈએ.)

આપણા આર્ષગ્રંથો ઉપરાંત લલિત સાહિત્યમાં પણ મૃત્યુનું વાસ્તવિક દર્શન કરાવવામાં આવ્યું છે. મૃત્યુના કાલ્પનિક ભયથી ન ડરતાં તેને કઈ રીતે વધાવવું અને જિંદગી કઈ રીતે જીવવી જોઈએ તેની શીખ આપવામાં આવી છે. જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત હોવા છતાંય માનવ સ્વધર્મ ભૂલીને લોભ, લાલચ, મોહ ઇત્યાદિને વશ થઈને

અમાનવીય પ્રવૃત્તિમાં રાચતો રહે છે. જેમ આર્થિક ઉપાર્જનનો ચોપડો નિયમિત તપાસતો રહે છે, તેમ પોતાનાં સત્કર્મ કે કુકર્મના ચોપડાનું સરવૈયું કાઢવા વિચાર પણ કરતો નથી. માનવ જીવનની આ એક વિડમ્બના જ ગણવી રહી. મહાકવિ ભર્તૃહરિએ **'नीतिशतक'** (32)માં જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત ગણાવીને કોનો જન્મ સાર્થક ગણાય તે વિશે કહ્યું છે કે :

*परिवर्तिनी संसारे मृतः को वा न जायते ।*
*स जातो न जातेन याति वंशः समुन्नतम् ॥*

(આ પરિવર્તનશીલ સંસારમાં કોણ મરતું નથી ? જેના જન્મથી કૂળની ઉન્નતિ થાય તે જ માણસ જન્મ્યો છે).

પ્રત્યેક માનવનો જીવનમંત્ર 'હું માનવી માનવ થાઉં તો ઘણું' એ રહેવો જોઈએ. આવી ભાવના પેદા કરવા અને તેને ટકાવી રાખવા માટે સદ્ગ્રંથોનું વાંચન જરૂરી બની રહે છે. ગ્રંથસંસ્કૃતિ જીવાતા જીવનનું તાર્દશ ચિત્રણ પ્રસ્તુત કરી આપે છે, જે હૃદ્ય થઈ પડે છે. માનવ સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધનમાં ગ્રંથાલયોની ભૂમિકા અણમોલ રહી છે. આ એક સનાતન સત્ય હોવા છતાં આજે ગ્રંથાલયો ઉપેક્ષિત બની રહ્યાં છે.

અંગ્રેજી સાહિત્યના વિદ્વાન પ્રોફેસર ફિરોજ દાવર સાહેબે **'મોત ઉપર મનન'** (3જી આવૃત્તિ, 1999) શીર્ષક હેઠળ એક ઉત્તમ ગ્રંથનું સર્જન કર્યું છે. જેનું પ્રકાશન ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે. મૃત્યુના મહિમાને જાણવા – આત્મસાત્ કરવા પ્રસ્તુત પુસ્તક વાંચવું રહ્યું.

•

માનવજીવનમાં મૃત્યુની વાસ્તવિકતાને આત્મસાત કરીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના શ્રદ્ધેય અને સ્મરણીય પ્રમુખ સદ્ગત પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ સાહેબે પસાર કરેલ સાર્થક જીવન આપણા માટે બહુવિધ રીતે રોલમૉડેલ બની રહે છે, જેમ કે, પોતાના કુટુંબને પોતાની ઉપસ્થિતિ અનિવાર્ય લેખીને એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવ્યા બાદ ઉચ્ચ ડિગ્રી હાંસલ કરવાનો મોહ છોડીને ડૉક્ટરી પ્રેક્ટિસનો પ્રારંભ કરવો, પોતાનાં નાનાં ભાઈ-બહેનોને માતાની ખોટ આણવા ન દેવી, ડૉક્ટરી વ્યવસાયના નીતિશાત્રનું એક સંવેદનશીલ અને સહૃદયી ડૉક્ટર બનીને પાલન કરવું. પોતાના સહઅભ્યાસી વ્યવસાયી મિત્રો સાથે સ્નેહસૂત્ર જિંદગીભર નિભાવવું, માતૃસંસ્થા સર્વ વિદ્યાલયને પૂર્ણતઃ સમર્પિત બની રહી તેના બહુઆયામી અને બહુશ્રુત વિકાસ માટે કૃતસંકલ્પ બની રહ્યા, સંસ્થાના દાતાશ્રીઓ સાથે સાતત્યતાપૂર્ણ સ્નેહસંબંધો જાળવી રાખવા, પ્રાપ્ત corporate wisdom માતૃસંસ્થાના વિકાસ માટે પ્રયોજવું, આવશ્યકતાનસાર દાન આપતા રહેવું અને પોતાના સંબંધો ખપમાં લાવીને સમાજમાંથી મોટાં દાન મેળવી આપતા રહેવું, સંસ્થાના ધ્યેયમંત્રો 'કર ભલા હોગા ભલા' અને 'શિક્ષણ એ જ સાચી સેવા'ને ચરિતાર્થ કરવામાં સ્વધર્મ તરીકે અપનાવવો વગેરે ગુણરાશિ ઉપરાંત આ બધાંને વળોટી જાય તેવું વ્યક્તિત્વ **'માનવતાના ભેખધારી'** ઉપાસક જિંદગીપર્યંત બની રહ્યા હતા.

સર્વ વિદ્યાલય આવાં અનપેક્ષ અને શુચિર્દક્ષ કર્મયોગીઓથી સદાકાળ સંપન્ન રહે તેવી ઈશ્વરને સર્વ વિદ્યાલય પરિવારની કોટિ કોટિ વંદના.

## મૃત્યુનો મહિમા ગાતાં કેટલાંક સ્મરણીય પદ્યો :

*મૃતકો પર ભલે કીર્તિ કળશ ઢોળજો*
*પણ જીવતાં પર પ્રેમનો ચિરંતન અભિષેક હજો*

**- રવીન્દ્રનાથ ટાગોર**

•

*માણસો તો આવે અને માણસો જાય*
*પણ સુગંધ રહેશે એક ફૂલની સદાય*

**- મકરંદ દવે**

●

*અહીંથી ઊઠું ને મોત સામે મળે, એનો સ્હેજ ગમ નથી.*
*જીવન કિતાબના હિસાબ ચોખ્ખા, પછી મરવામાં જોખમ નથી.*

●

*મળે છે દેહ માટીમાં, પરંતુ માનવીનું નામ જીવે છે*
*મૃત્યુ પામે છે માણસ, પરંતુ સત્કર્મો જીવે છે*

**- સૈફ પાલનપુરી**

●

*જિંદગીનો એ જ સાચો પડઘો છે 'ગની'*
*હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયાય કરે.*

**- ગની દહીંવાલા**

●

આપણી પરંપરા મુજબ 'સર્વ વિદ્યાલય વૃત્ત' નો પ્રસ્તુત અંક **'સર્વ વિદ્યાલયના મેરુસ્તંભ ડૉ. કનુભાઈ ડી. પટેલ સ્મૃતિઅંક'** તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ અંકમાં ડૉ. કનુભાઈનાં કુટુંબીજનો, સ્નેહીજનો, ડૉક્ટર પરિવાર, સર્વ વિદ્યાલય પરિવાર વગેરે તરફથી પ્રાપ્ત સંસ્મરણાત્મક લેખો – ભાવસંવેદનો ગ્રંથસ્થ કરવા ઉપરાંત તેમના જીવનકાર્ય સંબંધી કેટલાક ફોટોગ્રાફસ અહીં પ્રસ્તુત કરીને તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# અનુક્રમ


ડૉ. કનુભાઈ પટેલ : તસ્વીરોના આયનામાં

સંપાદકીય ........ 1

શ્રદ્ધાંજલિ ........ 6

શ્રદ્ધાંજલિસભા ........ 7

સર્વ વિદ્યાલય પરિવારનાં શ્રદ્ધા-સુમન ........ 8

મનુભાઈ જે. પટેલ   વિષ્ણુભાઈ પી. પટેલ   વલ્લભભાઈ એમ. પટેલ   મણિભાઈ ઈ. પટેલ 'મમ્મી'   વિઠ્ઠલભાઈ અં. પટેલ   ડૉ. મણિભાઈ એસ. પટેલ   ડૉ. જ્યંતીભાઈ એમ. પટેલ   ડૉ. રમણભાઈ પટેલ   કિરીટભાઈ પટેલ   હસમુખભાઈ જી. પટેલ   પ્રિ. ડાહ્યાભાઈ પટેલ   મણિભાઈ પ્રજાપતિ

કુટુંબીજનો અને સગાં-સંબંધીઓનાં શ્રદ્ધા-સુમન ........ 34

સવિતા કે. પટેલ   દીપિકા   Anil Patel   Prakruti   Gaurang   Nisarg   પારૂલ   સંજયકુમાર પટેલ   Dhruveesha Patel   Dhruvan Patel   મૌલિક કનુભાઈ પટેલ   પ્રભાબહેન   Hetal   Bharvi   વિજયકુમાર (વિનુભાઈ) ડી. પટેલ   તારાબહેન પટેલ   રસિકલાલ જોઈતારામ પટેલ   દેવલ, નિપુલ અને ભાવિન   ઘનશ્યામ ધનાભાઈ પટેલ   શ્રીમતી હિના ઘનશ્યામ પટેલ   Gaurav   Komal   Tapan   વીરેન્દ્ર શિવાભાઈ પટેલ   કમળાબહેન વિઠ્ઠલદાસ પટેલ   જ્યંતીભાઈ માધવલાલ પટેલ (એટલાન્ટા)   Neil Patel (Atlanta)   નવિન એમ. પટેલ   ચેતન પટેલ   અમિત પટેલ   ડૉ. રમેશભાઈ મણિલાલ પટેલ   જ્યંતીભાઈ પી. પટેલ (USA)   મંજુલાબહેન રમણલાલ પટેલ   સુરેશ, ઇંદિરા

ડૉક્ટર પરિવારનાં શ્રદ્ધા-સુમન ........ 54

ડૉ. મોહનભાઈ એસ. પટેલ   ડૉ. પ્રવીણભાઈ પટેલ   Dr Vinod H Shah   Dr. Jayanat Tatu   Dr Mafatbhai H. Patel USA.   ડૉ. વર્ષા પી. શાહ   ડૉ. માલતીબહેન મહેતા   Dr. K. H. Patel (U.S.A.)

સ્નેહીજનોનાં શ્રદ્ધા-સુમન ........ 58

આર. પી. પટેલ   મણિલાલ એમ. પટેલ   મનુભાઈ એ. પટેલ   ગૌતમ જી. પટેલ અને ઇલા ગૌતમ પટેલ   કૌશિક અને પારુ   Mehru Ghamat & Binaifer Dastur

# શ્રદ્ધાંજલિ

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર,

Ref. KSV/2023 તા. 25-07-2023

**વલ્લભભાઈ એમ. પટેલ**
પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર,
ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર
ચેરમેન, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી

પ્રતિ,
પૂજ્ય ગં. સ્વ. સવિતાબહેન કનુભાઈ પટેલ
ચિ. બહેન દીપિકા અને પારુલ
ભાઈ મૌલિક પટેલ,
મુ. શ્રી વિજયભાઈ અને ઘનશ્યામભાઈ પટેલ
અને શોકસંતપ્ત પરિવારજનો

આપશ્રીના પતિ/પિતા/ભાઈશ્રી **ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ** સાહેબનું શનિવાર, તા. 22 જુલાઈ, 2023ના રોજ અવસાન થતાં સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર – કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય – ઊંડા આઘાતની લાગણી અનુભવે છે. તેઓશ્રી સંસ્થાની સાથે જ સાચા અર્થમાં મારો પ્રાણાધાર હતા. મારું પીઠબળ હતા. હૃદયસ્થભાવે સ્વીકારું છું કે તેઓશ્રી મારા ગુરુ-ચાણક્ય હતા. સંસ્થાની સાથે જ મારા ઘડતર અને ચણતરમાં તેમનું અણમોલ – શબ્દોમાં વાચા આપી ન શકાય તેવું – પ્રદાન રહ્યું છે.

ડૉ. કનુભાઈ સાહેબે પોતાના સદ્ગત પિતાશ્રી વકીલ ધનાભાઈ પટેલ સાહેબના પગલે પગલે આ સંસ્થાને પોતાની જાત સમર્પિત કરી દીધી હતી. એક તજ્જ્ઞ, સંવેદનશીલ અને દરદીવત્સલ ડૉક્ટર તરીકે અમદાવાદમાં પોતાના વિસ્તારમાં ભારે લોકચાહના પામેલા હોઈ દરદીઓનો ભારે ધસારો રહેતો. આ સ્થિતિમાં પોતાનાં કૌટુંબિક, સામાજિક કે સેવાકાર્યો માટે ઇચ્છા હોવા છતાં સમય ન ફાળવી શકાય તેવી સ્થિતિ હોવા છતાં સમાજ અને સર્વ વિદ્યાલય માટે ખાસ સમય ફાળવતા રહ્યા હતા. છેલ્લે છેલ્લે તો તેમણે ક્રમશઃ ડૉક્ટરી પ્રેક્ટિસ ઘટાડીને સર્વ વિદ્યાલય માટે કાર્યરત રહેવાનું રાખ્યું હતું.

ડૉ. કનુભાઈ પટેલ સાહેબના કર્મયોગી, સેવાપરાયણ, સમાજાભિમુખ અને યશોજ્જ્વલ વ્યક્તિત્વના કારણે સમાજજીવનમાં તેમનાં વચનો સ્વીકૃત પામતાં, જેના પરિણામે તેઓશ્રીએ સંસ્થા માટે જેમની પાસે દાનની ટહેલ નાખી તેમણે સૌએ ખોબલે ખોબલે સંસ્થાને દાન આપ્યું છે, તેનો હું સાક્ષી રહ્યો છું. છેલ્લે

અમારી અમેરિકા દાનયાત્રા પ્રસંગે તેમની સાથે સતત રહેવાનું થતાં તેમના પ્રતિ જે આદર-માન-સન્માન જોયું તે અનુભવતાં હું ખરે જ આભો બની ગયો. ડૉ. કનુભાઈ સાહેબના સમરસતાપૂર્ણ વ્યક્તિત્વથી ખરે જ ભીંજાયો છું.

સર્વ વિદ્યાલયના વિવિધ સમારોહોમાં તેમનું વિદગ્ધ વક્તૃત્વ માણ્યું છે. દાતાશ્રીઓએ આપેલ દાનની સરવાણી વહાવતા રહેવાની સાથે દાતાશ્રીના જીવન અને સેવાપરાયણ વ્યક્તિત્વની ઝલક પ્રસ્તુત કરવાની તેમની લાક્ષણિકતા સદૈવ સ્મરણીય બની રહેશે.

સંસ્થા માટે દાન મેળવી આપવા ઉપરાંત તેના સુચારુ અને સુયોગ્ય આયોજનમાં, નવી નવી વિદ્યાશાખાઓ પ્રસ્થાપિત કરવામાં અને તે પણ ઉચ્ચ ગુણવત્તાના નિર્વાહ સાથે. તેઓશ્રી સંશોધનના આગ્રહી બની રહ્યા હતા. અધ્યાપકોને પોતાની શોધો માટે પેટન્ટ રજિસ્ટર્ડ કરાવવા માટે ખાસ પ્રોત્સાહિત કરતા. તેમની અભિલાષા હતી કે આપણે સંશોધનો થકી એટલું રેવન્યુ મેળવીએ કે આપણા ત્યાં અભ્યાસ કરતા કોઈ વિદ્યાર્થી પાસેથી ફી લેવી જ ન પડે. છેલ્લે છેલ્લે તો તેમણે ગરીબ વિદ્યાર્થીઓને મફત ભણાવવાની યોજના તૈયાર કરી અને આ માટે તેમણે અને તેમની ચિ. દીકરી દીપિકાબહેને સંયુક્ત રીતે **'ડૉ. કનૈયાલાલ ધનાભાઈ પટેલ અને પ્રકૃતિ દીપિકા અનિલભાઈ હાંસલિયા મફત શિક્ષણ સહાય યોજના'** માટે મોટું દાન પણ આપ્યું.

આવા આપણી સંસ્થાના, સમાજના અને આપશ્રીના પરિવારના નિષ્કામ કર્મયોગી તથા અનપેક્ષ અને શુચિર્દક્ષ ગૌરવપુરુષ ડૉ. કનુભાઈ પટેલ સાહેબ આપણી વચ્ચે તેમનાં ઉમદા સેવાપરાયણ કાર્યો થકી સદાકાળ જીવંત બની રહેશે, તેવી શ્રદ્ધા સેવું છું.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના

આપનો,

**વલ્લભભાઈ એમ. પટેલ**

●

## શ્રદ્ધાંજલિસભા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ (1947)નું સ્વાદુપિંડના કેન્સરના કારણે અમદાવાદમાં તેમના નિવાસસ્થાને તા. 22 જુલાઈ, 2023ના રોજ અવસાન થયું હતું. સદ્ગતને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા હેતુ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના નવનિયુક્ત પ્રમુખ શ્રી મનુભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં તા. 13 ઑગસ્ટ, 2023ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળના મંત્રીશ્રીઓ ડૉ. રમણભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ અને શ્રી કિરીટભાઈ પટેલ, સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ શ્રી ડાહ્યાભાઈ પટેલ, શ્રી વિજયભાઈ પટેલ, ડૉ. મોહનભાઈ પટેલ, ડૉ. કીર્તિભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ પટેલ, ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ અને આચાર્યશ્રી મનુભાઈ પટેલે તેમની સાથેના કાર્યાનુભવો વર્ણવીને શોકસંતપ્ત હૈયે ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ ઉપરાંત ડૉ. કનુભાઈ પટેલ સાહેબનાં પુત્રી શ્રીમતી પારુલ પટેલ અને ડૉ. નટુભાઈ પટેલનાં સંસ્મરણોનું વાંચન ઉદ્ઘોષકશ્રીએ કર્યું હતું. ઋણસ્વીકાર શ્રી ઘનશ્યામભાઈ પટેલે દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી શૈલેષભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સર્વ વિદ્યાલય પરિવારનાં શ્રદ્ધા-સુમન

## ફૂલ તો એની ફોરમ ઢોળી રાજી

મનુભાઈ જે. પટેલ

"જે ખરો કાર્યકર્તા છે, તે એકધારો સતત કામ કરતો રહેશે. સતત એટલે કઈ રીતે ? જેમ ગંગા સતત વહેતી રહે છે. સૂરજ રોજ ઊગતો રહે છે તેમ કાર્યકર્તા પણ સતત કામ કરતો રહેશે. કાર્યકર્તામાં દ્યુતિ અને ઉત્સાહ બેઉ જોઈએ. ઉત્સાહ એવો હોય કે મારું કાર્ય હું ઓછામાં ઓછા સમયમાં જલદીમાં જલદી પૂરું કરી નાખીશ, પણ તેની સાથોસાથ એવી પણ તૈયારી હોય કે જિંદગીના અંત સુધી મારે મારા મિશન માટે કામ કરવું પડશે, તોયે હું તૈયાર છું. આ રીતે દ્યુતિ પણ જોઈએ. કાર્યકરે નિરંતર કાર્યરત રહેવાનું છે, પણ સાથોસાથ ક્ષણભર માટે પણ તેણે ચિંતાયુક્ત રહેવાનું નથી. કામનો ભાર કે ચિંતા લગીરે રાખવાનાં નથી. આપણું કાર્ય ઈશ્વરને સમર્પિત કરી દઈએ અને નચિંત થઈ જઈએ. આપણી બાદશાહી કદીએ ન ખોઈએ."

આચાર્ય વિનોબા ભાવેનાં ઉપરોક્ત વિધાનો ડૉ.. કનુભાઈને યથાર્થ લાગુ પડે છે. તેમણે પોતાનો સમગ્ર જીવનકાળ સર્વ વિદ્યાલય કેળવણી મંડળને સમર્પિત કરીને જીવનને સાર્થક જ નહિ, પણ ઉજ્જવળ બનાવેલ છે. જેથી તેઓ સૌના સ્નેહ અને આદરના અધિકારી બની શક્યા છે. તેમના સહૃદયતાભર્યા વ્યવહારથી સૌના પોતીકા બની ગયા છે. તેમનામાં અવિચળ શ્રદ્ધા, માનવતાપૂર્ણ કાર્ય શૈલીથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મોભી અને આપણા સાચા રાહબર આદરણીય વડીલ બની શક્યા છે.

**અનંતના મંગલ ઉર્ધ્વયાત્રી હે !**<br>
**સત્પંથમાં પ્રરાર્થે શ્રેયનાં**<br>
**કર્તવ્ય બજાવ્યું તે ધર્મભાવથી**<br>
**તજી ફ્લાસક્તિને સાત્ત્વિક ભાવ !**

સંસ્થાના વિદ્યાર્થી, કાર્યકર, વ્યવસાયે ડૉક્ટર, સ. વિ. કે. મંડળનાં વર્ષો સુધી મંત્રી, ગાંધીનગર શાખાના પ્રમુખ અને સમગ્ર સર્વ વિદ્યાલય-કેળવણી મંડળ કડી-ગાંધીનગરના પ્રમુખ તરીકે પ્રશસ્ય અને સ્મરણીય કામગીરી કરીને સૌને પ્રેરણારૂપ બન્યા છે. ડૉ. કનુભાઈ એટલે માનવતા અને કર્તવ્યના પૂજારી, છાત્ર હોય કે વિદ્યાર્થી, વાલી હોય કે કાર્યકર, અધ્યાપક હોય કે આચાર્ય સૌ સાથે નમ્રતા અને આત્મીયતા દર્શાવતા હંમેશાં દેખાયા છે. જેથી આજે સ. વિ. પરિવારમાં એક મોટા ગજાના ધ્રુવતારક અને પ્રેરણા આપનાર મહાનુભાવની ન પૂરાય તેવી ખોટ પડી છે. સર્વ વિદ્યાલયની સદાય ચિંતા હૈયે રાખીને તેનું ગૌરવ અને પ્રતિષ્ઠા વધારી છે.

પિતા વકીલ ધનાભાઈનો સંસ્કાર વારસો રૂડી રીતે નિભાવીને પ્રેમ સદ્‌ભાવ, સહિષ્ણુતા, પરોપકાર અને સેવા-તપ જેવા ગુણોનું સંવર્ધન કરેલ છે. જ્યારે માણેકલાલ સાહેબની વહીવટી કુશળતા, આયોજન અને વિસ્તરણના વિશાળ કાર્યોને આત્મસાત કરીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગૌરવગાથા વધારવામાં અગ્રેસર રહેવા પામ્યા છે. ડૉ. કનુભાઈના જીવનમાં સ. વિ. કે. મંડળના પૂર્વ અગ્રણીઓનાં ગુણ-દર્શન અને ઉમદા કાર્યશૈલીનું પ્રતિબિંબ જોવા મળેલ છે. જેથી ડૉ. કનુભાઇના કાર્ય દરમિયાન સર્વ વિશ્વ વિદ્યાલય-કડી, ગાંધીનગરની શાન અને આન દેશ-વિદેશમાં પણ પ્રસરવા પામેલ છે.

**પરોપકારી ડૉક્ટર :**

ડૉ. કનુભાઈ વ્યવસાયે કુશળ અને હમદર્દ ડૉક્ટર હતા. અમદાવાદમાં મીઠાખળીમાં આવેલા ક્લિનિક પર તેઓ દર્દીઓને તપાસતાં યોગ્ય નિદાન અને જરૂરી હોય

તેટલી દવા આપતા. દર્દીઓની સાથે આત્મીયભાવ કેળવીને, સદ્‌ભાવથી દર્દીઓને પોતાના બનાવી દેતા. મારા ભત્રીજા પ્રકાશભાઈ મીઠાખળીમાં રહેતા અને સ્ટેટ બૅંકની શાખામાં મૅનેજર હતા. તેમના પરિવારના ડૉક્ટર તરીકે આપેલી ઉમદા સેવાઓ તેઓ આજે પણ યાદ કરે છે. સામાન્ય રીતે શહેરમાં કોઈ ડૉક્ટર દર્દીને ત્યાં રાત્રે વિઝિટમાં જાય નહિ, પણ ડૉ. કનુભાઈ રાતના ગમે તે સમયે દર્દીના સગાં બોલવવા આવે તો તાબડતોબ જતા અને દર્દીની યોગ્ય અને સારી સેવા કરતા હતા. જેથી આ વિસ્તારમાં તેઓ લોકપ્રિય ડૉક્ટર તરીકે ખૂબ જ જાણીતા હતા. લોકમાનસમાં ડૉ. કનુભાઈ ઉમદા, આદર અને સ્નેહના અધિકારી બન્યા હતા.

**શિક્ષણ દ્વારા સમાજ સેવા :**

શિક્ષણ દ્વારા વ્યક્તિપરિવર્તન અને સમાજપરિવર્તનના તેઓ હિમાયતી હતા. જેથી વતન ગણેશપુરાની શાળા-કૉલેજમાં પણ યોગ્ય માર્ગદર્શન આપતા હતા. જ્યારે સર્વ વિદ્યાલય કડી-ગાંધીનગરની તમામ શાળા-મહાશાળાઓમાં ગુણવત્તા અને મૂલ્યયુક્ત શિક્ષણ આપવા હંમેશાં અમને સૌને માર્ગદર્શનરૂપ બનતા. જાહેર પરીક્ષાઓનાં પરિણામોની જાણકારી મેળવીને ઉત્તમ પરિણામો લાવવા પ્રોત્સાહિત કરતા હતા. પરિણામે આજે સ. વિ. કે મંડળનો પરિવાર સીમિત ન રહેતાં સમગ્ર દેશ અને વિદેશમાં પણ વિસ્તરિત થવા પામ્યો છે. કન્યા કેળવણીનો વિસ્તાર, સામાજિક દૂષણો દૂર કરવા અને સમગ્ર સમાજનો સત્ત્વશીલ વિકાસ થાય તે માટે સતત ચિંતનશીલ રહેતા હતા.

શિક્ષણ દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ થાય તે માટે જરૂરી પ્રવૃત્તિઓ માટે પણ પ્રેરક બનતા હતા. બાળકમાં બૌદ્ધિક, ક્રિયાત્મક, ભાવનાત્મક અને શારીરિક વિકાસ થાય તે માટે સતત ચિંતિત રહીને માર્ગદર્શન આપતા. પ્રત્યેક બાળકમાં જ્ઞાન, હૃદય અને ક્રિયાત્મક પ્રવૃત્તિઓ દ્વારા વિકાસ થતો દેખાય છે. આજે ઉત્તર ગુજરાતના સમાજજીવનમાં ભૌતિક સમૃદ્ધિ અને ભાવનાત્મક વિકાસ સારા પ્રમાણમાં થયેલો દેખાય છે.

**સાહિત્ય અને સંસ્કાર પ્રેરક :**

ડૉ. કનુભાઈનું વાચન, મનન અને ચિંતન પણ વિશેષ જોવા મળે છે. તેઓશ્રી જ્યારે પ્રવચન કરતા હોય ત્યારે સાહિત્યની અભિરુચિ, કાવ્યપંક્તિઓ, અવતરણો દ્વારા પ્રવચનને રોચક અને આસ્વાધ્ય બનાવી દેતા હતા. શિષ્ટ અને સંસ્કારી સાહિત્યિક વાચન શોખ હતો. પોતાની નાની લાઇબ્રેરી પણ ઘરમાં વસાવી હતી. જેથી તેમના લેખો અને લખાણો તથા એન.આઈ.આર.નાં જીવન ચરિત્રોની નોંધમાં કાવ્યપંક્તિઓનો ઉપયોગ હમેશાં કરતા 'ઉમિયાદર્શન', 'ધરતી' અને 'ઉમિયાજ્યોત' જેવાં સામયિકોમાં તેઓશ્રીનાં લખાણો નિયમિત પ્રસિદ્ધ થતાં હતાં. આ લખાણોને એકત્રિત કરીને ગ્રંથ સ્વરૂપ આપવામાં આવે તો સ. વિ. કે. મંડળને વિશેષ ઉપયોગ થઈ શકે તેવું છે. વકીલ ધનાભાઈ પટેલની સંસ્થાભક્તિ અને નિર્મળ સેવાઓના કારણે વકીલ ધનાભાઈનો સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં વકીલ ધનાભાઈની કર્તવ્ય નિષ્ઠા, સંસ્થાસેવા અને સંસ્થામાં આજીવન સમર્પિત થઈને આપેલ સેવાઓની સાભાર નોંધ લેવામાં આવેલ છે.

**સૌજન્યમૂર્તિ સેવાધર્મ :**

ડૉ. કનુભાઈ એટલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગરના ઍમ્બેસેડર જ ગણી શકાય. દેશ-પરદેશમાં વસતા વિદ્યાર્થીઓ અને સમાજના અગ્રણીઓનો હંમેશાં પરિચય રાખે. તેમની સાથે સંપર્ક રાખીને પ્રેમ અને આદર દર્શાવે. પરિણામે પરદેશમાં સ્થાયી થયેલા ઉદ્યોગપતિઓ અને અધિકારીશ્રીઓ સાથે સતત સંપર્ક રાખે છે. જેથી સંસ્થાના પદાધિકારીશ્રીઓ અનેક વાર પરદેશ જઈને માતબર રકમનાં ડૉનેશન મેળવી શક્યાં છે. વકીલ ધનાભાઈ, માણેકલાલ સાહેબ, ડૉ. કનુભાઈ, મોહનલાલ સાહેબ તથા આપણા યુવાન ચૅરમૅન શ્રી વલ્લભભાઈ સર્વ વિશ્વવિદ્યાલયની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સંસ્થાના વિકાસ માટે માતબર રકમનાં દાન મેળવી શકેલ છે. આજે પણ એન.આર.આઈ. દાતાઓ દેશમાં પધારે ત્યારે તેમને કોઈ પણ પ્રકારની અગવડ પડે નહિ તેવી વિશેષ કાળજી ને દેખરેખ આપણા ડૉ. કનુભાઈ અને સર્વ પદાધિકારીઓ રાખી રહેલ છે. જેથી સદ્‌ભાવ અને સંવાદ જળવાઈ રહે છે. સમાજના પરદેશમાં વસતા વડીલો પણ સ્વદેશમાં આવે ત્યારે તેઓશ્રીનું સન્માન અને સત્કાર કરવામાં ડૉ. કનુભાઈ

હંમેશાં પ્રથમ રહેતા દેખાયા છે. જેથી તેઓશ્રી તરફથી પણ દાન રાશી નિયમિત મળતી રહે છે. જેથી કડી-ગાંધીનગરમાં સંસ્થાઓનું વિસ્તરણ થતું જ રહેલ છે.

**શતાબ્દિ મહોત્સવના પ્રેરણામૂર્તિ**

સ. વિ. કે. મંડળની સ્થાપના 1919માં પૂજ્ય છગનભા દ્વારા થઈ હતી. જેની શતાબ્દીનો મહામહોત્સવ શાનદાર રીતે ઊજવવાની તૈયારી આપણા પ્રમુખ ડૉ. કનુભાઈ કરતા હતા. આ અંગે વિશાળ ધન રાશી પણ એકત્ર કરવામાં આવેલ છે. આ મહોત્સવનું આયોજન હવે વિચારીને તેનો અમલ કરવાનો હતો. ડૉ. કનુભાઈ આ મહોત્સવના ચિંતન અને અમલીકરણ માટે સતત ચિંતનશીલ રહેતા હતા. તેઓશ્રીના પ્રયત્નોથી જ આપણે દાતાશ્રીઓ પાસેથી દાન અને ભાવના બંને મેળવી શક્યાં છીએ. યથાયોગ્ય સમયે તેનો અમલ આપણા યુવાન અને કાર્યદક્ષ ચૅરમૅનશ્રી વલ્લભભાઈ દ્વારા કરીશું. ડૉ. કનુભાઈ સૌ દાતાશ્રીઓને પરિચિત અને જાણીતા હતા. જેથી પ્રસંગ વિશેષ ઉજમાળો બની શક્યો હોત, પણ ડૉ. કનુભાઈને આવેલ આકસ્મિક માંદગી અને તેઓશ્રી શ્રીહરિ સ્વરૂપમાં વિલીન થયા છે જે આપણા સૌના માટે દુઃખદ ગણી શકાય. શ્રીહરિ તેમના આત્માને શાશ્વત શાંતિ આપે તેવી આપણે પ્રાર્થના કરીએ.

**સત્ત્વશીલ વ્યક્તિત્ત્વ :**

ડૉ. કનુભાઈ એટલે સ્મિતભર્યો ચહેરો, આંખોમાં પ્રેમનું દર્શન, હૃદયમાં ભાવભરી લાગણી દેખાય. ડૉ. કનુભાઈની વહીવટી કુશળતા અને સૌને પોતાના કરવાની અસ્મિતા વિશેષ પ્રકારની હતી. જેથી ડૉ. કનુભાઈને સૌ કાર્યકરો પોતાના આત્મીય વડીલ જ ગણતા હતા.

માણેકલાલ સાહેબના આકસ્મિક દુઃખદ અવસાનથી ભારે આઘાત અનુભવેલો, પણ સાહેબની સઘળી જવાબદારી ડૉ. કનુભાઈએ કુનેહથી સંભાળી હતી. જ્યારે ડૉ. કનુભાઈના સદ્‌ગત થવાથી વર્તમાન પદાધિકારીઓ પર વિશેષ જવાબદારી આવી પડી છે. પ્રભુ સૌને શક્તિ આપે અને ડૉ. કનુભાઈના આત્માને શાશ્વત શાંતિ આપે તેવી પ્રાર્થના.

**'પુણ્યાત્માનાં ઊંડાણો આભ જેવાં અગાધ છે.'**

ચાણસ્મા, **મનુભાઈ જે. પટેલ**
તા. ૫ ઑગસ્ટ ૨૦૨૩ પૂર્વ આચાર્યશ્રી
સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી.

---

## શિક્ષણરથના સારથિ

**વિષ્ણુભાઈ પી. પટેલ**

સેવા અને સૌમ્યતાની મૂર્તિ સમાન તેમજ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના રાહબર મુરબ્બીશ્રી ડૉ. કનુભાઈ પટેલ સાહેબનો દેહવિલય એ આપણા સૌ વચ્ચેથી વિદાય અને ઈશ્વરીય તત્ત્વમાં વિલય છે. જે આપણા સૌ માટે આઘાતજનક છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને તેમના ચરણોમાં સ્થાન આપે અને સૌ સ્નેહીજનોને આ દુઃખદ સમય પસાર કરવાની શક્તિ આપે...

આજીવન શિક્ષણ માટે જ ચિંતન કરનારા ડૉ. કનુભાઈ પટેલ સાહેબે પૂ. છગનભાનું સુત્ર 'કર ભલા હોગા ભલા' તેમના કાર્યો થકી ચરિતાર્થ કર્યું છે. આપણે સૌ શિક્ષણ ક્ષેત્રે તેમને કરેલા કાર્યો અને વિચારોને આગળ ધપાવી શ્રદ્ધાંજલિ આપીશું.

ૐ શાંતિ...

પૂજ્ય છગનભાનું સૂત્ર 'કર ભલા તો હોગા ભલા' ને તેમના કાર્યો થકી ચરિતાર્થ કરનાર તેમજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને શૈક્ષણિક, સામાજિક અને વ્યવસાયિક ક્ષેત્રમાં નૈતિક મૂલ્યોને જાળવી રાખવા રાહબર બનનાર ડૉક્ટર કનુભાઈ પટેલ સાહેબના વિચારો અને કાર્યો આપણા સૌ માટે પ્રેરણાસ્રોત બની રહ્યા છે. કોઈ પણ સમાજનો વિકાસ શિક્ષણ થકી શક્ય છે તેવું દઢપણે માનનાર ડૉક્ટર કનુભાઈ સાથેનો મારો ગાઢ પરિચય કેળવણી માટેના તેમના વિચારો અને દષ્ટિકોણ સાથે એક માનવતાપૂર્ણ અને સમાજસેવા માટેની સાચી સમજણ આપનારો રહ્યો છે. કોઈને પણ અન્યાય ન થાય તેનું ખાસ ધ્યાન રાખવાનું જણાવતા. તેઓ હંમેશાં કહેતા

કે, 'અન્યાયની માત્ર એક જ પળ જીવન આખાની પ્રામાણિકતાનો છેદ ઉડાડી મૂકે છે.' સંસ્થાના વિકાસ માટે આર્થિક સહયોગ મેળવવા દાતાઓ સાથે ધીરજપૂર્વક અને કોઈ પણ પ્રકારના આગ્રહ સિવાય જ વાત કરવાના તેમના સ્વભાવમાંથી મને ઘણુંબધું શીખવા મળ્યું છે.

કડીમાં એન્જિનિયરિંગ કૉલેજ બનાવવા માટે દાનની આવશ્યકતા માટે નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ વ્હીલચૅરમાં બેસીને પચીસ દિવસ સુધી મારી અને ચૅરમૅનશ્રી સરદારભાઈની સાથે યુએસએમાં ખૂબ જ લાંબી મુસાફરી કરી હતી. તેમની આ પુરુષાર્થ યાત્રા સંસ્થાના વિકાસ માટેનો સમર્પણભાવ હતો જે હૃદયસ્પર્શી હોઈ સદાકાળ અવિસ્મરણીય બની રહેશે.

ડૉક્ટર કનુભાઈ સાહેબ સાથેની છેલ્લી મુલાકાત મારા માદરે વતન નારદીપુરની શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ માટે તેઓ સાથે ચર્ચા કરવા અને માર્ગદર્શન માટે કરી હતી. આ મુલાકાતમાં ગ્રામ્યવિસ્તારના બાળકોના વિકાસ માટે તેમનો શિક્ષણ પ્રત્યેનો પ્રેમ સ્પષ્ટ જણાઈ આવતો.

સેવા અને સૌમ્યતાની મૂર્તિ સમાન તેમજ સંસ્થાના રાહબર મુરબ્બી શ્રી ડૉક્ટર કનુભાઈ પટેલના વિચારો અને કાર્યો આપણે સૌ આગળ ધપાવી શકીએ તેવી શક્તિ મળે તેવી પરમ કૃપાળુ પરમાત્માને હૃદયપૂર્વકની પ્રાર્થના.

અનંત પુણ્યનાં કાર્ય કર્યાં છે ત્યારે આપણને મનુષ્યદેહ મળ્યો છે, ત્યારે બીજી નિરર્થક પ્રવૃત્તિ છોડીને સત્કાર્ય કરીએ. એ આપણો જીવનમંત્ર બની રહો તેવી અભ્યર્થના.

**વિષ્ણુભાઈ પી. પટેલ**
**પ્રમુખ**
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા
ચૅરમૅન, ઉમિયાધામ, એડિસન ન્યૂજર્સી, USA

---

# સર્વ વિદ્યાલયને સમર્પિત સફેદ કપડાંમાં સાધુચરિત સંત ડૉ. કનુભાઈ પટેલ સાહેબ

**વલ્લભભાઈ એમ. પટેલ**

સર્વ વિદ્યાલય મારી વિદ્યાભૂમિ. મારા પિતાશ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબ સર્વ વિદ્યાલયના કર્તા-હર્તા. ડૉ. રામભાઈકાકા પિતાતુલ્ય. પરિણામે સમજણો થયો ત્યારથી સર્વ વિદ્યાલયની હવા શ્વસતો રહ્યો છું. આમ છતાં કૉલેજકાળ દરમિયાન અભ્યાસ અને પિતાજીના જિનિંગ-પ્રેસિંગના ધંધામાં રસ લેતો રહ્યો હતો. ગ્રેજ્યુએશન બાદ ફુલટાઈમ ધંધામાં જોડાઈ ગયો. સર્વ વિદ્યાલયના વ્યવસ્થાપક મંડળમાં જોડાયા પૂર્વે મંડળમાં મારું કોઈ વિશેષ યોગદાન નહીં. મંડળમાં જોડાયાનાં કેટલાંક વર્ષો બાદ પૂ. ડૉ. કનુભાઈ સાહેબે કોઈ પ્રસંગોચિત વાતચીતમાં મને જણાવ્યું હતું કે મામાની વધતી જતી ઉંમર અને મંડળને એક સક્ષમ તથા સમર્પિત વ્યક્તિત્વની જરૂરિયાત ધ્યાને લેતાં મેં જ મામા પાસે તમારી માંગણી કરી હતી. મેં મામાને કહ્યું હતું કે તમે મારા પિતાશ્રીની નાદુરસ્ત તબિયતને ધ્યાને લઈ મને માગી લીધો હતો, તેમ તમે પણ સંસ્થાને સરદાર આપો. તેમણે કોઈ પ્રતિશબ્દ ન કરતાં મારાં વચનને માન આપ્યું હતું. આજે હું અનુભવું છું કે સર્વ વિદ્યાલય કાજે આ કોઈ ઈશ્વરી સંકેત હતો.

સર્વ વિદ્યાલયના વહીવટમાં જોડાયા પૂર્વે મારે ડૉ. કનુભાઈ સાહેબ સાથે કોઈ સીધો પરિચય નહીં. પ્રારંભમાં તેમને એક કાર્યદક્ષ અને પોતીકી કોઠાસૂઝ ધરાવનાર, ઉત્સાહી અને કર્મઠ વ્યક્તિ તરીકે જોતાં મનોમન તેમને અભિવંદતો. આ પછી મારા પિતાશ્રીને તેમના વિશે પૃચ્છા કરતાં તેમણે જણાવ્યું હતું કે ડૉ. કનુભાઈ પટેલ પ્રખ્યાત ડૉક્ટર છે. મીઠાખળીમાં તેમનું દવાખાનું છે. નજીવી ફી લઈને સારવાર કરે છે. ખૂબ જ સેવાભાવી છે. તેઓશ્રી ધનાભાઈ વકીલના સુપુત્ર છે. તમે બંને મામા-ફોઈના ભાઈઓ થાઓ. તેમનું મોસાળ ઊંટવા થાય. આપણા નારાયણભાઈ તેમના મામા થાય. સમય

જતાં અમારી વચ્ચે ગાઢ સંબંધો પ્રસ્થાપિત થયા. જે ક્રમશઃ કૃષ્ણ-અર્જુન સમ પ્રસ્થાપિત થયા. આજે નિખાલસતા અને આદર સાથે નોંધું છું કે પૂજ્ય ડૉ. કનુભાઈ સાહેબ મારા ગુરુ-કૃષ્ણ હતા. ગીતામાં અર્જુને કૃષ્ણને કહ્યું હતું કે **'शिष्यस्तेडहं शाधि मां त्वां प्रपन्नम्'** અર્થાત્ 'આપનો શિષ્ય છું. શરણે આવેલા મને ઉપદેશ આપો. આ જ ભાવથી મેં ડૉ. કનુભાઈ સાહેબનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું. મારા પિતાશ્રીનું આકસ્મિક અવસાન થતાં- આકસ્મિક એટલા માટે કે તેમનું સુસ્વાસ્થ્ય જોતાં એકાદ દશક સુધી પૂરી સ્વસ્થતા સાથે વહીવટ કરી શકશે તેવી ક્ષમતા ધરાવતા હોવાથી – એક નવયુવાન એવા મને વહીવટની સોંપણીનું સૂચન ડૉ. કનુભાઈ સાહેબ દ્વારા મંડળ સમક્ષ કરવામાં આવતાં મંડળના સૌ મોવડીઓએ સ્વીકારી લીધું. મારા કરતાં જ્ઞાનસમૃદ્ધ અને અનુભવસમૃદ્ધ ઘણા વડીલો મંડળમાં વર્ષોથી કાર્યરત હોવા છતાં ડૉ. કનુભાઈની પસંદગીને સૌએ મહોર મારી. આ સંમતિનું શ્રેય ડૉ. કનુભાઈની દૂરંદેશિતા અને પરિપકવ નિર્ણય શક્તિમાં સૌને વિશ્વાસને જાય છે. મને ચૅરમૅનપદ સોંપાયા બાદ મંડળના સૌ સભ્યોનો હુંફાળો સહકાર સાંપડ્યો છે, જેની ઋણસ્વીકારની ભાવના સાથે નોંધ લઈ સૌ પ્રતિ આભારની લાગણી વ્યકત કરું છું. મારા પિતાશ્રીના અવસાન બાદ પૂ. ડૉ. રામભાઈકાકા અને પૂ. ડૉ. કનુભાઈ સાહેબે મારા ઘડતરમાં જે રસ લીધો છે તે અવર્ણનીય છે. મને તેમની પાસેથી ઘણું જ જાણવા મળ્યું છે. તેમના સંસર્ગથી વહીવટીય, સામાજિક અને શૈક્ષણિક વિચારશકિત કેળવી શક્યો છું. પારસમણિના સ્પર્શ જેવું તેમનું વ્યકિતત્વ અનુભવ્યું છે.

મારા પિતાશ્રીના કાર્યકાળમાં અને પિતાશ્રીના અવસાન બાદ મને વહીવટની સોંપણી કરવામાં આવી ત્યાર પછી પણ ડૉ. કનુભાઈ સાહેબની કામગીરી શિક્ષણસંસ્થામાં એક વિદ્યાપુરુષને શોભે તેવી રહી છે. વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં તેમનાં ઉદ્‌બોધનો ચાવીરૂપ નીવડ્યાં છે. વિદ્યાર્થીજીવનમાં કે સમાજમાં શિક્ષણનું મહાત્મ્ય સમજાવીને સંબંધિતોને ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ લેવા બાધ્ય કરતા અને તે પણ સહજમાં ગળે ઊતરે તે રીતે. તેમનાં ઉદ્‌બોધનોમાં વિષયને અનુરૂપ દેશ-વિદેશનાં કવિઓ, ચિંતકો વગેરેનાં સૂક્તિરત્નો / કાવ્યકંડિકાઓની રસ લહાણ કરાવતા રહેતા. આપણે સૌ જાણીએ છીએ કે ડૉ. કનુભાઈ સાહેબ પ્રસંગોપાત્તનાં ઉદ્‌બોધનોમાં સંસ્થાના અધ્યાપકો અને સંશોધકોને દૂરંદેશિતાશીલ સંશોધનો કરવા ભારપૂર્વક અને ભાવપૂર્વક સૂચન કરતા હતા. સંશોધનો પેટન્ટ કરાવી મોટું રેવન્યુ મેળવવાની ખ્વાહિશ ધરાવતા હતા. આ રેવન્યુનો ઉપયોગ વિદ્યાર્થીઓ માટે આવશ્યક સુવિધાઓ ઊભી કરવા માટે અને સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કોઈ પણ વિદ્યાર્થી પાસેથી કોઈ જાતની ફી લીધા સિવાય ભણાવવાનું તેમનું સ્વપ્નું હતું. તેમણે માત્ર સ્વપ્નો જોયાં નથી, પોતાનાં સ્વપ્નો સાકાર કરવા માટે સંસ્થાને પોતે દાન આપતા રહ્યા હતા, તેમજ પોતાનાં કુટુંબીજનો પાસેથી પણ દાન અપાવતા રહ્યા હતા. ચેરિટી બિગિન્સ ફ્રોમ હોમના પક્ષધર હતા. સંસ્થાના પ્રમુખ હોવાના નાતે સંસ્થાની સતર્કતાપૂર્વક કાળજી રાખવાની સાથે દૂરનું વિચારતા હતા. તેમની વૈચારિક ચેતના vibrant હતી. પોતાના અભ્યાસ અને વ્યવસાયનું ક્ષેત્ર મેડિકલ રહેવા છતાં વિનયન, વાણિજ્ય, મેનેજમેન્ટ, વિજ્ઞાન, ટેક્નૉલૉજી વગેરે વિષયોના આવશ્યકતાનુસાર અભ્યાસક્રમોની યોજના વિચારવાની સાથે લલિતકલાઓમાં પણ રસ લેતા હતા. આપણી લલિતકલા અકાદમી દ્વારા આયોજિત કાર્યક્રમો – આરંગેત્રમ વગેરે કાર્યક્રમમાં પણ રસ-રુચિ સાથે હાજર રહેતા. અમેરિકાના પ્રવાસો દરમિયાન પણ ત્યાંની શિક્ષણપ્રણાલી વગેરે વિશે જાણવા જિજ્ઞાસુ બની રહેતા.

આપણા મંડળના તેઓશ્રી એક અદના દૂરંદેશી વિચારપુરુષ હતા. સંસ્થા સંચાલન અને શિક્ષણ સંસ્થા કેવી હોવી જોઈએ તેનો સુસ્પષ્ટ નકશો તેમની પાસે હતો. તેમની સ્વાગતશીલ અને અન્યને મદદરૂપ નીવડવાની પ્રકૃતિ સૌને પોતીકા બનાવી દેતી. આપણને સદાય તેમનો હસતો ચેહરો જોવા મળે. આપણે સૌ જાણીએ છીએ કે ડૉ. કનુભાઈ સાહેબ કદાપિ ગુસ્સે થતા નથી. શાંત, મૃદુ અને ઠરેલ વ્યક્તિત્વ તેમની આગવી આભા ઊભું કરતું. આમ છતાં તેઓ એકાદ વખત સખત ગુસ્સે થયેલા તેનો મને અનુભવ છે. અલબત્ત તેમનો આ પુણ્યપ્રકોપ સંસ્થાનાં ગૌરવ અને નીતિ-નિયમોનું પાલન થાય, પ્રોટોકોલ જળવાય તે માટેનો હતો. કોઈ એકાદ દિવસે

મારી ઑફિસમાં આવીને કોઈ કર્મચારીએ વાત વાતમાં ગુસ્સાથી વાત કરી તે વખતે મેં પણ ગુસ્સામાં આવી જઈ વાત કરી. આ સમયે કનુભાઈ સાહેબ હાજર હતા. કનુભાઈ સાહેબે મારા ગુસ્સાથી પણ અધિક ગુસ્સામાં આવીને પેલા કર્મચારીને જણાવ્યું કે તમે કોની સાથે વાત કરો છો તેની ખબર છે ? સંસ્થાના ચૅરમૅન સાથે તમે વાત કરતા હોય ત્યારે તમને જે સમજણ પાડતા હોય તેની પૂરી સમજણ લઈને તે પ્રમાણે જ કામ કરવું જોઈએ. પ્રોટોકોલ જાળવતાં શીખો. ડૉ. કનુભાઈ સાહેબ શરૂઆતમાં ગાંધીનગર કે કડી કૅમ્પસમાં સપ્તાહમાં એકથી અધિક વખત આવતા-રહેતા. પછી દર શુક્રવારે આવે. મારી કામગીરી પ્રત્યક્ષ જુએ. મને શીખવતા રહે. મારા ઘડતરમાં મારા પિતાશ્રી, ડૉ. રામભાઈ કાકા અને ડૉ. કનુભાઈ સાહેબનો ઘણો મોટો ફાળો છે. આ ત્રણેયની પ્રકૃતિ ભિન્નભિન્ન. તેથી હું ઠીક ઠીક ઘડાયો છું. સંસ્થામાં આજે જે કંઈ કામ કરી શકું છું, તેમાં તેમની પ્રેરણા રહી છે. તેમનાં આદર્શો અને રીતિ-નીતિ મારો આધારસ્તંભ બની રહ્યાં છે.

આપણા સૌ દાતાઓ પ્રતિ ડૉ. કનુભાઈ સાહેબ વિશેષ લાગણી ધરાવતા હોવાની સાથે તેમના સવિસ્તર જીવનવૃત્તથી ખાસ પરિચિત રહેતા. ખાસ તો વિદેશથી દાતાશ્રીઓ દેશમાં પધારે ત્યારે તેમની આગતા-સ્વાગતા, તેમને જરૂરિયાતોની પૂર્તિ કરવામાં પોતાનો ધર્મ માનતા, સંસ્થા દર્શન આદર સાથે કરાવે, દાતાશ્રીના નામની સંસ્થાનાં દર્શન કરાવી તેની મહત્તા સમજાવે. પરિણામે આપણા દાતાઓનો સતત વધારો થતો રહ્યો છે. દાતાશ્રીઓના સન્માન સમારોહ પ્રસંગે કે તેમના દ્વારા આપવામાં આવેલ દાન પ્રસ્તાવ કે દાનથી નવનિર્મિત ભવનોના ઉદ્‌ઘાટન પ્રસંગોએ દાતાશ્રીઓનાં ગૌરવ સાથે ઓળખ આપવાની તેમની રીતિ-નીતિ ઉદાહરણસ્વરૂપ બની રહેતી.

ડૉક્ટર સાહેબનું આપણી સંસ્થા ઉપર મોટું ઋણ સંસ્થાને આર્થિક રીતે પગભર રાખવામાં રહયું છે. સંસ્થા સંચાલન માટે નાણાંને ચાલકબળ તરીકે સ્વીકારીને પૂજ્ય ધનાફુઆના પગલે પગલે તેમણે પણ અમેરિકાની દાનયાત્રા મુનાસિબ ગણી. અને ખાસ તો આપણી સંસ્થાના પ્રમુખ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ કે જેઓ આપણો આર્થિક ભાર હળવો કરાવવા સક્ષમ હતા, સંસ્થા માટે દાન મેળવી આપતા હતા તેવા સંજોગોમાં તેમનું નિધન થતાં સંસ્થાના મોવડીઓને ભારે આંચકો લાગ્યો. યોગાનુયોગ તેમની સ્મશાનયાત્રામાં મારા પિતાશ્રી માણેકલાલ સાહેબ અને ડૉ. કનુભાઈ સાહેબ પણ જોડાયા હતા. આ સ્મશાનયાત્રામાં સાહેબે ડૉ. કનુભાઈને ફંડ મેળવવા માટે વિચારણા કરવા સૂચન કર્યું. ડૉ. કનુભાઈ સ્થિતિ પામી ગયા કે બળદેવભાઈના ગયા પછી ફંડ મેળવવા કોઈ નક્કર આયોજન જરૂરી બની રહે છે. તેમણે મનોમન અમેરિકા યાત્રાનું આયોજન કર્યું. ડૉક્ટર સાહેબ ઉપરાંત માણેકલાલ સાહેબ, મોહનભાઈ સાહેબ અને શ્રી નરસિંહભાઈ સાહેબ અમેરિકા દાન હેતુ ગયા અને ધાર્યા કરતાં ઘણું મોટું દાન મેળવી લાવ્યા હતા.

વર્ષ 2006માં પૂ. ધનાફુઆનું અવસાન થતાં અમેરિકામાં નિવાસ કરતાં પોતાનાં ભાઈ-બહેનોને મળવા ગયા હતા. આ તેમનો અંગત અને કૌટુંબિક પ્રવાસ હતો. આપ સૌને એ જાણીને તેમના પ્રતિ વિશેષ માનની લાગણી પેદા થશે કે આ સમયગાળામાં તેમને હાર્ટ ઍટેકનો હળવો હુમલો આવ્યો હોવા છતાં આર. કે. ના ખાસ આગ્રહને વશ થઈને શ્રી મફતલાલ પટેલને મળવા ગયા અને આપણી નર્સિંગ કૉલેજ તથા હૉસ્ટેલ માટે મોટું દાન લઈ આવ્યા હતા.

અમે 2018 માં દાન હેતુ અમેરિકા ગયા હતા ત્યારે મેં દાતાશ્રીઓનો ડૉ. કનુભાઈ પ્રત્યેનો આદર - પ્રેમ - લાગણી અસાધારણ જોયાં છે. આ પ્રવાસમાં અમને અધધ કઈ શકાય તેટલું રૂ. 35 કરોડનું દાન મળ્યું. અમને જે કંઈ દાન મળ્યું છે તેનું શ્રેય ડૉ. કનુભાઈના શિરે જાય છે. સર્વ વિદ્યાલય અને તેમના નામથી જ અમે દાન મેળવ્યું છે. તેઓશ્રી સાચે જ સર્વ વિદ્યાલયનો ચહેરો હતા. અમે કોઈ દાતાના નિવાસસ્થાને જઈએ ત્યારે સહજ રીતે સંસ્થા વિશે વાતચીત કરે, રકમનો કોઈ આગ્રહ ન રાખે કે ન જણાવે. સંસ્થાના ભાવિ વિકાસનું ચિત્ર વિનયપૂર્વક સ્પષ્ટ કરે. દાતા સ્વયં જ યથાસંભવ અમારી અપેક્ષાથી વધુ દાન આપે. વાત વાતમાં મારો પરિચય કરાવે. પોતાની નાદુરસ્ત સ્થિતિની વાત કરીને દાતાને જણાવે કે જુઓ હવેથી હું આવી શકીશ નહીં. આ સરદારભાઈ જ આવતા રહેશે તેમને મદદ કરતા રહેજો.

સંસ્થા હવે ખૂબ જ વિશાળ થઈ ગઈ છે એટલે નાણાંની પણ વધારે જરૂર પડશે. સદ્‌ગત પૂ. માણેકલાલ સાહેબના પગલે પગલે તેઓ પણ સંસ્થાને સમર્પિત બનીને સંસ્થાના વિકાસ માટે સંકલ્પબદ્ધ છે. તેમણે વહીવટ સંભાળ્યા પછી ખૂબ જ ટૂંકાગાળામાં વહીવટીય કુનેહ અને દૂરંદેશિતાનાં દર્શન કરાવ્યાં છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે તેઓ સંસ્થાને વિકાસની નવી ટોચે લઈ જશે. અમારા આ પ્રવાસ દરમ્યાન નાદુરસ્ત તબિયત હોવા છતાં 12-12 કે 18-18 કલાક કારમાં મુસાફરી કરી છે. પોતાનો અને દાતાનો સમય ન વેડફાય તેની કાળજીપૂર્વકનું આયોજન કરતા રહ્યા હતા. ઊંઘવાના સમયને પણ જાકારો આપતા રહ્યા હતા. મને તેમની તબિયતની સતત ચિંતા થયા કરતી. તેઓશ્રી સંસ્થા વિકાસનાં સપનાં રજૂ કરવાની સાથે પોતાના ભાવિના અમંગળનાં એંધાણ આપતા ત્યારે મેં મનોમન વ્યથા અનુભવી છે. છતાં મનમાં થતું કે સાહેબ કહે છે તેવું કશું જ થશે નહીં. ઈશ્વર ઉપર ભરોસો રાખીને હું આશ્વસ્ત રહેતો.

મારી સાથેના અંગત વ્યવહારની વાત કરું તો તેઓશ્રી મને પુત્રવત સ્નેહ આપતા. ખાસ કરીને બીમાર પડયા પછી મારા વધારે પડતા કાર્યબોજ અને વ્યસ્તતાને ધ્યાને લઈ પ્રસંગોપાત્ત મને મારા સ્વાસ્થ્ય, ભોજનમાં નિયમિતતા જાળવવા, માનસિક ત્રાસ ન અનુભવતાં પ્રસન્નતા સાથે કામ કરતા રહેવાનું, કોઈ પરિસ્થિતિ બાધ્ય કરે તો પણ ગુસ્સાને નિયંત્રિત કરવા, પ્રસન્નતાપૂર્વક કામ કરતા રહેવા, સંસ્થામાં બાંધકામનાં કાર્યો ઉપર ધ્યાન આપી ગુણવત્તાની જાળવણી કરવાનું, શિસ્તની જાળવણી કરવા, પ્રત્યેક કાર્યક્રમમાં હાજરી આપવા વગેરે વિશે મને વાત્સલ્યભાવે સમજાવતા. દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત દાનનો ખોટા ખર્ચ ન થાય તેની કાળજી રાખવા, તેમજ આ દાન તેમની મહેનતની/ પરસેવાની કમાણી હોવાથી તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવાની આપણી જવાબદારી છે તેવી શીખ પણ આપતા રહેતા. તેમની બીમારીના કારણે પ્રસંગોપાત્ત તેમની મુલાકાતે જતો રહેતો તે વખતે પૂ. સવિતાભાભીને કહેતા કે સરદારભાઈને વારંવાર ફોન ન કરવા, તેમને ઘણું કામ હોય. મને કહેતા પણ ખરા કે આ બીમારી હવે મને લઈને જ જશે. ઉપચાર કરવા છતાં કોઈ સફળતા મળતી નથી. આટલી અસહ્ય વેદના વચ્ચે પણ આપણા નવા કૅમ્પસનું કેટલે આવ્યું ? શું પ્રગતિ થઈ ? વગેરે વિશે પણ પૃચ્છા કરતા રહેતા. આમ તેઓશ્રી તેમની અંતિમ ઘડી સુધી સંસ્થા વિશે સતત ચિંતિત રહ્યા છે. તેમની આ સંસ્થાભકિતને સલામ કરું છું. તેમનું આ ઋષિ ઋણ સદાકાળ મારા હૈયે રહેશે. તેમની સાથેના મારા સંબંધોને પરભવનું ઋણ જોઉં છું. આ પૈકી ખાસ ધ્યાનપાત્ર બાબત એ છે કે તેમણે મારા પિતાશ્રીને આપેલ વચન કે તમે સરદારને આપો હું હંમેશાં તેની સાથે રહીને સંસ્થાના વિકાસનું કામ કરીશ, તેનું એમણે સાંગોપાંગ પાલન કર્યું હતું. આટલું જ નહીં કોઈ કાર્યમાં તેમનું વિઝન અને મહેનત હોવા છતાં તે કાર્યનું શ્રેય મને આપતા રહ્યા હતા. તેઓશ્રી પ્રમુખ હોવા છતાં કોઈ નાની સરખી જરૂરિયાત હોય તો મારા પદનું ગૌરવ જાળવીને મને પૂછીને કરતા. તેઓશ્રી કોઈને પણ સીધો આદેશ કરી શકતા હોવા છતાં તેમ ન કરતાં હંમેશાં મારું વ્યક્તિગત અને સંસ્થાકીય રીતે ગૌરવ વધારતા રહ્યા હતા. મંત્રીશ્રીઓ સાથેની બેઠકમાં પણ આ બાબતનું પાલન કરવા વિશે ખાસ ધ્યાન દોરતા હતા. સંસ્થાના ચૅરમૅનના હોદ્દાનું તેમણે સાચે જ ગૌરવ વધાર્યું છે. તેમની ગીતાજ્ઞાનથી રસાયેલી આ અનાસકત ભાવનાને હું હૃદયથી વંદુ શું. હું તો કૉમર્સનો વિદ્યાર્થી હોઈ 'ગીતા'નો અભ્યાસી નથી રહ્યો, છતાં કંઈક અંશે ખબર છે કે તેમણે જીવન વ્યવહારમાં ગીતાના જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગને આકંઠ પચાવ્યો હતો. જેની પ્રતીતિ તેમના આચરણમાં જોઉં છું. તેઓશ્રી ખરે જ સફેદ કપડાંમાં સાધુચરિત સંત હતા. ભલે તેમણે ભગવાં કપડાં પહેર્યાં ન હતાં, છતાં એક ડૉકટર તરીકે માનવ સમાજને તેમણે આપેલી સેવાઓ સાધુચરિત હતી. આવા જ ઉમદા ભાવથી સર્વ વિદ્યાલયને સમર્પિત બની સેવા આપતા રહ્યા હતા.

આજની આપણી ગૌ શાળાના વિકાસમાં પૂ. ધનાફુઆ, શંકરભાઈ અને કાંઝના મનુભાઈ પટેલનું મોટું પ્રદાન રહ્યું છે. પૂ. ધનાફુઆ ગૌશાળા પ્રતિ ભારે મમત્વ ધરાવતા હતા. આર્થિક રીતે પગભર કરવા માટે તિથિદાનની યોજના પૂ. ધનાફુઆ લાવ્યા હતા.

ગૌશાળાના દષ્ટિપૂત વિસ્તરણમાં ડૉ. કનુભાઈ સાહેબનું યશસ્વી પ્રદાન રહ્યું છે. ગૌ શાળાના વિકાસને તેમણે નવી ઊંચાઈ બક્ષી છે. તિથિદાન ઉપરાંત ગાયોનાં દાન પણ આપ્યાં છે. તેમની અને તેમના કુટુંબની ગાયોનાં દાનનો એક વાડો થાય તેટલી ગાયોનું દાન તેમના તરફથી મળ્યું છે.

માનવજીવનમાં મૃત્યુ અનિવાર્ય છે. તે કદાપિ ટાળી શકાતું નથી. કાળનું ઉલ્લંઘન શકય નથી. આમ છતાં મૂઠી ઊંચેરા માનવોની વિદાયથી હૈયું રડી ઊઠે છે. ઉમાશંકર જોશીએ કુદરતની આ અકળ લીલાનું નિરીક્ષણ કરીને કહ્યું છે કે -

**'કાળને તે કહીએ શું જરીયે નવ ચૂકીયો;**
**પાંચ આંગળીઓમાંથી અંગૂઠે વાઢ મૂકીયો'**

આ શબ્દોનું રટણ કરતાં જ કુદરતને કહેવાનું મન થાય છે કે તેણે આપણા ડૉ. કનુભાઈ સાહેબને બોલાવી લઈને આપણને રંક બનાવ્યા છે. તેમનું ગમન આપણા માટે **'અંગૂઠે વાઢ'** સમાન છે. મને પૂર્ણ શ્રદ્ધા છે કે પૂજ્ય ડૉ. કનુભાઈ સાહેબે આ સંસ્થાને અનાસકત અને નિઃસ્પૃહી બનીને આપેલી સેવાઓ પૂ. ધનાફુઆ અને પૂ. માણેકલાલ સાહેબની માફક સર્વ વિદ્યાલયના વાતાવરણમાં સદાકાળ જીવંત બની રહેશે. તેઓશ્રી માન-મોભાથી સદાકાળ દૂર રહ્યા છે. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ જેવું ગૌરવશીલ પદ પણ તેમને ન લલચાવી શક્યું. કહેવાયું છે કે **'लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति'** અર્થાત્ 'મહાનપુરુષોનાં ચિત્તને સમજવા કોણ સમર્થ છે.' પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થીએ કે આ જીવને શિવમાં સમાવી લે. ૐ શાન્તિ.

**વલ્લભભાઈ એમ. પટેલ**
ચેરમેન
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર

---

## મૂઠી ઊંચેરા માણસ

**મણિભાઈ ઈ. પટેલ 'મમ્મી'**

ડૉ. કનુભાઈ એક સરળ અને પ્રેમાળ સ્વભાવના મૂઠી ઊંચેરા માણસ હતા. ડૉ. કનુભાઈ આપણી બંને સંસ્થાઓ : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, ગાંધીનગર તથા કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી આ બંને સંસ્થાઓના વિકાસ માટે સતત ચિંતનશીલ રહેતા. આ સંસ્થાઓના વિકાસ હેતુ મોટા ફંડની જરૂરિયાત રહે એ સ્વાભાવિક છે. આ માટે સ્વ. માણેકલાલ સાહેબે સૂચન કર્યું. આપણી સંસ્થામાં જે લોકો અભ્યાસ કરી વિદેશમાં જઈ સ્થાયી થયેલા છે તેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક કરવાની જવાબદારી ડૉ. કનુભાઈને સોંપવાનું નક્કી થયું. ડૉ. કનુભાઈએ અનેક વાર અમેરિકા અને બીજા દેશોની મુલાકાત લઈ પોતાના સરળ સ્વભાવ અને પ્રામાણિક વ્યક્તિત્વના કારણે કરોડો રૂપિયાનું દાન આ સંસ્થા માટે લાવી આપ્યું હતું..

આ સંસ્થાની ઘણાં વર્ષો પહેલાં પૂજ્ય મહાત્મા ગાંધીજીએ મુલાકાત લીધી હતી, ત્યારે તેમને તે વખતના આગેવાનોએ બાપુને કહ્યું અમારી પાસે બધું છે, પણ પૈસા નથી ત્યારે બાપુએ કહ્યું, સમાજ આ સંસ્થાઓને પોષશે તે મુજબ આજે આ બંને સંસ્થાઓને સમાજ પોષી રહ્યો છે. આ મુખ્ય કામગીરી ડૉ. કનુભાઈએ કરી હતી.

સ્વર્ગસ્થશ્રી સરળ સ્વભાવવાળા, ધાર્મિક વૃત્તિવાળા, સેવાભાવી અને સંનિષ્ઠ સામાજિક કાર્યકર હતા.

પરિવારના સદસ્યની કાયમી વિદાયથી આપણે સૌને દુખ થાય, પરંતુ પરમ કૃપાળુ પરમાત્માની ગતિ અકળ છે. પરમાત્મા તેમના દિવગંત આત્માને શાંતિ અર્પે અને પરિવાર ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે તેવી મા ઉમાને પ્રાર્થના.

પરમ શ્રદ્ધાંજલિ સહ...
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

**મણિભાઈ ઈ. પટેલ 'મમ્મી'**
ભૂતપૂર્વ પ્રમુખ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

❑

# આપણા સર્વેના ડૉ. કનુભાઈ

વિઠ્ઠલભાઈ અં. પટેલ

મારા માટે ડૉ. કનુભાઈના સમાચાર સ્વીકારવા ખૂબ જ અઘરા છે. એમનો વિચાર કરું છું ત્યારે એમ થાય છે કે નમ્રતાવાળો હસતો ચહેરો ખરેખર જોવા નહિ મળે ? કુદરત આપણા ઉપર આટલી બધી કેમ કોપાયમાન થઈ હશે ? તેને પણ કોઈ કારણ હશે જ.

દરેક કુટુંબની પ્રથા હોય છે. આપણે સર્વે આપણા વાતાવરણમાંથી અપનાવેલા સંસ્કારો લઈને જીવીએ છીએ. ડૉ. કનુભાઈનો જન્મ અત્યંત સેવાભાવી પૂ. ધનાભાઈ વકીલના ત્યાં થયેલો. પૂ. ધનાભાઈ વકીલે આપણી સંસ્થાને પોતાનું ઘર માનેલું. આપણે જેમ આપણા ઘરને વ્યવસ્થિત કરીને શણગારવા પૂરેપૂરો પ્રયત્ન કરીએ તેવો જ પ્રયત્ન ધનાભાઈ વકીલે આપણી સંસ્થા માટે કરેલો. આ જ સંસ્કાર, આ જ પ્રથા ડૉ. કનુભાઈ, તેમના ભાઈ અને તેમની બહેને પણ ચાલુ રાખી છે. સ્વ. પૂ. ધનાભાઈ વકીલના કુટુંબે પાઈએ પાઈ બચાવીને આપણને ખોબે ને ખોબે દાન આપ્યું છે. આ લખતાં મને ડૉ. કનુભાઈએ કહેલી વાત યાદ આવે છે. તેમનાં ફોઈ કે નજીકનાં ફોઈની વાત હતી. તે શિક્ષિકા હતાં અને નિવૃત્ત થયાં પછી તેમને મળતા પેન્શનનો મોટો ભાગ આપણી સંસ્થાને દાનમાં આપતાં. મોટી ઉંમરે ચાલવું અઘરું હતું, ત્યારે પણ રિક્ષામાં કે ઘોડાગાડીમાં બેસવાના બદલે દુઃખી થઈને પણ ચાલતાં. ડૉ. કનુભાઈએ તેમને આની ટકોર પણ કરી. તમે દુઃખી ન થશો, કડીવાળા જરૂર પડ્યે પૈસા શોધી લાવશે, ત્યારે તેમનાં ફોઈએ જણાવ્યું, "મારા રિક્ષાના ભાડાના પૈસા જરૂરિયાતવાળા વિદ્યાર્થીને ઘણા કામમાં આવે." આ સ્વ. પૂ. ધનાભાઈ વકીલનું કુટુંબ. આવા કુટુંબોના કારણે આપણે બધાં ઊજળાં લાગીએ છીએ. આ પ્રથા ડૉ. કનુભાઈએ પણ આગળ ધપાવી છે. પોતાના દુઃખની જરાયે પરવા કર્યા વગર અમેરિકામાં જઈને આપણા માટે કરોડો રૂપિયાનાં દાન લઈ આવ્યા.

આપણી સંસ્થા ચલાવવા માટે ફંડફાળો એકલો જ અગત્યનો નથી, અગત્યના વિચારો પણ જરૂરી છે. ડૉ. કનુભાઈ હંમેશાં સંશોધન ઉપર ભાર મૂકતા. સંશોધનનાં સારાં પરિણામોની પેટન્ટ મેળવવી જરૂરી છે. આ પેટન્ટ ઉપરથી કમાણી થાય અને તેમાંથી યુનિવર્સિટી ચાલે. આ વિચાર વારંવાર જણાવતા. સંશોધન ઉપર ભાર મૂકનાર ડૉ. કનુભાઈ જેવો શિક્ષણક્ષેત્રે બીજો મેં કોઈ જોયો નથી. જાણે કે યુનિવર્સિટીઓની ઓળખ તેમના ત્યાં થયેલા સંશોધન ઉપરથી જ થાય છે. આશા રાખું કે તેમની આશા ફળે. આવું સ્ટેન્ફર્ડ યુનિવર્સિટી, કેલફોર્નિયા સાથે બન્યું છે. તેના હોશિયાર વિદ્યાર્થીઓએ સ્ટેન્ફર્ડની બાજુમાં જ આવેલી સિલિકોન વેલીમાં ઘણી મોટી કંપનીઓ સ્થાપી અને દુનિયાને ઘણી મોટી ભેટો આપીને ઘણી મોટી કમાણી કરી છે. જેમાંનો થોડાક પેટન્ટોની રૉયલ્ટી પેટે સ્ટેન્ફર્ડને ઘણા પૈસા આડકતરી રીતે મળે છે. આવું આપણા માટે પણ બની શકે.

બીજો ડૉ. કનુભાઈનો અગત્યનો વિચાર આર્થિક રીતે નબળા કુટુંબોમાંથી આવતા વિદ્યાર્થીઓને મદદ કરવાનો છે. આવા વિદ્યાર્થીઓ માટે કનુભાઈને ખાસ લાગણી હતી. ડૉ. કનુભાઈનું ચાલતું હોત તો તેવા વિદ્યાર્થીઓનું બધું જ દુઃખ લઈ લેત! એમણે આવા વિદ્યાર્થીઓને ખાસ મદદ કરવા ફંડ શરૂ કર્યું છે અને તેમણે શરૂઆત જ પોતાના દશ લાખ રૂપિયા આપીને કરી છે.

તેમનાં લખાણોમાં પણ માનવતા નીતરતી દેખાય છે. વિદ્યાર્થીઓના શારીરિક શ્રમ માટે ચિંતા વ્યક્ત પણ કરતા. તેમનાં પ્રેરણાદાયી ભાષણોમાં ગઝલો, કાવ્યો સાંભળવા મળતાં. તેઓ ખૂબ જ અભ્યાસ કરનારા સફળ ડૉક્ટર હતા. તેમનાં પત્ની સવિતાબહેન પણ મળતાવડા સ્વભાવનાં છે. કોઈ-કોઈ વખત તબિયતના સમાચાર પૂછવા ફોન કરતો. છેલ્લે તેમની તબિયતના કારણે ફોન ન કરતો. આખરે ન રહેવાતાં ફોન કર્યો, પણ જવાબ ન મળતાં ફોન મૂકી દીધો. બે વખત આવું બન્યું. બીજા દિવસે સામેથી સવિતાબહેને અમને ફોન કર્યો. બધી વાતચીત કરી. એવું લાગ્યું કે સવિતાબહેન બધી રીતે તૈયાર છે. આ ફોન પછી છ કલાકે વલ્લભભાઈનો ડૉ. કનુભાઈના સમાચારનો સંદેશો મળ્યો.

આપણાં બધાંનાં માટે ડૉ. કનુભાઈનો હસતો ચહેરો, નમ્ર સ્વભાવ અને વિદ્વત્તા ભરેલાં પ્રોત્સાહિત ભાષણો કાયમ માટે યાદ રહેશે.

# બહુમુખી પ્રતિભાસંપન્ન તથા સેવાપરાયણ વ્યક્તિત્વ

ડૉ. મણિભાઈ એસ. પટેલ

સમાજમાં ત્રણ પ્રકારની વ્યક્તિઓ હોય છે. જે વ્યક્તિ સમાજ પાસેથી જેટલું લે છે, એટલું જ જો તે સમાજને પાછું આપે, તો તે એક સાધારણ માણસ છે. સમાજ પાસેથી જેટલું લે તેના કરતાં કંઈક વધારે પાછું આપે તો તે વિશિષ્ટ સારો માણસ ગણાય અને જે વ્યક્તિ પોતાનું સમસ્ત જીવન સમાજસેવામાં અર્પણ કરે અને બદલામાં કશું જ ન મેળવવાની ઇચ્છા રાખે, તો તેને સર્વશ્રેષ્ઠ વ્યક્તિ કહેવાય. ડૉ. કનુભાઈ ત્રીજા પ્રકારના ગરવા માણસ હતા. તેમણે સાચે જ પોતાનું જીવન સમાજના ચરણે ધરી દીધું હતું. એક ડૉક્ટર તરીકે વિનમ્ર સમાજસેવક બનીને રહ્યા હતા.

ડૉ. કનુભાઈનો (કનૈયાલાલ) જન્મ તા. 08/04/1947ના રોજ થયો હતો. તેમણે ધોરણ-11 સુધી સર્વ વિદ્યાલય, કડીમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ ગુજરાત કૉલેજમાં બે વર્ષ અભ્યાસ કર્યો હતો. ઉચ્ચ મેરિટના કારણે તેમને ગુજરાતની શ્રેષ્ઠ બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં પ્રવેશ મળ્યો હતો. તેમનાં માતૃશ્રી મંગળાબહેનની તબિયત સારી રહેતી નહોતી. એટલે તેમનાં લગ્ન મેડિકલમાં અભ્યાસના પ્રથમ વર્ષ દરમિયાન તારીખ 25/04/1966ના રોજ શ્રીમતી સવિતાબહેન સાથે કરવામાં આવ્યાં હતાં. તેમના માતૃશ્રીનું દેહાવસાન તારીખ 3/2/1967ના રોજ થતાં શ્રીમતી સવિતાબહેનની કૌટુંબિક જવાબદારી વધી ગઈ હતી. એ સમયે લીલાબહેન અને પ્રભાબહેનનો સહારો ઉપયોગી થયો હતો. બી. જે. મેડિકલમાંથી એમ.બી.બી.એસ. નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અમદાવાદમાં પ્રારંભમાં પોતાના મકાનમાં પ્રેક્ટિસ શરૂ કરી અને ત્યાર બાદ તેમણે મીઠાખળીમાં દવાખાનું શરૂ કર્યું હતું.

સ્વ. ધનાભાઈ સાહેબે કડીમાં 1947માં વકીલાત શરૂ કરી હતી. ટૂંક સમયમાં વકીલ વર્તુળમાં સૌના પ્રિય બન્યા અને તેથી અધિક કડી વિસ્તારમાં ખેડૂતોના હમદર્દ વકીલ તરીકે ભારે લોકચાહના પામ્યા હતા. વકીલાતની સાથે સર્વ વિદ્યાલય અને ગૌ શાળાને સમર્પિત બની રહ્યા હતા. કડીમાં મારું દવાખાનું અને તેમનું નિવાસસ્થાન નજીકમાં હોવાથી હું ક્યારેક તેમને મળવા જતો હતો. ડૉ. કનુભાઈ બાપુજીને કડીમાં મળવા આવે ત્યારે મને ખાસ મળવા દવાખાને આવતા હતા. અમારી વચ્ચે સમાજ અને સર્વ વિદ્યાલયની ચર્ચાઓ થતી. જેના કારણે અમારા સંબંધો ગાઢ બન્યા હતા.

ગુજરાત ગૌશાળામાં તિથિદાનના પ્રણેતા પૂજ્ય વકીલ શ્રી ધનાભાઈ સાહેબ હતા, જ્યારે ગૌશાળામાં તકતીદાન અને ગૌદાનની યોજના શરૂ કરવાનો યશ ડૉ. કનુભાઈના શિરે રહે છે. તેમણે પોતે ઉદાર હાથે ફાળો આપ્યો અને અપાવ્યો પણ છે. શ્રીમતી સવિતાબહેન હંમેશાં તકતીદાનમાં અંગત નામ નહિ જ, પણ પરિવારના નામનો આગ્રહ રાખતાં હોવાથી તેમની ઇચ્છા અનુસાર નામાંકન કરવામાં આવેલ છે. સ્વ. ધનાભાઈ સાહેબના પરિવારના સભ્યોએ તેમજ ડૉ. કનુભાઈએ ગણેશપુરામાં સ્કૂલ તેમજ આદર્શ ગામ કરવામાં, બહુવિધ રીતે યોગદાન આપેલ છે. ખાસ તો આર્થિક ઉપરાંત વિવિધ અધિકારીશ્રીઓ સાથે પોતાના અંગત સંબંધો ખપમાં લાવીને ગ્રામવિકાસ માટે સતત પ્રયત્નશીલ બની રહ્યા હતા. પોતાના પિતાની માફક ડૉ. કનુભાઈનો વતનપ્રેમ અદભુત હતો. પેલી સુપ્રસિદ્ધ સૂકિત **'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી'** તેમના જીવન વ્યવહાર સાથે વણાઈ ગઈ હતી.

કોઈપણ સમાજસેવી સંસ્થાના વિકાસ માટે આર્થિક સદ્ધરતા પ્રાથમિક આવશ્યકતા છે. સર્વ વિદ્યાલય માટે આર્થિક ભંડોળ મેળવવા 1982માં સ્વ. ધનાભાઈ વકીલ અને સ્વ. મોહનભાઈ સાહેબ અમેરિકાના પ્રવાસે ગયા હતા. તેઓ તેમની પુત્રી પ્રભાબહેન ભરતકુમારને ત્યાં રોકાયા હતા. આ બંને મહાનુભાવોના પ્રેમને વશ થઈ તેમનાં સ્નેહીજનો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વગેરેએ રૂપિયા 11 લાખ ઉપરાંત ફંડ આપીને દાનની ઝોળી છલકાવી દીધી હતી.

1998 માં સ્વ. માણેકલાલ સાહેબ, સ્વ.

મોહનભાઈ સાહેબ અને ડૉ. કનુભાઈ અમેરિકા ગયા હતા. આર. કે. પટેલને ત્યાં રહ્યા હતા. આર. કે. ની તબિયત નરમ રહેતી હતી. સરસાવના લોદરિયા પરિવારે ગાંધીનગરમાં હોસ્ટેલ બનાવવા માટે 26 લાખનું ડૉનેશન આપ્યું હતું. આ યાત્રા સમયે કુલ 6 કરોડ જેટલું દાન મળવ્યું હતું. 2004માં સ્વ. માણેકલાલ સાહેબ અને ડૉ. કનુભાઈ અમેરિકા ગયા હતા. આ દાનયાત્રા પ્રસંગે આર. કે. પટેલના સહયોગથી 2.5 કરોડનું દાન શ્રી મફતલાલ તરફથી નર્સિંગ કૉલેજ માટે મેળવ્યું હતું. ત્યારથી આર. કે. ની સર્વ વિદ્યાલય પ્રત્યેની નિષ્ઠાના કારણે સદ્ગત માણેકલાલ પટેલ સાહેબે તેમને સર્વ વિદ્યાલયના અમેરિકા ખાતેના ઍમ્બેસેડર તરીકે ઓળખાવ્યા હતા. આ બિરુદ તેમણે સાર્થક કર્યું હતું.

ધનાભાઈ વકીલ સાહેબના અવસાન બાદ 2007માં ડૉ. કનુભાઈને અમેરિકા જવાનું થયું હતું. પ્રવાસ દરમિયાન બે વખત Angina પેઈન થયેલ. એટલે ચિ. મૌલિકને ત્યાં આરામ કર્યો. આર. કે.ના આગ્રહથી ન્યૂયૉર્કથી શિકાગો જવાનું થયું હતું. પ્લેનમાં જતી વખતે હાર્ટનું પેઈન આવ્યું. Sorbitote લઈને બેઠા પણ ભગવાનની દયાથી પેઈન બંધ થયું ગયું. તે સમયે શ્રીમતી સવિતાબહેન તેમની સાથે હાજર હતાં. નાજુક તબિયત હોવા છતાં તેમના મનમાં કોઈ ડર નહોતો. આવી વિકટ શારીરિક સ્થિતિમાં પણ પોતાના જાનની પરવા કર્યા વિના સર્વ વિદ્યાલય માટે સતત દોડતા રહી મોટાં દાન મેળવતા રહ્યા હતા.

18 ઑગસ્ટ 2018માં વિદુષ સોમાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી એન્ડ રિસર્ચ (કડી) ની શરૂઆત કરવામાં આવી. આ કૉલેજ હેતુ અને સંસ્થાનાં અન્ય કાર્યો હેતુ મોટા ફંડની આવશ્યકતા ઊભી થતાં શ્રી વલ્લભભાઈ, ડૉ. કનુભાઈ અને કુલસચિવ એસ. કે. મંત્રાલા અમેરિકા ગયા હતા. તે સમયે લગભગ 33 કરોડ જેટલું માતબર ડૉનેશન તેમણે મેળવ્યું હતું. ડૉ. કનુભાઈ ખૂબ જ થાકી ગયા હતા અને એક અઠવાડિયા જેટલો આરામ ચિ. દીપિકાને ત્યાં કર્યા બાદ સપ્ટેમ્બરમાં પરત આવ્યા હતા. આમ, આ બધી ઘટનાઓ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે પોતાનું નાદુરસ્ત સ્વાસ્થ્ય હોવા છતાં સંસ્થા માટે સતત કાર્યશીલ બની રહ્યા હતા. સંસ્થાનું હિત તેમના હૈયામાં વસ્યું હતું.

તા. 6/4/2023ના દિને ધનાભાઈ સાહેબનો સન્માન સમારંભ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં ગણેશપુરા ગામ ઊમટી પડવાની સાથે તેમનાં સ્નેહજનો, સંસ્થાના કર્મચારીઓ, નગરજનો વગેરેથી સભા મંડપ ભરાઈ ગયો હતો. તે સમયે મને સન્માન કરવાનો અને પ્રાસંગિક પ્રવચન કરવાની તક મળી હતી. આ તક અને આ દિવસ મારા જીવનનો યાદગાર દિવસ બની રહ્યો છે.

ડૉ. કનુભાઈના મેડિકલ કૉલેજના સહઅભ્યાસી મિત્રો ડૉ.જયંતીભાઈ, ડૉ. રમણભાઈ, ડૉ. મોહનભાઈ (પાટણ) અને ડૉ. રામભાઈ (ચરાડા) વગેરે. આ સૌની મિત્રાચારી ઉદાહરણસ્વરૂપ બની રહી હતી. પરસ્પરની સદ્ભાવના સ્પર્શી જતી અનુભવી છે.

સર્વ વિદ્યાલયના વ્યવસ્થાપક મંડળ તેમજ સાધારણ સભાની તારીખ નકકી કરવામાં સ્વ. મોહનભાઈ સાહેબ, શ્રી મનુભાઈ સાહેબ તેમજ ડૉ. કનુભાઈની અનુકૂળતા પ્રમાણે રાખવામાં આવતી હતી, કે જેથી તેમની હાજરીનો લાભ મળે. આ બધી સભાઓમાં તેમનું મહામૂલું માર્ગદર્શન મળી રહેતું.

ડૉ. કનુભાઈની યાદશકિત ગજબની. કઈ વ્યક્તિ પાસેથી કેટલું અને ક્યારે દાન આવ્યું, કઈ સંસ્થામાં નામકરણ કરવામાં આવ્યું વગેરે માહિતી તેમના હૈયે અને હોઠે રહેતી. આ બધી જ વિગતો પોતાનાં વક્તવ્યોમાં વણી લઈ રજૂ કરતા હોઈ આપણે કોઈ રસિક વાર્તા સાંભળતા હોઈએ તેવી શૈલીમાં રજૂ કરતા હોવાથી સાંભળનારને મનમાં ભાવ પેદા થતો કે દાતા વિશે હજી વધુ માહિતી આપે તો સારું. તેઓ કડીની એન્જિનિયરિંગ કૉલેજની કેટલી પ્રગતિ થઈ છે તેની જાણકારી હેતુ સામાન્ય રીતે શનિવારે ચિ. મૌલિક સાથે કડી આવતા. અમે કૉલેજ વિશેની તેમજ અન્ય આનુષંગિક ચર્ચાઓ કરતા. શ્રી વલ્લભભાઈ હાજર હોય, તે પણ થોડો સમય કાઢીને મળવા આવતા. કામમાં વ્યસ્ત હોવાને કારણે ઑફિસમાં પરત થતાં કહેતા જતા કે મણિકાકા તમારે ડૉ. કનુભાઈ સાથે ભોજનમાં કંપની આપવાની છે. કનુભાઈ પ્રમાણમાં ઓછું અને સાદું ભોજન લેતા.

ડૉ. કનુભાઈની બીમારીના સમાચાર મળતાં સર્વ

વિદ્યાલય પરિવાર શોકસંતપ્ત બની ગયો હતો. શ્રી વલ્લભભાઈ, ડૉ. કનુભાઈના પરિવાર સાથે સતત સંપર્કમાં રહ્યા છે. શ્રીમતી સવિતાબહેનનો ફોન શ્રી વલ્લભભાઈ પર જાય ત્યારે તેઓ અગત્યનું કામ પડતું મૂકીને તેમના નિવાસે જતા. અમને કનુભાઈની તબિયતની સંપૂર્ણ માહિતી વલ્લભભાઈ પાસેથી મળતી. તેઓશ્રી ડૉ. કનુભાઈને મળવાનું આયોજન કરતા. શ્રીમતી સવિતાબહેન દરેકને ડૉ. કનુભાઈ વિશે ફોન પર માહિતી આપતા રહેવાની સાથે તેમની સેવા કરવામાં તેમણે રાત દિવસ જોયાં નથી. ચિ. મૌલિક, ચિ. પારુલ, શ્રી વિજયભાઈ વગેરેએ ખડે પગે તેમની સેવા કરી છે.

ડૉ. કનુભાઈની હાજરીમાં જ તેમના પિતાશ્રી સ્વ. વકીલ ધનાભાઈ પટેલ સ્મૃતિગ્રંથનું ઝડપથી મુદ્રણ કરાવીને વિમોચન કરાવવામાં વલ્લભભાઈની દૂરંદેશિતા અભિનંદનીય બની રહે છે. આ પ્રસંગે ડૉ. કનુભાઈએ રાજીપો વ્યક્ત કર્યો હતો. સ્મૃતિગ્રંથ જોઈને તેમની આંખોમાં હર્ષનાં આંસુ ઊભરી આવ્યાં તે જોતાં જ અમારી આંખો પણ ભીની થઈ ગઈ હતી. આ સ્મૃતિગ્રંથનાં દર્શન કર્યા બાદ થોડાક દિવસોમાં તેમણે આ દુનિયા છોડી દીધી હતી. આપણી સંસ્થાને તેમની ભારે મોટી ખોટ પડશે. મને અંગત રીતે પણ તેમની ખોટ પડી છે. તેમની ખોટ ક્યારેય પુરાવાની નથી જ. તેઓ ધૂપસળી જેવું જીવન જીવી ગયા. અને મહેક મૂકતા ગયા. આપણે તેમના વિચારોનો – આદર્શોનો અમલ કરીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.


**ડૉ. મણિભાઈ એસ. પટેલ**
મંત્રીશ્રી,
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
મો. ૯૪૨૭૫૪૩૬૨૭


---

# આવા પ્રમુખ મળવા મુશ્કેલ છે

**ડૉ. જયંતીભાઈ એમ. પટેલ**

---

ડૉ. કનુભાઈ પટેલ સાહેબ આપણા ગુર્જર ખ્યાત ‘સર્વ વિદ્યાલય કેળવણી મંડળ’, કડીના સદ્ગત પ્રમુખશ્રી. તેમણે આપણા આ મંડળ - ગાંધીનગર શાખા સહિત – અને તેની અનેકવિધ સમિતિઓમાં બહુમૂલ્ય સેવાઓ આપી હતી. હકીકતમાં આ મંડળ તેમની સેવાઓ મેળવી ધન્ય બન્યું છે. મંડળ ગૌરવ અનુભવે છે કે ડૉ. કનુભાઈએ વિવિધ હોદ્દાઓ ઉપર સેવાઓ આપીને તે-તે ક્ષેત્રોને રળિયાત કર્યાં છે. ખાસ ગર્વ લેવા જેવી બાબત એ છે કે તેમની બૌદ્ધિકપ્રતિભા અને આગવી વિચારશક્તિથી પ્રભાવિત થતાં આપણા આર્ષદ્રષ્ટા ચૅરમૅન સદ્ગત પૂ. શ્રી માણેકલાલ સાહેબે તેમને ‘કડી સર્વ વિશ્વવિદ્યાલય’ના ડાયરેક્ટર (કુલપતિ)નું પદ શોભાવવા આગ્રહ કરતાં આ ગૌરવશીલપદ તેમણે શોભાવ્યું હતું. તેમણે આ મંડળ માટે - પોતાની માતૃસંસ્થા સર્વ વિદ્યાલય માટે જાત સમર્પિત કરી દીધી હતી. તેમની નજરમાં સર્વ વિદ્યાલય સદાય રમતું અમે જોયું છે. સર્વ વિદ્યાલયને તેમણે સ્વયં, પોતાનાં કુટુંબીજનો - સગાંસબંધીઓ ઉપરાંત પરિચિતો કે અપરિચિતો પાસેથી ઘણું દાન મેળવી આપ્યું છે, જેના આપણે સૌ સાક્ષી છીએ. અલબત્ત, તેમનાં આ પુણ્યકાર્યમાં પૂ. માણેકલાલ સાહેબ, પૂ. મોહનભાઈ સાહેબ, શ્રી સરદારભાઈ અને તેમની સાથે મંડળના અન્ય મોવડીઓ, સ્નેહીજનો વગેરેની ભારે મોટી હૂંફ રહી જ છે.

આવા ગરવા ડૉ. કનુભાઈ, ડૉ. રમણભાઈ અને હું (ડૉ. જયંતીભાઈ) સર્વ વિદ્યાલયમાં અને ત્યાર બાદ બી. જે. મેડિકલ કૉલેજમાં સહાધ્યાયીઓ હતા. મૅટ્રિક બાદ તેમણે કૉલેજનાં પ્રથમ બે વર્ષ ગુજરાત કૉલેજ અને અમે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કર્યો હતો. અમે માત્ર સહાધ્યાયી જ નહીં, અંતરંગ મિત્રો હતા. અમારી વચ્ચે સ્નેહપૂર્ણ સંબંધો સહજતાથી જળવાઈ રહ્યા હતા. આ પાછળનું મુખ્ય કારણ સર્વ વિદ્યાલયના સંસ્કાર અને ખાસ તો સર્વ વિદ્યાલયની સેવા કરવી એ અમારું લક્ષ્ય રહ્યું હતું. કનુભાઈએ મીઠાખળી – અમદાવાદમાં, અને અમે બંનેએ કડીમાં પ્રેક્ટિસ શરૂ કરી. રમણભાઈ

અને મારું વતન કરણનગર, જ્યારે કનુભાઈનું વતન ગણેશપુરા, તા. કડી. કનુભાઈના પિતાશ્રી કડીમાં વકીલાત કરતા હોઈ તેઓશ્રી કડીમાં નિવાસ કરતા, જ્યારે એસ.વી. માં અભ્યાસ દરમિયાન અમે બંને કરણનગરથી અપડાઉન કરતા. બી. જે. મેડિકલમાં અભ્યાસના બીજા વર્ષ દરમિયાન કનુભાઈનાં માતૃશ્રીનું અવસાન થયું હતું. તેમણે મેડિકલનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અમદાવાદમાં પ્રેક્ટિસ શરૂ કરતાં તેમના પિતાશ્રીએ વકીલાત બંધ કરી કનુભાઈ સાથે અમદાવાદમાં રહેવાનું શરૂ કર્યું. તેમના પિતાશ્રી વકીલ ધનાભાઈ સાહેબ કડીમાં વકીલાત શરૂ કરવાની સાથે સર્વ વિદ્યાલયને સમર્પિત બની રહ્યા હતા. કડી છોડ્યા પછી પણ સર્વ વિદ્યાલય કાજે કડીમાં આવવાનું તેમણે ચાલુ જ રાખ્યું હતું. આયખાના અંત સુધી સર્વ વિદ્યાલયને પોતાની સેવાઓ આપતા રહ્યા હતા. પિતાશ્રીનો આ ગુણ તેમનામાં તંતોતંત ઊતરી આવ્યો હતો. તેમણે પિતાનો વારસો સાચા અર્થમાં દીપાવ્યો છે.

ડૉ. કનુભાઈ અભ્યાસમાં તેજસ્વી રહેવાની સાથે ઇતર પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રહેતા. ચૂંટણીના ખેલાડી. અમારા મિત્રવર્તુળમાં જે કોઈ ચૂંટણી લડવાની ઇચ્છા દર્શાવે તેને જીતાડે જ. કૉલેજ હોસ્ટેલના ‘એ’ બ્લૉકમાં અમે રહેતા. અમારો મેડિકલનો વિદ્યાર્થીકાળ આજે પણ અમારા માનસપટલ ઉપર તરોતાજા છે. કનુભાઈ અમારા ગ્રૂપલીડર. તેમની યુવાસહજ મસ્તીની સાથે સામાજિક પ્રૌઢતા – ડહાપણ, અમને વિચાર કરતા મૂકી દે તેવાં. તેમનું આ ડહાપણ વાતોમાં નહીં, પરંતુ કાર્યમાં પરિણમતું અમે જોયું છે. અભ્યાસમાં તેજસ્વી હોવાથી એમ.બી.બી.એસ. પૂર્ણ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખી કોઈ વિષયક્ષેત્રના નિષ્ણાત બની શક્યા હોત, પરંતુ સામાજિક જવાબદારીઓને ધ્યાને લઈ અમદાવાદમાં પ્રેક્ટિસ શરૂ કરીને પોતાના કુટુંબને પોતાની જરૂરિયાતની પૂર્તિ કરવામાં પોતાનો ધર્મ માની જિંદગીપર્યંત નિભાવતા રહ્યા હતા.

મારા પ્રત્યક્ષ અનુભવે નોંધું છું કે ડૉ. કનુભાઈ એક ઉમદા માનવ હોવાની સાથે સેવાપરાયણ ડૉક્ટર પણ હતા. પોતાનાં કુટુંબીજનો, સ્નેહીજનો ઉપરાંત ગરીબ દરદીઓનો ઉપચાર પ્રેમથી કરતા. દરદીઓ પાસેથી ફી પણ પ્રમાણમાં ઓછી લેતા. મેડિકલ એથિકસ તેમના લોહીનો લય બની ગયું હતું.

તેમની સંગઠન શકિત અદ્‌ભુત. ભાઈચારાની લાગણી પણ ઉત્કટ. બી. જે. મેડિકલ કૉલેજમાં 1965માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ સાથે તેમણે જીવંત સંપર્ક બનાવી રાખ્યો હતો. આ બેચના વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર ભાઈચારો કેળવાતો રહે, એકબીજાના ઉપયોગી થવાય અને એક પરિવારની ભાવના કેળવાય અને અકબંધ રહે તેવા દુરંદેશિતાશીલ વિચાર સાથે તેમણે આ બેચના વિદ્યાર્થીઓ માટે સ્નેહમિલનનો કાર્યક્રમ સહાધ્યાયીઓ સાથે વિચાર-વિમર્શ કરીને તૈયાર કર્યો અને ક્રિયાન્વિત કર્યો અને તે પણ માત્ર એક વખત નહીં, તેમણે સતત ૨૫ વર્ષ તેનું નેતૃત્વ પૂરું પાડ્યું. અસંભવને તેમણે સંભવ કરી આપ્યું. છેલ્લે તેમણે 1965ની બેચને 2015માં 50 વર્ષ પૂર્ણ થતાં આ કાર્યક્રમનું આયોજન સી. એમ. કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરમાં કર્યું હતું, જેમાં વિદેશોમાં સ્થાયી થયેલા ઘણા ડૉકટરો હાજર રહ્યા હતા. તેમના જ નેતૃત્વ હેઠળ બી. જે. મેડિકલ કૉલેજમાં અમને ભણાવતા અધ્યાપકો – ગુરુજનોના સન્માન સમારોહનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ બી. જે. મેડિકલના ઇતિહાસમાં સૌપ્રથમ વખત આયોજિત કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં ઉપસ્થિત સૌની આંખો આર્દ્ર બની ગઈ હતી. ભાવસભર અને કલ્પનાતીત સમારોહ સાચે જ દર્શનીય બન્યો હતો.

ડૉ. કનુભાઈ એક રમતવીર જેવું શરીર સૌષ્ઠવ ધરાવતા હતા. સોહામણા પણ હતા, પરંતુ હૃદય નબળું હતું. પરિણામે તેમને ત્રણ સ્ટેન્ટ મૂકવામાં આવ્યાં હતાં. કમરની ગાદીની પણ થોડીક તકલીફ રહેતી. પોતે વ્યવસાયે તજ્જ્ઞ ડૉકટર હોવાથી પોતાની શારીરિક ક્ષમતા-અક્ષમતાથી સુપરિચિત હોવા છતાં શારીરિક મર્યાદાઓને ધ્યાને લીધા સિવાય સર્વ વિદ્યાલય માટે ૨૪ x 7 તૈયાર જ રહે. અમેરિકા ગયા ત્યારે ત્યાં હળવો ઍટેક અનુભવ્યો હતો. આ દરમિયાન એક મોટું દાન મળવાની સંભાવના પેદા થઈ, પરંતુ પોતાની શારિરીક સ્થિતિ જોતાં પ્રવાસ કરવો હિતાવહ ન હોવા છતાં ઈશ્વર ભરોસે હિંમત રાખીને પ્રવાસ ખેડીને સંસ્થા માટે મોટું દાન મેળવી લાવ્યા હતાં. આ છે ડૉ. કનુભાઈની સંસ્થાભકિત. દાન

મેળવવામાં તેમના સમરસતાપૂર્ણ હૂંફાળા સંબંધો, માનવીય સૂઝબૂજ, લાગણીપૂર્વકનો સ્વભાવ અને અનાગ્રહી પ્રકૃતિના કારણે ધાર્યા કરતાં અધિક રકમનું દાન મેળવી શકતા હતા. તેઓશ્રી પ્રસંગોપાત્તનાં ઉદ્‌બોધનોમાં અધ્યાપકોને સંશોધન કરવા ખાસ પ્રોત્સાહિત કરતા કે જેનાથી મોટું રેવન્યુ મળતાં વિદ્યાર્થીઓને મફતમાં – કોઈ જાતની ફી લીધા સિવાય - ભણાવી શકાય. વહીવટમાં કરકસરના આગ્રણી પણ ખરા. સૌને સાથે રાખીને કાર્યશીલ રહેતા. આપણા યુવા ચૅરમૅન શ્રી સરદારભાઈ સાથે ખભેખભો મિલાવી સંસ્થાના હિતમાં સદાય ચિંતા અને ચિંતન કરતા રહેતા હતા. તેમની ઉદાહરણસ્વરૂપ જોડી ખંડિત થઈ. સૌ સાથે હળવાશથી વાતો કરે. કોઈ પદ કે માનમોભાનો ઊંડે-ઊંડે પણ અણસાર જોવા ન મળે. સંસ્થાને આવા સમર્પિત, કર્મઠ, પરોપકારી અને દષ્ટિસંપન્ન પ્રમુખ મળવા મુશ્કેલ છે. તેઓશ્રી અગરબત્તી જેવું જીવન જીવી ગયા. આવા ગૌરવપૂત ડૉ. કનુભાઈ - સર્વ વિદ્યાલયરૂપી ગોવર્ધનધારીનું નિધન આપણ સૌ માટે અસહ્ય થઈ પડ્યું છે. ઈશ્વર આગળ આપણે સૌ પામર છીએ. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આપણને તેમનાં આદર્યાં – અધૂરાં કાર્યો પૂર્ણ કરવાની શકિત આપે, અને આ સાથે જ પૂ. સવિતાબહેન અને તેમનાં પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી ઈશ્વરને પ્રાર્થના.

**ડૉ. જયંતીભાઈ એમ. પટેલ**
મંત્રી, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ
૫૪, સરદાર સોસાયટી, કડી
મો. ૮૩૨૦૬૧૪૦૬૫

---

## પરમ મિત્ર અને સર્વ વિદ્યાલયના ગૌરવપુરુષ

**ડૉ. રમણભાઈ પટેલ**

---

મારા પરમ મિત્ર ડૉ. કનુભાઈ આપણી વચ્ચે નથી. આ વાત મારું હૃદય માનવા તૈયાર નથી, પરંતુ ભગવાને ગીતામાં કહ્યું છે કે,

**जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।**
**तस्मादपरिहार्यऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ २.२७ ॥**

(જેનો જન્મ છે તેનું મરણ નિશ્ચિત છે, તેમજ જેનું મરણ તેનો જન્મ પણ નિશ્ચિત છે. એટલે આ અપરિહાર્ય વસ્તુને માટે શોક કરવો તે યોગ્ય નથી. એ સનાતન સત્ય આપણે સ્વીકારવું પડે.)

ભાઈશ્રી કનુભાઈ સાથે અમે અમારાં જીવનનાં મહત્તમ વર્ષો સાથે પસાર કર્યાં. વિદ્યાર્થી અવસ્થામાં અમે – હું, ડૉ. કનુભાઈ તથા ડૉ. જયંતીભાઈ – સર્વ વિદ્યાલયમાં સહાધ્યાયી હતા. બી. જે. મેડિકલ કૉલેજમાં તેમજ હૉસ્ટેલમાં અમે સાથે હતા. શાળા જીવનમાં પણ તેમનો સ્વભાવ માયાળુ તથા હસમુખો હતો. તે સમયે અમે સારા મિત્રો હતા. તેમના પિતાશ્રી વકીલ ધનાભાઈ પટેલ તે સમયે કડી કૉર્ટમાં વકીલાત કરતા હતા અને કડી મનીપુરમાં નિવાસ કરતા હતા. કનુભાઈ તે સમયે શહેરમાંથી સાઇકલ લઈને આવતા. હું અને જયંતીભાઈ કરણનગરથી રોજ પાંચ કિલોમીટર ચાલીને આવતા-જતા. મને યાદ છે કે તે સમયે અમને એમની સાઇકલ ચલાવવા માટે અવારનવાર આપતા, જે સમયે અમારા માટે ખૂબ આનંદની વાત હતી.

ડૉ. કનુભાઈનો સ્વભાવ વિદ્યાર્થી-અવસ્થામાં જ સેવાપરાયણ, મિલનસાર, હસમુખો ચહેરો તથા નેતૃત્વના ગુણોવાળો હતો. આ ગુણ સમૃદ્ધિ તેમને તેમના પિતાશ્રી વકીલ ધનાભાઈ તરફથી વારસામાં મળી હતી. કૉલેજકાળમાં બી. જે. મેડિકલ કૉલેજમાં તે સમયે અમારી 1965ની સાલની બેચમાં ઉત્તર ગુજરાતના પાટીદાર વિદ્યાર્થીઓ અને ખાસ કરીને મહેસાણા જિલ્લાના વિદ્યાર્થીઓની એક આખી બૅચ હતી. ડૉ. કનુભાઈ તે સમયે અમારા સૌના નેતા હતા. મને યાદ છે કે બી. જે. મેડિકલની વિદ્યાર્થીમંડળની ચૂંટણીમાં તેઓશ્રી સેક્રેટરી તરીકે ચૂંટાયા હતા.

મેં કડીમાં દવાખાનું કર્યું હતું. તેમણે જ્યારે અમદાવાદ વસંતવિહાર સોસાયટીમાં પોતાના

નિવાસસ્થાને પ્રેક્ટિસ શરૂ કરી હતી. મારું દવાખાનું કડીમાં ડૉ. કનુભાઈના નિવાસ્થાન મનીપુર પાસે નજીકમાં હતું. ડૉ. કનુભાઈની મિત્રતાને હિસાબે તેમનાં સૌ પરિવારજનો સાથે સારો પરિચય હતો. તેમનાં સૌ પરિવારજનો પિતાશ્રી વકીલ ધનાભાઈ, બહેનો : તારાબહેન તેમજ પ્રભાબહેન જરૂર પડે તો અવારનવાર મારા દવાખાને આવતાં હતાં. હું પણ તેમના નિવાસસ્થાને અવારનવાર જતો હતો. ડૉ. કનુભાઈના વતન ગણેશપુરામાં પણ તેમનાં કુટુંબીજનો રહેતાં હતાં. તેમના કાકા શિવાભાઈ, વિઠ્ઠલભાઈનાં પરિવારજનો સાથે પણ મારે સારો પરિચય હતો.

ડૉ. કનુભાઈ અવારનવાર કડી આવતા ત્યારે મારા દવાખાને અચુક મને મળવા આવતા. તેઓશ્રી અમદાવાદ રહેતા હોઈ હું અને મારાં ધર્મપત્ની હસુમતી તેમના નિવાસસ્થાન વસંતવિહાર સોસાયટીમાં જતાં. ડૉ. કનુભાઈનાં ધર્મપત્ની સવિતાબહેનનો સ્વભાવ પણ ખૂબ માયાળુ છે. સર્વ વિદ્યાલયની સેવામાં તેઓ પણ હંમેશાં ડૉ. કનુભાઈની સાથે મિટિંગોમાં આવતાં. ડૉ. કનુભાઈનાં સર્વ વિદ્યાલયનાં કાર્યોમાં સવિતાબહેન તેમને હંમેશાં સાથ અને પ્રેરણા આપતાં. મારાં ધર્મપત્ની હસુમતી હંમેશાં કનુભાઈનો સેવાભાવી સ્વભાવ, પ્રસંગોનું આયોજન કરવાની આવડત તથા તેમની વકતૃત્વકળાને યાદ કરીને ગુણગાન કરતાં રહે છે. મારા સુપુત્ર ડૉ. હર્ષદને પણ ડૉ. કનુભાઈ સાથે સારા સંબંધો હતા, તે પણ તેમને હંમેશાં કનુકાકા તરીકે આદરથી સંબોધન કરતો અને અત્યારે પણ અવારનવાર ડૉ. કનુભાઈને યાદ કરે છે.

અમારી બી. જે. મેડિકલની સન 1965ની બેચનું દર વર્ષે રિયુનિયન થતું હતું. આ વિચાર પણ ડૉ. કનુભાઈનો હતો અને તેઓ દર વર્ષે નિયમિત અમારું રિયુનિયનનું આયોજન અમદાવાદના અમારા બે મિત્રો : ડૉ. સુકુમાર શાહ અને ડૉ. કિરણના સહકારથી કરતા હતા. અત્યારે હાલ પણ અમે સૌ દર વર્ષે, દરેક વર્ષના જાન્યુઆરીના પ્રથમ રવિવારે નિયમિત મળીએ છીએ. છેલ્લે ડૉ. કનુભાઈએ 2023ના જાન્યુઆરીમાં તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં સૌ મિત્રોને મળવા માટે તેમના પુત્ર મૌલિક તથા સવિતાભાભી સાથે હાજરી આપી હતી. અમારી 1965ની બેચના 2015માં પચાસ વર્ષ પૂરાં થતાં અમારી બેચની ગોલ્ડન જ્યુબિલી ઊજવવા માટે બે દિવસ રિયુનિયનનું બહુ જ સફળતાપૂર્વક, યાદગાર અને અદ્‌ભુત આયોજન આપણી નર્સિંગ કૉલેજના કૅમ્પસમાં કર્યું હતું. એ સમયે અમારા અમેરિકાના મિત્રો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સૌ મિત્રો ડૉ. કનુભાઈનું આયોજન જોઈને બહુ ખુશ થયા હતા.

કનુભાઈની સર્વ વિદ્યાલયની સેવા, દાન લાવવાની એમની આવડત તથા સર્વ વિદ્યાલયના વિવિધ પ્રસંગોનું આયોજન તથા તેમની વકતૃત્વકળાથી તો આપણે સૌ સુપેરે માહિતગાર છીએ. શરૂઆતમાં આપણા પૂર્વ ચૅરમૅન સ્વ. માણેકલાલસાહેબની સાથે તથા 2012 પછી હાલના આપણા ચૅરમૅન શ્રી વલ્લભભાઈ સાથે તેમણે ખૂબ જ ખંતથી સર્વ વિદ્યાલયને સમર્પિત થઈને કામ કર્યું. તેમની દાન મેળવવાની કળા અદ્‌ભુત હતી. તેમનાં મોટા ભાગના સંબંધીઓ અમેરિકા રહે છે. તેમાંના ઘણા આપણા સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે. ડૉ. કનુભાઈએ સર્વ વિદ્યાલય સંસ્થાને આર્થિક રીતે પગભર થવામાં મોટો ફાળો આપ્યો છે. દરેક મિટિંગમાં ડૉ. કનુભાઈ એમનું વક્તવ્ય આપવા ઊભા થાય ત્યારે દાનની બે-ત્રણ મોટી જાહેરાત તો હોય જ. તેમણે આપણી સંસ્થાને કરોડો રૂપિયાનું દાન મેળવી આપ્યું છે. સર્વ વિદ્યાલય માટે દાન લેવા માટે તેમણે બે વખત અમેરિકાનો પ્રવાસ કર્યો : પ્રથમ વખત આપણા સ્વ. ચૅરમૅન શ્રી માણેકલાલસાહેબ સાથે અને બીજી વખતે હાલના આપણા યુવાન અને ઉત્સાહી ચૅરમૅન શ્રી વલ્લભાઈ સાથે. બંને વખતે તેઓ નક્કી કરેલા ધ્યેયથી પણ વધારે દાન મેળવી લાવ્યા હતા. આપણા અત્યારના ચૅરમૅન શ્રી વલ્લભભાઈને પણ ડૉ. કનુભાઈનો સર્વ વિદ્યાલયના વહીવટમાં ટેકો તથા હૂંફ હતાં. શ્રી વલ્લભભાઈ હંમેશાં ડૉ. કનુભાઈને તેમની કામગીરી માટે બિરદાવતા. ગાંધીનગર કૅમ્પસની જવાબદારી લગભગ ડૉ. કનુભાઈ જ સંભાળતા હોવાથી શ્રી વલ્લભભાઈ સર્વ વિદ્યાલયના વિકાસ માટે નવાં-નવાં આયોજન કરી શકતા હતા.

ડૉ. કનુભાઈ સર્વ વિદ્યાલયનો વહીવટ કરકસરપૂર્વક થાય તે માટે પ્રયત્નો કરતા હતા. તેઓ હંમેશાં કહેતા કે આપણી સર્વ વિદ્યાલય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ એવી શોધો કરે કે એ શોધોની પેટન્ટમાંથી

આપણને એવી આવક થાય કે આપણે સૌ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા સિવાય ભણાવી શકીએ. તેમની એક ઇચ્છા હતી કે આપણે હોશિયાર અને ગરીબ વિદ્યાર્થીઓ માટે ફી લીધા સિવાય ભણાવી શકીએ એવી સ્કૂલ બનાવીએ અને તે માટે આપણા ચૅરમૅન શ્રી વલ્લભભાઈ તથા સંસ્થાના સૌ કાર્યકરો આવી સ્કૂલ માટે આયોજન કરી રહ્યા છે તથા તેના માટે દાન પણ મળવાનાં શરૂ થઈ ગયાં છે. સર્વ વિદ્યાલયની સેવા કરવા માટે તેમના સૌ પરિવારજનો, તેમનાં ધર્મપત્ની સવિતાબહેન, તેમનો સુપુત્ર મૌલિક, તેમની બંને બહેનો : તારાબહેન તથા પ્રભાવતીબહેન અને તેમની પુત્રીઓ : દીપિકા, પારુલ તથા કોમલ વગેરે મળતાં રહ્યાં સૌનો બહુ જ સાથ-સહકાર તથા મોટી હૂંફ હતાં. છેલ્લે એકાદ વર્ષથી તબિયત સારી રહેતી નહોતી. તેમનાં ધર્મપત્ની સવિતાબહેન તથા પુત્ર મૌલિકે ખરેખર બહુ જ સારી રીતે તેમની સેવા કરી હતી.

પૂજ્ય છગનભાના પ્રતાપે આપણા સર્વ વિદ્યાલયે સો વર્ષમાં ઉત્તરોત્તર ઘણી સારી પ્રગતિ કરી છે. ફક્ત છ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી આપણી આ સંસ્થા સર્વ વિદ્યાલય યુનિવર્સિટી સાથે કડી અને ગાંધીનગર એમ બંને કૅમ્પસમાં આશરે 52000 વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપે છે. આશરે 5 હજારથી અધિક વિદ્યાર્થીઓ છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરે છે, જ્યારે કન્યા વિદ્યાર્થિનીઓ પણ લગભગ બંને કૅમ્પસમાં થઈ 2,500ની સંખ્યામાં છાત્રાલયોમાં રહી અભ્યાસ કરે છે. કન્યાકેળવણી એ છગનભાનું સ્વપ્ન હતું. જે તેમના સમયમાં તેઓ પૂરું કરી શક્યા ન હતા. તે અત્યારે પૂર્ણપણે થઈ શક્યું છે. આ પ્રગતિ કરવા માટે આપણી સંસ્થાને સો વર્ષમાં એક-એકથી ચઢિયાતા સેવા પારાયણ વ્યવસ્થાપકો, આગેવાનો મળી આવ્યા છે. જેવા કે, પૂજ્ય છગનભાથી શરૂ કરીને શ્રી રામચંદ્ર અમીનસાહેબ, શ્રી પુરુષોત્તમદાસકાકા, શ્રી છગનભાઈ વકીલ, ડૉ. રામભાઈ, શ્રી માણેકલાલસાહેબ તથા હાલના યુવાન અને ઉત્સાહી ચૅરમૅન શ્રી વલ્લભભાઈ વગેરે સદ્નસીબે પ્રાપ્ત થતા રહ્યા છે. ડૉ. કનુભાઈ પણ આવા વિકાસપુરુષો તથા ગૌરવપુરુષોની યાદીમાં નામ ઉમેરીને આપણી વચ્ચેથી વિદાય થયા. સર્વ વિદ્યાલયને તેમની બહુ મોટી ખોટ સાલશે. ખાસ કરીને આપણા ચૅરમૅન શ્રી વલ્લભભાઈને તેમની ખોટ બહુ સાલશે. કારણ કે બંનેએ સાથે મળીને આપણી સંસ્થાનો વિકાસ તથા આર્થિક રીતે સક્ષમ કરવામાં બહુ જ મોટો ફાળો આપ્યો છે અને બંને એકબીજાના પૂરક થઈને સર્વ વિદ્યાલયની સેવા કરતા હતા.

સર્વ વિદ્યાલયના સૌ પરિવારજનોને –સૌ આચાર્યો, પ્રિન્સિપાલો, સૌ શિક્ષકગણ તથા આપણા મંડળના સૌ કાર્યકરોને તેમના પ્રત્યે ખૂબ માન અને પ્રેમની લાગણી હતી. વિરલ, નમ્ર, મૃદુભાષી, સારા વક્તા, સદાયે હસમુખો ચહેરો ધરાવતા એવા આપણા સર્વ વિદ્યાલયના ગૌરવપુરુષ અને વિકાસપુરુષ આપણી વચ્ચેથી વિદાય થયા. પરમ કૃપાળુ પરમાત્મા ડૉ. કનુભાઈના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે તેવી ભગ્ન હૈયે પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ આપીએ.

**ડૉ. રમણભાઈ પટેલ**
મંત્રીશ્રી, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક
મંડળ, કડી (મો. નં. 9824721099)

## પિતાજીનો સંસ્કાર વારસો સવાયો દિપાવનાર

**કિરીટભાઈ પટેલ**

પરમ શ્રદ્ધેય મુરબ્બી શ્રી ડૉ. કનુભાઈ સાહેબ આજે આપણી વચ્ચે નથી. આ વાત આપણે સ્વીકારી શકતા નથી. મહાભારતમાં પણ વેદવ્યાસજીએ કહ્યું છે કે, વિધાતાનું વિધાન કોઈ ટાળી શકતું નથી. જન્મ-મરણ, સુખ-દુઃખ વગેરેનું મૂળ કારણ તો કાળ જ છે. કાળનું ઉલ્લંઘન અશક્ય છે. ડૉ. કનુભાઈ સાહેબનું અવસાન અસાધ્ય બીમારીના કારણે થયું. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રભુને પ્રાર્થના.

ડૉ. કનુભાઈના પિતાશ્રી વંદનીય વકીલ શ્રી ધનાકાકા તથા મારા પિતાશ્રી સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે સર્વ વિદ્યાલયના વિકાસ માટે સમર્પિત બની રહ્યા હતા. મારા પિતાશ્રી પ્રસંગોપાત્ત પૂજ્ય ધનાકાકાને મળવા તેમનાં નિવાસે, અમદાવાદ જતા હતા. કોઈક-કોઈક દિવસ મને પણ તેમની સાથે લઈ જતા.

1960માં મૅટ્રિક પાસ કરી બે વર્ષ આપણી સાયન્સ કૉલેજમાં અભ્યાસ કર્યો, પછી નડિયાદમાં ડી. ડી. આઈ. ટી. માં બી.ઇ. કેમિકલ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવ્યો હતો. આ સમયગાળામાં ડૉ. કનુભાઈ સાહેબની અમદાવાદમાં ઘણી સારી મેડિકલ પ્રેક્ટિસ ચાલતી હતી. મીઠાખળી વિસ્તારમાં એક ખૂબ જ સારા તજ્જ્ઞ અને ગરીબોના હમદર્દ ડૉક્ટર તરીકે જાણીતા હતા. મારા પિતાજી પૂજ્ય ધનાભાઈ સાહેબ સાથે સર્વ વિદ્યાલયની વાતોમાં મશગૂલ હોય ત્યારે ડૉ. કનુભાઈ મૃદુભાષામાં મને મારા અભ્યાસ વિશે પૂછતા. ભણવામાં ધ્યાન આપવા ખાસ પ્રોત્સાહિત કરતા તથા કેમિકલ ક્ષેત્રના ઉજ્જ્વળ ભવિષ્ય વિશે સમજાવતા. કેમિકલ એન્જિનિયર થયા બાદ કેમિકસના ઉત્પાદન વિશે વિચારતો થયો હતો. પ્રસંગાપાત્ત ડૉ. કનુભાઈ સાહેબને મળવાનું ચાલુ રહેતાં પરસ્પર સ્નેહપૂર્ણ સંબંધો વિકસતા ગયા, તેમ તેમ મને તેમનામાં સાચા માનવસેવકનાં દર્શન થયાં. તેઓશ્રી પોતાના ડૉક્ટરી વ્યવસાયને ઈશ્વરે આપેલી માનવસેવા કરવા માટેની મોટી ભેટ ગણતા અને તે તેમણે સેવા કરવાનું જિંદગીના અંત સુધી ચાલુ રાખ્યું હતું. તેમણે ઇચ્છ્યું હોત તો મોટા ધનપતિ થઈ શક્યા હોત. અમેરિકા સ્થાયી થઈ, ખૂબ સમૃદ્ધિનું સુખ મેળવી શક્યા હોત, પરંતુ તેઓશ્રીએ પિતાજીનો સંસ્કાર વારસો આત્મસાત કરીને તેને દીપાવ્યો છે.

મારા પૂજ્ય શ્રી જયંતીકાકા તથા પૂજ્ય રમણકાકા બંને ડૉ. કનુભાઈ સાથે મેડિકલ કૉલેજના સહાધ્યાયી હતા. આ ત્રણેય ખૂબ સારા મિત્રો હતા અને ડૉ. કનુભાઈની કૉલેજ સમયની ખૂબ વાતો જણાવતા અને તે સાંભળી વિશેષ માનની લાગણી પેદા થતી.

ડૉ. કનુભાઈ સાહેબના નાના ભાઈ શ્રી ઘનશ્યામભાઈ સર્વ વિદ્યાલયમાં મારા સહાધ્યાયી હતા, સાથે બેસતા-ફરતા. અમે જ્યારે કેમિકલ્સનો નવો નવો ધંધો શરૂ કરવાનું વિચારતા હતા ત્યારે ખાસ ડૉ. કનુભાઈ સાહેબે કહેલું કે તારા મિત્ર ઘનશ્યામનો ભાગ રાખજે અને આમ શ્રી ઘનશ્યામભાઈને ભાગીદાર બનાવ્યા અને ધંધાનો વિકાસ કર્યો. પંદર વર્ષ સુધી સાથે ચાલ્યો, જ્યારે તે અમેરિકા જઈ સ્થાયી થયા ત્યાર બાદ તેઓએ જણાવ્યું કે હવે મારાથી ઇન્ડિયા નહીં અવાય, ત્યારે છૂટા થયા. આ સમયે ડૉ. કનુભાઈ સાહેબનું આ ધંધાના વિકાસ માટે ઘણું ખાસ માર્ગદર્શન મળી રહેતું હતું. તેમનો ખૂબ આભારી છું.

સમયનાં વહેણો વહી ગયાં ને એક દિવસ શ્રી માણેકલાલ સાહેબે બોલાવી સર્વ વિદ્યાલયમાં મંત્રી તરીકે જોડી દીધો ને ખૂબ સારી સેવા કરજે, તેવા આશીર્વાદ આપ્યા, ત્યારે શ્રી ડૉ. કનુભાઈ સાહેબ ત્યાં બેઠા હતા. તેમણે મને એક જ વાક્યમાં સમજાવ્યું કે આ સંસ્થાની સેવા એટલે પરમ પૂજ્ય પ્રમુખ સ્વામીની સેવા કરતા હોઈએ તેવો આનંદ મળશે. સંસ્થામાં ઊજવાતા પ્રસંગો, મિટિંગોમાં હંમેશાં શ્રી કનુભાઈ સાહેબની મૃદુભાષા સાંભળવા મળતી. તેમાંથી મને ઘણું શીખવા મળ્યું છે. કોઈ ઉપદેશના ભારણ વગર હળવાશ વાત કરતા, પોતાની વાતની સાથે લોકજીવનના સુભાષિતો, કાવ્યપંક્તિઓ વગેરેની સરસ ગૂંથણી કરતા હોઈ તેમનાં વક્તવ્યો પ્રભાવક બની રહેતાં. તેઓ આપણા સાચા અર્થમાં વિચારપુરુષ હતા. તેઓ આપણી Think Tank હતા. તેમની વાતો પરિણામદાયી બની રહેતી. આમ આપણને તેમની ગેરહાજરીની મોટી ખોટ પડી છે, જે ક્યારેય પુરાય તેમ નથી. આપણા શ્રી સરદારભાઈના તો જમણો અને ડાબો બંને હાથ હતા અને તેઓ એકલા પડી ગયા હોય તેમ દેખાય છે. તેમને આ આઘાત જીરવવો ભારે થઈ પડશે.

ડૉ. કનુભાઈ સાહેબ આપણા મોટા ગજાના દાતાઓ શ્રી દશરથભાઈ, શ્રી વિષ્ણુભાઈ, શ્રી ભગુભાઈ, શ્રી અશ્વિનભાઈ વગેરેનો પરિચય આપતા ત્યારે તેમને સાંભળતાં જ રહીએ તેવી અનુભૂતિ થતી. આપણી સંસ્થાની સો વર્ષની ઊજવણી માટે પણ ખૂબ તૈયારી કરી હતી. આમ પોતાની ફરજો માનવીય લાગણી સાથે અને ઉત્તરદાયિત્વની સભાનતા સાથે પૂરી કરતા રહ્યા હતા, જેના આપણે સૌ સાક્ષી છીએ.

મહાકવિ શ્રી ન્હાનાલાલે પોતાના પિતાની ગુણરાશિ વિશે કહેલું, જે આપણા ડૉ. કનુભાઈને પણ લાગુ પડે છે.

**શી-શી સંભારું ને શી-શી, પૂજું પુણ્ય વિભૂતિઓને.**
**પુણ્યાત્માનાં ઊંડાણો તો, આભ જેવાં અગાધ છે.**

પૂજ્ય કનુભાઈ સાહેબ ખરે જ એક પુણ્યાત્મા

હતા. આપણા સર્વ વિદ્યાલયના એક ધ્રુવતારક હતા, જે ખરી પડ્યો.

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને ભલે કહ્યું છે કે જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે, તેથી શોક ન કરવો. પરંતુ ડૉ. કનુભાઈ સાહેબ તો સર્વ વિદ્યાલયનું મોંઘેરું રતન હતા, તેથી શોક કેમ ન થાય ?

આપણી સભાઓમાં હવે તેમનો એ મૃદુ અવાજ નહીં સંભળાય, તેનું ખૂબ દુઃખ અનુભવું છું. ઈશ્વરની લીલા અકળ છે. જે ગમે તેમને જ આપણી પાસેથી તેમની પાસે બોલાવી લે છે. ઈશ્વર સદ્ગત આત્માને શાંતિ આપે. પૂજ્ય સવિતાબહેન અને તેમના પરિવારને દુઃખ જીરવવાની શક્તિ આપે, તેવી ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના.

જય સ્વામિનારાયણ.

**કિરીટભાઈ પટેલ**

---

## ધરતીના અનોખા જીવ

**હસમુખભાઈ જી. પટેલ**

માનનીય સ્વ. ડૉ. કનુભાઈ સાથે મારો પરિચય આમ તો વર્ષો જૂનો. અમે અવારનવાર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કાર્યક્રમોમાં મળતા. મારે તેમની સાથે ગાઢ સંબંધ ગાંધીનગરમાં વર્ષ 2009માં કાલુપુર બેંકની શાખા જ્યારે કડી કેળવણી મંડળના કેમ્પસ ગાંધીનગરમાં ખોલવામાં આવી ત્યારથી અમે બેંકની શાખા વિકાસ સમિતિના સભ્ય તરીકે જોડાયા હતા. શાખાની મિટિંગોમાં અમારે વધુ મળવાનું થતું. મેં અનુભવ્યું છે કે તેઓ સરળ, સૌમ્ય અને મિલનસાર સ્વભાવ ધરાવતા હતા. હંમેશાં બીજાને મદદ કરવાની ભાવના તેમના હૈયામાં રહેતી. આવા ઉમદા સ્વભાવથી તેઓ ભારે લોકચાહના મેળવતા રહ્યા હતા.

તેઓશ્રી વ્યવસાયે ડૉક્ટર હતા અને અમદાવાદમાં ડિસ્પેન્સરી ધરાવતા હતા. તેઓ અમદાવાદમાં વસતા સમાજના ગરીબ અને જરૂરિયાત-મંદ દર્દીઓને હૃદયની સચ્ચાઈથી નજીવા દરે સારવાર કરતા. સાથે-સાથે સમાજસેવાના કાર્યોમાં પણ તેઓ સહાયરૂપ થતા હતા. હું જાણું છું કે તેઓ ડૉક્ટર હોવા છતાં દર અઠવાડિયે એક દિવસ દવાખાનું બંધ રાખીને શિક્ષણ સેવાઓની સંસ્થાઓમાં વ્યતીત કરતા હતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં મારા પિતા સ્વ. શ્રી ગોપાલભાઈ અને તેમના પિતા સ્વ. શ્રી ધનાભાઈ વચ્ચે ઘણા સારા સંબંધો હતા. સંસ્થામાં સેવા આપતા ત્યારે અવારનવાર મળતા ત્યારથી હું ધનાભાઈ સાહેબ તથા માણેકલાલ સાહેબને મળતો અને તેમને જાણતો થયો.

તેમના પિતાશ્રી વકીલ ધનાભાઈ પટેલે આ શિક્ષણ સંસ્થાનાં વિકાસ અને પ્રગતિમાં સક્રિય સહયોગ આપ્યો હતો. તેમની જેમ જ શ્રી કનુભાઈ સાહેબ પણ આવા જ પ્રકારની સેવાઓની સુવાસ ફેલાવતા રહ્યા હતા. કોઈ પણ સંસ્થા માટે જો દાન મેળવવા જતા હોઈએ ત્યારે પહેલાં આપણે જ તેમાં યોગ્ય ફાળો આપવો જોઈએ. એટલે કે ચેરિટી બીગેન ફ્રોમ હોમ. આવી વિચારધારાથી તેઓએ પોતે રૂ. 5/- લાખનું દાન આર્થિક રીતે નબળા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ભોજન ખર્ચમાં રાહત માટે આપ્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે ડૉનેશન એકઠું કરવા તેઓ શ્રી માણેકલાલ સાહેબ સાથે વિદેશ પ્રવાસે જઈ સંસ્થા માટે દાન એકઠું કરતા હતા. ત્યાર બાદ તેઓ વલ્લભભાઈ સાહેબ (સરદારભાઈ) સાથે મળીને પણ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે પરદેશમાં રહે છે તેમના સતત સંપર્કમાં રહી **'સર્વ વિદ્યાલય એબ્રોડ'**ના નેજા હેઠળ સર્વને સંસ્થાની માહિતીનું આદાનપ્રદાન કરીને તેમની પાસેથી ડૉનેશન મેળવી લાવ્યા હતા. આ ડૉનેશન તેઓ સંસ્થાના વિકાસ કાર્યોમાં ઉપયોગ કરતા રહે છે. સર્વ વિદ્યાલય કેળવણીમંડળની કઈ રીતે પ્રગતિ થાય તેનો સતત વિચાર તેમના મનમાં રહેતો હતો અને તેને અનુરૂપ કાર્યો કરવા માટે તેઓ હંમેશાં તત્પર રહેતા હતાં. આવાં અનેક સરાહનીય કાર્યો તેઓ થકી થયાં હતાં, જેના

આપણે સાક્ષી છીએ.

આવા ગૌરવપૂર્ણ અને વિરલ વ્યક્તિત્વથી સંપન્ન સ્વ. શ્રી ડૉ. કનુભાઈ ડી. પટેલ સાહેબને હું નતમસ્તક અંજલિ પાઠવું છું. ઈશ્વરને પ્રાર્થના કરું છું કે ધરતીના અનોખા જીવને પોતાનામાં સમાવી લો.

ૐ શાંતિ : શાંતિ : શાંતિ :

**હસમુખભાઈ જી. પટેલ**

મંત્રીશ્રી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર

## ઉમદા સેવાપરાયણ વ્યક્તિત્વ

**પ્રિ. ડાહ્યાભાઈ પટેલ**

હું જ્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત પ્રમુખ સ્વામી સાયન્સ ઍન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે જોડાયો ત્યારે ડૉ. કનુભાઈના પિતાશ્રી ધનાભાઈ વકીલ કે જેઓ તે વખતે મંત્રી હતા, તેમની સાથે મળવાનું થતું. તેઓશ્રી અમારી સાથે ખૂબ સારી રીતે વર્તાવ કરતા અને કૉલેજની જરૂરિયાતો પૂર્ણ કરતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે દાનની જરૂરિયાત પડી તે વખતે પૂજ્ય ધનાભાઈ અમેરિકા જઈને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી ફંડ લઈ આવ્યા હતા.

પ્રિન્સિપાલ તરીકેના મારા કાર્યકાળ દરમ્યાન તેમના સુપુત્ર ડૉ. કનુભાઈની સુપુત્રી ચિ. પારુલનો સંબંધ મારા સુપુત્ર ચિ. સંજય સાથે કરવામાં આવ્યો હતો. ચિ. સંજય આર્કિટેક્ટ છે. સામાજિક સંબંધોની દૃષ્ટિએ અમે વેવાઈઓ થઈએ. અમારે પરસ્પર ભારે ઉષ્માપૂર્ણ સંબંધો રહ્યા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ઉપરાંત મારે જ્યારે કૉલેજના કામે મુંબઈ, બેંગલોર, ભોપાલ કે દિલ્હી જવાનું થતું ત્યારે પૂજ્ય ધનાભાઈના આશીર્વાદ લઈને જ જતો. તેમના આશીર્વાદથી મારાં તમામ કામો ખૂબ સફળ થતાં હતાં.

પોતાના પિતાશ્રી પૂ. વકીલ ધનાભાઈ પટેલની સેવાભાવના અને સર્વ વિદ્યાલય પ્રત્યેની નિષ્ઠા આત્મસાત કરીને ડૉ. કનુભાઈએ સર્વ વિદ્યાલયને વહાલું કર્યું. સર્વ વિદ્યાલય કાજે પોતાની જાત સમર્પિત કરી દીધી. પોતાના પિતાશ્રીના પગલે-પગલે સર્વ વિદ્યાલય માટે વખતોવખત અમેરિકા જઈ મોટું દાન મેળવી લાવતા રહ્યા હતા. છેલ્લે-છેલ્લે ચૅરમૅનશ્રી વલ્લભભાઈ અને તેઓશ્રી અમેરિકા જઈ રૂપિયા 35 કરોડની રકમનું દાન લાવ્યા હતા. મારા વેવાઈ તરીકે જ નહીં, પણ એક ઉમદા સેવાપરાયણ માનવ તરીકે ડૉ. કનુભાઈને મનોમન વંદન પાઠવું છું. તેમની વિદાયથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને અને સમાજને ખૂબ મોટી ખોટ પડી છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ પાઠવે તેવી અમારી પ્રાર્થના છે.

**પ્રિ. ડાહ્યાભાઈ પટેલ**

## સર્વ વિદ્યાલયના મેરુસ્તંભ ડૉ. કનુભાઈ પટેલ સાહેબ

**મણિભાઈ પ્રજાપતિ**

ગુજરાતી સાહિત્યનાં વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં યશોદાયી પ્રદાન કરનાર અને ખાસ તો ગુજરાતીમાં ‘લઘુકથા’ના જનક – પ્રવર્તક તેમજ શીલભદ્ર સારસ્વત સદ્‌ગત મોહનલાલ પટેલ સાહેબ (પૂર્વ આચાર્ય, સર્વ વિદ્યાલય, કડી) ગુરુપરંપરા (શ્રી મોહનભાઈ સાહેબ – શ્રી ભોળાભાઈ પટેલ – શ્રી રઘુવીરભાઈ ચૌધરી – શ્રી તુલસીભાઈ પટેલ – મણિભાઈ પ્રજાપતિ)ની પાંચમી પેઢીએ આ લખનારના દાદાગુરુ થાય. વર્ષ 1991માં પાટણ યુનિવર્સિટીમાં જોડાયા બાદ અને પાટણમાંથી સેવાનિવૃત્તિ બાદ વર્ષ 2010 માં ‘કડી સર્વ વિશ્વવિદ્યાલય’, ગાંધીનગરમાં જોડાવાનું થતાં, પૂજ્ય દાદાગુરુ સાથે પ્રસંગોપાત્ત મળવાનું થતાં સર્વ વિદ્યાલય વિશે ઘણું બધું

સાંભળવા મળ્યું. સર્વ વિદ્યાલયના અસ્તિત્વના પ્રાણપરુષ પૂ. છગનભા અને તેમના સમકાલીનો, અનુકાલીન કર્ણધારો પૂ. માણેકલાલ સાહેબ વગેરેએ પૂર્ણતઃ સેવાભાવથી સમર્પિત થઈને સંસ્થાવિકાસ માટે કરેલ પ્રદાન, ઉમદા અને અખંડ પ્રણાલીઓ વગેરેથી સુપરિચિત થવાયું. પૂજ્ય સાહેબશ્રીના મુખેથી સર્વ વિદ્યાલયની ગૌરવગાથા સાંભળીને અને તેમના દ્વારા રચવામાં આવેલ ઇતિહાસગ્રંથ વાંચીને ખરે જ ગર્વ અને ધન્યતા અનુભવું છું. તેઓશ્રી ખરા અર્થમાં સર્વ વિદ્યાલયનો જ્ઞાનકોશ હતા.

કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં જોડાવાનું થયું ત્યારથી ડૉ. કનુભાઈ પટેલ સાહેબ સાથે પ્રસંગોપાત્ત સંપર્કમાં આવવાનું બન્યું, પરંતુ આ પૂર્વે પૂ. મોહનભાઈ સાહેબનો અમૃતપર્વ મહોત્સવ વર્ષ 2001માં પાટણ યુનિવર્સિટીના પ્રાંગણમાં યોજવામાં આવ્યો ત્યાર પછી ક્વચિત્ તેમને મળવાનું થતું રહેતાં તેમનાથી પરિચિત થવાયું, પરંતુ તેમના આંતરવ્યકિતત્વ, તેમની પ્રતિભા અને સર્વ વિદ્યાલય પ્રતિ તેમણે પ્રતિબદ્ધતાપૂર્વક જાતે સ્વીકારેલ ઉત્તરદાયિત્વ વિશે પૂ. મોહનભાઈ સાહેબ પાસેથી ઘણું જાણવા મળ્યું હતું. ડૉ. કનુભાઈ સાહેબનાં તપઃપૂત આચાર-વિચારથી રસાયેલ વ્યકિતત્વના દર્શનનો પડઘો વિખ્યાત ચિંતક બર્ટાન્ડ રસેલના શબ્દો : **'હું એ અભિપ્રાયનો છું કે મારું જીવન પૂરા સમાજની સંપત્તિ છે. હું જ્યાં સુધી જીવું ત્યાં સુધી એ સમાજ માટે હું જે કંઈ કરી શકું એ કરતો રહું એ મારો વિશેષાધિકાર હોય. જીવન મારે માટે ટૂંકી જલી જતી મીણબત્તી નથી. એ વિચાર મશાલ છે. જે આ ક્ષણે મેં પકડી છે. હું એને પૂરી ભવ્યતાથી જલાવતો રહીશ, ભવિષ્યની પેઢીઓને એ જાજ્વલ્યમાન દીપશાખા હું પસાર થઈ જાઉં તે પહેલાં સોંપતો જઈશ.'**માં સ્પષ્ટ સંભળાય છે.

ડૉ. કનુભાઈ સાહેબનું વતન ગણેશપુરા ગામ, તા. કડી. તેમનો જન્મ મોસાળમા – ઊંટવા, તા. કડીમાં તા. 8 એપ્રિલ, 1947 ના રોજ થયો હતો. તેમનાં માતા-પિતાનું નામ શ્રીમતી મંગળાબહેન અને શ્રી વકીલ ધનાભાઈ હરગોવિંદભાઈ પટેલ. આ દંપતીના પરિવારમાં 6 બાળકો : કનુભાઈ, લીલાબહેન, પ્રભાબહેન, વિજયભાઈ, તરાબહેન અને ઘનશ્યામભાઈ. પિતાશ્રી ધનાભાઈ પટેલ કડીમાં વકીલાત કરતા હોઈ કડીમાં જ સ્થાયી થયા હતા. કનુભાઈએ મૅટ્રિક સુધીનું શિક્ષણ સર્વ વિદ્યાલયમાંથી મેળવ્યું હતું. 1963માં મૅટ્રિકની પરીક્ષા પાસ કર્યા બાદ અમદાવાદની ગુજરાત કૉલેજમાં બે વર્ષ અભ્યાસ પૂર્ણ કરી બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં પ્રવેશ મળતાં 1970 માં એમ.બી.બી.એસ. થયા હતા. અત્રે નોંધ કરવી રહી કે પોતાનાં બાની બીમારીના કારણે પરિવારજનોના આગ્રહને વશ થઈ એમ.બી.બી.એસ. ના અભ્યાસના પ્રથમ વર્ષ દરમિયાન તેમણે લગ્ન કરી લીધાં હતાં. તેમનાં પત્નીનું નામ શ્રીમતી સવિતાબહેન. તેમના પરિવારમાં બે પુત્રીઓ : ચિ. દીપિકા તથા પારૂલ અને પુત્ર ચિ. મૌલિક છે.

અભ્યાસમાં તેજસ્વી હોવા છતાં પોતાના સામાજિક ઉત્તરદાયિત્વને ધ્યાને લેતાં – પોતાનાં માતૃશ્રીનું અવસાન, પોતાનાં 5 નાનાં ભાઈ-બહેનો વગેરેનો વિચાર કરતાં મનોમન એમ.ડી./એમ.એસ.ના અભ્યાસના સ્થાને મેડિકલ પ્રેક્ટિસ શરૂ કરવાનું મુનાસિબ માન્યું. અને આ માટે પ્રારંભમાં અમદાવાદમાં પોતાના નિવાસસ્થાને અને ત્યાર બાદ મીઠાખળી (અમદાવાદ)માં પ્રેક્ટિસ શરૂ કરી. સેવાપરાયણ માતા-પિતાના સંસ્કારથી અનુપ્રાણિત જીવે મેડિકલ વ્યવસાયને કોરો વ્યવસાય તરીકે આત્મસાત્ ન કરતાં તેમાં સેવાભાવનાનાં દર્શન કર્યાં. ડૉ. કનુભાઈની ડૉક્ટરી તજ્જ્ઞતા, સહૃદયતા અને સંવેદનશીલ પ્રકૃતિના કારણે દરદીઓથી દવાખાનું ઊભરાવા લાગ્યું. તેમણે ખૂબ જ ટૂંકા ગાળામાં એક તજ્જ્ઞ અને સેવાપરાયણ ડૉક્ટર તરીકે મીઠાખળી વિસ્તારમાં નામના પ્રાપ્ત કરી લીધી હતી. ડૉ. કનુભાઈના અવસાનના સમાચાર જાણતાં મીઠાખળી વિસ્તારના એક પૂર્વ દરદીએ તેમના પરિવારને દિલાસો આપવા મોકલી આપેલ શોકસંદેશ : "With the passing away of our own Dear Dr. Kanubhai, not only his near & dear family but the whole of the MITHAKHALI graam area and Jaldarshan Society, has lost a gem. His ever smiling face, soft demeanor and humble approach added with his perfect diagnosis of an aliment, was enough to

instill confidence in the patient.''માં તેમણે મેળવેલ ભારે લોકચાહનાનો દ્યોતક બની રહે છે.

સર્વ વિદ્યાલયને પોતાની સેવાઓની જરૂરિયાત રહેતાં ડૉક્ટરી પ્રેક્ટિસ તેમણે ક્રમશઃ ઘટાડી દીધી હતી, પરંતુ દરદીઓના આગ્રહ અને અનુનયને કારણે અંશતઃકાલીન ચાલુ રાખી હતી. કોરોનાકાળમાં અને સ્વયં બીમાર થઈ જતાં પોતાની ડિસ્પેન્સરીમાં ન જઈ શકવાના અપવાદને બાદ કરતાં દરદીઓ સાથે પોતાના સંબંધો ચાલુ રાખતા રહ્યા હતા, અર્થાત્ દરદીઓને ઘેર બેઠાં બેઠાં ફોન/મોબાઇલ થી જરૂરી પ્રિસ્ક્રિપ્સન લખી આપતા રહ્યા હતા. ડૉ. કનુભાઈ સાહેબનું પરોપકારી અને સજ્જનતાની મૂર્તિ સમાન વ્યકિતત્વનાં પ્રસંગોપાત્ત દર્શન કર્યાં છે, તે નીચેનાં બે સુભાષિતોમાં જોવા મળે છે. તેઓશ્રી સાચે જ આચાર-વિચારમાં એકરૂપ જોવા મળ્યા છે. ગુસ્સો/ક્રોધ તો એમના જીવનકોશમાં સ્થાન પામ્યો ન હતો. તેમના મુખારવિંદ ઉપર અણગમો શોધે પણ ન જડે તેવી સ્વસ્થતા દર્શનીય બની રહેતી.

**यथा चित्तं तथा वाचा यथा वाचा तथा क्रिया ।**
**चित्ते वाचि क्रियायां च साधूनामेकरूप कता ॥**

(જેવું મનમાં હોય છે તેવું વાણીમાં આવે છે. જેવી વાણી હોય છે તેવી ક્રિયા થાય છે. સજ્જન માણસોમાં મન, વાણી અને ક્રિયામાં એકરૂપતા હોય છે.)

**उदये सविता रक्तो रक्तश्चास्तमने तथा ।**
**सम्पत्तौ च विपत्तौ च महतामेकरूपता ॥**

(સૂર્ય ઊગે છે ત્યારે લાલ હોય છે. અસ્ત પામે છે ત્યારે પણ તેવી જ રીતે લાલ હોય છે. તેવી જ રીતે મહાન પરુષો સંપત્તિમાં (સુખમાં) અને વિપત્તિમાં (દુ:ખમાં) ચિત્તનું સમતોલપણું રાખે છે.)

એક સંવેદનશીલ અને સેવાપરાયણ ડૉક્ટર હોવાની સાથે બી. જે. મેડિકલ કૉલેજમાં અભ્યાસ દરમિયાનના સહાધ્યાયીઓ અને ખાસ કરીને 1965માં પ્રવેશ મેળવનારાઓ પરસ્પર સુપરિચિત બની રહેવાની સાથે તેઓમાં ભાઈચારાની લાગણી અકબંધ બની રહે તેના હિમાયતી બની રહ્યા હતા. આ ગ્રૂપના બધા જ ડૉક્ટરોનું વર્ષમાં એક વખત સહપરિવાર સ્નેહમિલનનું આયોજન કરવાની જવાબદારી તેઓશ્રી સ્વેચ્છાએ નિભાવતા રહ્યા હતા. આ ગ્રૂપ છેલ્લાં 25 વર્ષથી સતત મળતું રહે છે. આ ગ્રૂપને **2015**માં 50 વર્ષ પૂર્ણ થતાં તેની **Golden Jubilee**નું આયોજન તેમણે સી. એમ. નર્સિંગ કૉલેજ, ગાંધીનગરમાં ભારે ઉત્સાહ અને ગૌરવપૂર્ણ રીતે કર્યું હતું. વર્ષ 2023ના જાન્યુઆરી માસમાં આયોજિત સ્નેહમિલન સમયે નાદુરસ્ત તબિયતના કારણે પોતે આયોજન કરી શક્યા ન હતા, આમ છતાં તેમનાં પત્ની શ્રીમતી સવિતાબહેન અને પુત્ર ચિ. મૌલિકભાઈને લઈને સૌને મળવા ગયા હતાં. કોઈએ કલ્પના પણ કરી નહીં હોય કે આ તેમનું અંતિમ દર્શન હશે. ડૉ. કનુભાઈના આ પ્રેરક પાસાંની નોંધ તેમના સહાધ્યાયીઓ ડૉ. જયંતીભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, ડૉ. વર્ષા પી. શાહ, આ ગ્રૂપના એડમિન ડૉ. વિનોદ શાહ વગેરે સૌએ પ્રસન્નતા અને ઋણસ્વીકારની ભાવના સાથે નોંધ લેવા ઉપરાંત તેમના વ્યકિતત્વની કેટલીક ખાસિયતો ઉજાગર કરી આપી છે.

વ્યવસાયિક પ્રતિબદ્ધતા અને નીતિમત્તાના પાલન સાથે સામાજિક ઉત્તરદાયિત્વનું પાલન સ્વધર્મ તરીકે તેઓશ્રી કરતા રહ્યા હતા. આ અંતર્ગત પોતાના પિતાએ જે શાળામાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું હતું, તે સર્વ વિદ્યાલય, કડીની સેવા કાજે પોતાની જાત સમર્પિત કરી દીધી હતી, તે શાળામાં પોતે અને પોતાનાં ભાઈ-બહેનોએ પણ શિક્ષણ મેળવ્યું હતું. આ શાળાને પિતાશ્રીના પગલે પગલે આયખાના અંત સુધી સમર્પિત બની રહ્યા હતા. આ શાળાના સંચાલક મંડળના મંત્રીશ્રી, ઉપપ્રમુખ, પ્રમુખ, વિવિધ સમિતિઓના ચૅરમૅન કે સભ્ય, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર (કુલપતિ) કે.એસ.વી.ના સત્તામંડળ (એકિઝક્યુટિવ કાઉન્સિલ)ના સભ્ય વગેરે હોદ્દાઓ ઉપર તેમણે વખતોવખત સેવાઓ આપી હતી. આ ઉપરાંત કડી નાગરિક સહકારી બૅંકના ડાયરેક્ટર, નારણપુરા મેડિકલ એસોસિએશન - અમદાવાદ, પ્રમુખ, બી. જે. મેડિકલ કૉલેજ એલુમની ઍસોસિયેશન – અમદાવાદ, કાલુપુર કો. કો-ઓપરેટિવ બૅંક – ગાંધીનગર શાખાની વિકાસ સમિતિના સભ્ય વગેરે પદો ઉપર સેવાઓ આપી હતી. વધુમાં, તેઓશ્રી એક ડૉક્ટર હોવાના નાતે અમદાવાદ મેડિકલ ઍસોસિયેશન – GSB IMAના આજીવન સભ્ય પણ

હતા.

વહીવટીય શિસ્તના હિમાયતી બની રહેવાની સાથે વિવિધસ્તરના શિક્ષણના હાર્દને આત્મસાત કરવાની સાથે દેશ-પરદેશમાં પ્રચલિત શિક્ષણના પ્રવાહોથી અવગત પણ રહેતા હતા. મંડળ સંચાલિત વિવિધ કોલેજો અને યુનિવર્સિટી દ્વારા આયોજિત પરિસંવાદો, અધિવેશનો વગેરે તેમજ મંડળની સામાન્ય સભા કે કારોબારી સભામાં પ્રસંગોચિત ઉદ્‌બોધનોમાં ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ પ્રદાન કરવાના આગ્રહી બનવાની સાથે અધ્યાપકોને પોતપોતાના વિષયોમાં અદ્યતન સંશોધનો કરવા અને સંશોધનોની પેટન્ટ રજિસ્ટર્ડ કરાવવા માટે ભારપૂર્વક જણાવતા રહેતા હતા. તેમનું એક ઉમદા સ્વપ્ન હતું કે સંશોધનો થકી રેવન્યુ રળી શકીએ તો તેનો ઉપયોગ અદ્યતન માળખાગત સુવિધાઓ ઊભી કરવામાં તેમજ સર્વ વિદ્યાલયની કોઈ પણ સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પાસેથી કોઈ જાતની ફી લીધા સિવાય તેને મફતમાં ભણાવવા માટે કરવો.

પ્રસ્તુત સ્વપ્ન પર નિર્ભર થઈ બેસી ન રહેતાં તેઓશ્રી જરૂરતમંદ વિદ્યાર્થીઓને આર્થિક રીતે સહાયરૂપ નીવડવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને વખતોવખત દાન પણ આપતા રહ્યા હતા. પોતે દાન આપવા ઉપરાંત પોતાનાં કુટુંબીજનોને દાન આપવાની પ્રેરણા પૂરી પાડીને દાન અપાવતા રહ્યા હતા. આ ઉપરાંત પોતાના અંગત સંબંધો ખપમાં લાવીને દેશ-પરદેશમાંથી મોટી રકમોનાં દાન મેળવી આપતા રહ્યા હતા. તેમના વ્યક્તિત્વ સંબંધી નોંધપાત્ર બાબત એ છે કે દાતાશ્રીઓ પાસેથી દાન મેળવ્યા બાદ પણ તેમની સાથે અંતરંગ સંબંધો જાળવી રાખતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઇતિહાસની ગૌરવપ્રદ ઘટના એ છે કે પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ અને કુલસચિવશ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલાના પ્રતિનિધિ મંડળે વર્ષ 2018 માં અમેરિકાની દાન-યાત્રા કરીને સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સમાજસેવી દાનવીરો પાસેથી રૂપિયા 35 કરોડનું દાન મેળવ્યું હતું. આ પૂર્વે પણ ડૉ. કનુભાઈ સદ્‌ગત ચૅરમૅન શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબ, શ્રી નરસિંહભાઈ સાબેહ અને શ્રી મોહનભાઈ સાહેબ અમેરિકાની મુલાકાત લઈને ધાર્યા કરતાં અધિક રકમનું દાન મેળવ્યું હતું. સર્વ વિદ્યાલયને દાન મળતું રહેવામાં સર્વ વિદ્યાલયની આભા અને તેના સંસ્થાપક પૂ. છગનભા તેમજ વખતોવખતના કર્ણધારોની નિઃસ્વાર્થ સેવાપરાયણતા અને કર્તવ્યનિષ્ઠા તેના પાયામાં રહી છે. ઘણી વખત તો પોતાની શારીરિક અક્ષમતાને અને ક્વચિત્ તો હાર્ટ-ઍટેક જેવા હળવા હુમલાથી ગ્રસિત હોવા છતાં દાનના પ્રાપ્ત પ્રસ્તાવ સમયે સર્વ વિદ્યાલય કાજે જોખમ ઉઠાવીને દાન લેવા ગયા છે. આ સંદર્ભે એકાદ અનુભવ તેમના જ શબ્દોમાં જોઈએ :

'આ વખતનો મારો અમેરિકાનો પ્રવાસ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના મંત્રી તરીકેનો હતો નહિ. થોડાક સામાજિક પ્રસંગો અને પૂજ્ય પિતાશ્રી વકીલ ધનાભાઈ હ. પટેલના દેહાવસાન પછી ભાઈ-બહેનોને મળવાનો પ્રસંગ હતો... ભારત પાછા ફરવા માટે પાંચમી સપ્ટેમ્બરના રોજ હું ન્યૂ યૉર્ક પહોંચી ગયેલો, ત્યાં 6, સપ્ટેમ્બરે આર. કે.નો ફોન આવ્યો કે 'તમારે શિકાગો આવવું પડશે...' 'નર્સિંગ કૉલેજના ટાઈટલ માટે નક્કી થાય તેવું લાગે છે...' મેં કહ્યું : 'આર. કે. ટેલિફોનથી કામ પતે તેવું હોય તો પતાવી દો ને. મારી તબિયત ઠીક નથી...' આર. કે. પટેલે - 'રૂબરૂ તો આવવું જ પડશે.' તેવો આગ્રહ કરતાં બે દિવસ પછીનું ન્યૂયોર્કથી શિકાગો જતું વિમાન પકડ્યું. વિમાને ટેઈક ઑફ કર્યું, આકાશમાં થોડું સ્થિર થયું અને મને પ્લેનમાં Anginaનો દુઃખાવો થયો. પ્રભુકૃપાએ થોડીક જ ક્ષણોમાં દુઃખાવો ચાલી ગયો અને હેમખેમ શિકાગો પહોંચી જવાયું. બીજે દિવસે 10 વાગે શ્રી મફતભાઈ સાથેની મુલાકાત નક્કી હતી. તેમના પરિવારના સભ્યો અને તેમનો સ્ટાફ સાથે હતો. વિચારોનું આદાનપ્રદાન માંડ દસ-પંદર મિનિટ ચાલ્યું અને શ્રી મફતભાઈએ ચંચળબેન મફતલાલ પટેલ નર્સિંગ કૉલેજ માટે રૂ. 1.25 કરોડ અને ચંચળબહેન મફતલાલ પટેલ નર્સિંગ કૉલેજ હોસ્ટેલ માટે 51 લાખ એમ કુલ 1 કરોડ, 76 લાખનું દાન આપવાની તત્પરતા દેખાડતાં જ સૌએ હર્ષભેર દરખાસ્ત વધાવી લીધી.' ('મૂલ્યનિષ્ઠ - માનવતાવાદી શ્રી મફતલાલ વિઠ્ઠલદાસ પટેલ : પરિચયાત્મક ઝલક' તા. 06/01/2009). તેમનું આ સાહસ સર્વ વિદ્યાલય પ્રત્યેની તેમની અસાધારણ

સંસ્થા ભક્તિનું દ્યોતક બની રહે રહે છે.

તેમનાં પ્રસંગોપાત્તનાં ઉદ્‌બોધનો અભ્યાસપૂત રહેવાની સાથે રસિક બની રહેતાં. વિષયને અનુરૂપ વક્તવ્ય અને અસ્ખલિત ધારાપ્રવાહ શ્રોતાજનોને મંત્રમુગ્ધ કરી દેતો. ખાસ તો પોતે પ્રેક્ટિસિંગ ડૉક્ટર હોવા છતાં સાહિત્ય સાથેનો અંતરંગ નાતો સૌને સ્પર્શી જતો. તુલસીદાસ, કબીર, ગની દહીંવાલા, સૈફ પાલનપુરી, બર્ટાન્ડ રસેલ, શેક્સપિયર વગેરેની તેમજ લોકહૈયામાં જીવતી પ્રભાવક સૂક્તિઓને પોતાના વક્તવ્યમાં કુશળતાથી વણી લેતા જોવા મળ્યા છે. આ સાથે જ વિવિધ દાતાશ્રીઓનો પરિચય કરાવતાં દાતાશ્રીની દાનપ્રકૃતિ, વ્યવસાય, વતન સાથેનો નાતો વગેરે વિશેની ઝલક પ્રભાવક રીતે પ્રસ્તુત કરતા રહેતા. આ કાર્યોમાં તેમનાં ઉત્સાહ અને અધ્યયનશીલતાનાં દર્શન થાય છે. તેઓશ્રી વિદગ્ધ વક્તા હોવાની સાથે વિચારકુશળ લેખક પણ હતા. શિક્ષણની સમસ્યાઓ, શ્રમ આધારિત શિક્ષણ, દાતાશ્રીઓનાં ચરિત્રાંકનો વગેરે વિશે ‘સર્વપ્રિય’, ‘સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત’, ‘ઉમિયાદર્શન’, ‘ધરતી’ વગેરે સામયિકોમાં પ્રસંગોપાત્ત લેખો લખતા રહ્યા હતા. આ સંસ્કાર વારસો તેમણે પોતાના પિતાજી પાસેથી મેળવ્યો છે. પૂ. ધનાભાઈ સાહેબ પણ જીવનમાં જડેલી વાતો ઉપરાંત ખેડૂતોની સમસ્યાઓને વાચા આપતા રહ્યા હતા. ડૉ. કનુભાઈ સાહેબનાં ઉદ્‌બોધનો અને લેખન-પ્રવૃત્તિમાં તેમનાં વ્યાપક વાંચન-ચિંતનનો સ્પષ્ટ પડઘો જોવા મળે છે. તેમના લેખનમાંથી જડેલાં શિક્ષણ ચિંતન કે મૂઠી ઊંચેરા દાનવીરોને નવાજતાં હૃદયસ્પર્શી વિધાનો તેમજ મૌક્તિકો અને લેખન શૈલીની લઢણનાં ઉદાહરણો નીચે ઉદ્‌ધૃત કર્યાં છે. આવો આપણે મમળાવીએ :

**● શિક્ષણચિંતન વિશેના ઉદ્‌ગારો :**

• “વ્યકિતગત કે સંસ્થાગત પૂર્વગ્રહો રાખી આપના બુદ્ધિચાતુર્યનો ઉપયોગ તેઓને નીચા દેખાડવા અથવા જોઈતા અભ્યાસક્રમો ન આપીને વિદ્યાર્થીઓનું અહિત તો નથી કર્યું ને ? લેભાગુ સંસ્થાઓને પુરસ્કાર વિવિધ અભ્યાસક્રમો માટે જોડાણ આપ્યા હોય અને ખરેખર સેવા માટે જ જે સસ્થાઓનો જન્મ થયો હોય તેઓને અન્યાય તો નથી કર્યો ને ? સરકારી જી.આર., યુનિવર્સિટીના નિયમો-અધિનિયમોનો બુદ્ધિપૂર્વક અર્થનો અનર્થ કે તેના છિદ્રોનો ઉપયોગ કોઈને ફાયદો કરવા કે કોઈને ગેરફાયદો કરવામાં જો કર્યા હોય તો અહીંની દુનિયાની દૃષ્ટિએ આપે ચતુરાઈ કરી લે તેવું લાગશે, પણ આપણા સૌની દુનિયાના ઉપર એક કુદરતની હકૂમત આપણા સૌની રાહ જોઈને જ બેઠી છે. ત્યાં કર્મના સિદ્ધાંતનું જડબેસલાક માળખું ગોઠવાયેલું છે. રાજા શ્રીરામના પિતાશ્રી દશરથ રાજાને પણ કર્મના કાયદાએ છોડ્યા નથી.” (‘એક ખુલ્લો પત્ર... શિક્ષણપ્રેમીઓને’. *ઉમિયાદર્શન* વર્ષ-1, અંક-9, ઑક્ટોબર, 2009 પૃ. 19.)

• “ભણ્યા એટલે શ્રમ ન કરાય, આબરુ જાય. આ નહીં ચાલે ભણ્યાં છો તે સારી ગૃહિણી બનવા માટે, કેળવાયેલી માતા બનવા માટે. દેશને જરૂરી કેળવાયેલા નાગરિકો તૈયાર કરવા માટે. એક અભણ માતા કરતાં સારી રીતે કેળવાયેલ ભણેલી માતા પોતાનાં બાળકોનો ઉછેર સારી રીતે કરી શકશે. દેશના સળગતા પ્રશ્નો સારી રીતે સમજી શકશે. પોતાના રોજબરોજના આર્થિક વ્યવહારોમાં સારી રીતે આયોજન કરી શકશે. પોતાનામાં તથા પોતાની વાણીમાં વિનય-વિવેક લાવવા માટે ભણતર છે, નહિ કે શ્રમ છોડી દેવા માટે. ઘરના વડીલો સવારે છ-સાત વાગે ઊઠી જાય અને આપણે મોડા સુધી ઘોર્યા કરીએ તો જ ભણેલાં કહેવાઈએ ? તો પછી સવારનાં ગૃહકાર્યોનું શું થાય ?... ભણેલાં શ્રમ આધારિત નોકરી કે ધંધો નહીં કરે તો સરવાળે તેમને જ ગુમાવવાનું આવશે. અમેરિકા કે વિકસિત દેશોમાં ગાડી ચલાવીને ફરનાર દરેક યુવક કે યુવતી શ્રમ કરી પોતાનાં કામ કરે છે. કોઈ પણ કાર્ય પ્રત્યે તેમને સૂગ નથી. શ્રમ આધારિત કોઈ પણ કામની નાનમ નથી કે નથી કોઈ છોછ. માટે તેઓ વિકસિત છે અને આપણે અવિકસિત.’ (‘શ્રમનો મહિમા ઘટાડતું શિક્ષણ’. *ઉમિયાદર્શન*. પૃ. 9)

• “સંવેદના વગર જિંદગી નકામી છે. સંવેદના વગરનું મૅનેજમેન્ટ નકામું છે. (‘સંવેદનના સૂર : અડગ હિમાની’. *સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત*. જુલાઈ-ઑગસ્ટ 2014. પૃ. 29.)

• “જગતના સૌથી ધનાઢ્ય અને એટલા જ તાકતવર દેશો, ટેક્નૉલૉજીનો ઉપયોગ પળેપળ જીવનમાં

અને વ્યવહારમાં, સિક્યોરિટીમાં અને સેનિટેશનમાં, માર્ગદર્શનમાં અને પરિવહનમાં કર્યો છે તે જાતે જોયા વિના ન સમજાય.'' ('સવા ત્રણ કરોડના દાનવીર શ્રી દશરથભાઈ રામદાસ પટેલ'. *સર્વપ્રિય* (2005) પૃ. 7-12.)

**● સર્વ વિદ્યાલય અને તેના કર્ણધારો વિશેનાં ઉદ્ગારો :**

• ''સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વણથંભી યાત્રા સતત ચાલુ જ રહી છે અને તેનો વિકાસ સતત નીરખતાં નીરખતાં જે કોઈ પણ સર્વ વિદ્યાલયનાં બંને કેમ્પસની મુલાકાતે આવે છે ત્યારે આ શિક્ષણના તીર્થધામોનાં દર્શન કરતાં કરતાં આનંદિત થાય છે અને જાતે આ વણથંભી કૂચને સતત ચાલતી રાખવા પોતાનાથી શક્ય તેટલું યોગદાન આપી તેને સતત ઊંજણ પૂરું પાડે છે.'' ('સવા ત્રણ કરોડના દાનવીર શ્રી દશરથભાઈ રામદાસ પટેલ'. *સર્વપ્રિય* (2005) પૃ. 7-12.)

• 'સૌના હૈયે એક જ મંત્ર **'કર ભલા હોગા ભલા'**. બુદ્ધની પેલી 'બહુજન સુખાય, બહુજન હિતાય' ભાવનાનો જાણે 'કર ભલા હોગા ભલા'માં પડઘો પડે છે. સૌનું ભલું કરો તો બધું સારું થશે એ ભાવનામાં કયાંયે સ્વાર્થ નજરે ચડતો નથી. બસ શ્રૃદયમાં સંવેદના ભરો અને તમારાથી થાય તે બીજાનું ભલું કરો. સર્વ વિદ્યાલયના કર્ણધારો વિવિધ સમયે જ્યાં પણ જરૂર પડી ત્યાં પોતાની સંવેદના સતત પ્રગટાવતા રહ્યા છે અને પ્રગટાવી રહ્યા છે. સેંકડો હજારો વિદ્યાર્થીઓ તેનાથી નવપલ્લવિત થાય છે. કંઈ કેટલાએ આ તેજમાંથી પોષણ મેળવ્યું છે. સૂર્યના પ્રકાશની ગરમીથી મળતા પોષણની જેમ પોષણ મેળવ્યું છે અને ચંદ્રની જેમ શીતળ ચાંદની પણ મેળવી છે.'' ('સંવેદનના સૂર - અડગ હિમાની'. *સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત*. જુલાઈ-ઑગસ્ટ 2014. પૃ. 27.)

• 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ વિરાટ મશાલ છે. પૂ. છગનભાએ પ્રગટાવેલી આ ભવ્ય જ્યોતને કર્તવ્યપ્રેમી એવા પૂ. દાસકાકા, પૂ. શ્રી રામચંદ્ર અમીન, શ્રી માણેકલાલ પટેલ તથા શ્રી એન. કે. પટેલ તેમજ તેમના અગણિત સાથી કાર્યકરો જલાવી રહ્યા છે. અંધારાથી પ્રકાશ તરફ, મૂલ્યનિષ્ઠ સંસ્કાર તરફ સમાજને જાગ્રત કરી રહ્યા છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેના આઠ દાયકામાં અત્યંત સફળતાપૂર્વક પોતાની કામગીરી બજાવી રહ્યું છે. કોઈ પણ સંસ્થા માટે આટલો લાંબો ગાળો સફળતાપૂર્વક નિભાવવો તે અત્યંત સરાહનીય ગણાય. આટલાં વર્ષો પછી કોઈ પણ સંસ્થા ઘરડી થાય, પરંતુ સર્વ વિદ્યાલય કેળવણી મંડળે નિત નવા શણગાર સજી યૌવન જાળવી રાખ્યું છે. તેનો સઘળો યશ સંસ્થાના ભૂતપૂર્વ અને વર્તમાન કર્ણધારો, ભૂતપૂર્વ અને વર્તમાન આચાર્યશ્રીઓ, ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ તથા ભૂતપૂર્વ અને વર્તમાન નિષ્ઠાવાન શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફને ફાળે જાય છે. પૂ. છગનભાના 'કર ભલા હોગા ભલા'ના મંત્રને લક્ષ્યમાં રાખી સંસ્કાર સાથે શિક્ષણ આપતી સંસ્થાને પોષતી દાતાશ્રીઓની ઉદાત્તભાવના પણ યશની ભાગીદારી છે.'' ('મંત્રીશ્રીનું નિવેદન' *શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર : દશાબ્દી સ્મૃતિગ્રંથ'*, 2000-2001 પૃ. 13.)

• મુ. શ્રી માણેકલાલ સાહેબ (અમારા માટે તો ગામ તરફે પૂ. મામા સાહેબ) ની કાર્યપદ્ધતિ કાબિલેતારીફ છે. જે કોઈ નિર્ણય કરવાનો હોય તે જો જનહિતમાં હોય તો ત્વરિત નિર્ણય કરવો અને તેને ત્વરિત અમલમાં મૂકવાની કાર્યવાહી કરવી અને ટૂંક સમયમાં તેનું જનહિતાર્થે પરિણામ બતાવવું અને તે થકી કદાચ કોઈને જે તે વખતે નિર્ણય ન ગમ્યો હોય પણ સરવાળે પરિણામ જોઈ પોતે ખોટો વિરોધ કરતા હતા તે અહેસાસ જે તે વ્યકિતને થતો અમે નિહાળ્યો છે. પોતાના સાથી કાર્યકરોને પોતે વિચારેલ પ્લાન ગળે ઉતારી પોતે ધારેલ કામ પોતાની રીતે (જે મોટા ભાગે સાચું જ નીવડતું) કરાવવાની લોકશાહીયુક્ત ડિક્ટેટરશિપના તેઓ નિષ્ણાત છે. ('લોકસંગ્રહાર્થે ડેમોક્રેટિવ ડિક્ટેટર'. *કર્મચૂડામણિ માણેકલાલ*. સંપા. મોહનલાલ પટેલ અને અન્ય. કડી : શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, 2010 : પૃ. 85-88)

**● દાતાશ્રીઓની દાનભાવના અને ચારિત્રિક વિશેષતાઓ વિશેના ઉદ્ગારો :**

**● શ્રી દશરથભાઈ પટેલ**

• 'હણહણતા અશ્વ જેવા અને જેના હૈયે ઉત્સાહ

સમાતો નથી તેવા ખૂબ જ ઉત્સાહી ખરણાના વતની ચિરાગ કે. પટેલના સથવારે જ્યારે ન્યૂ જર્સી સ્ટેટના ચેરીહીલ વિસ્તારમાં વસવાટ કરતા શ્રી દશરથભાઈ રામદાસ પટેલના ત્યાં પહોંચ્યા ત્યારે સમી સાંજ થઈ ચૂકી હતી. વાતાવરણમાં અનેરો ઉત્સાહ હતો અને જેમ રામચંદ્ર અને હનુમાનજીનો પ્રથમ મિલાપ થયો અને હનુમાનજી જેમ રામચંદ્રને ઓળખી ગયા અને જાણે વર્ષોના સથવારા હોય તેમ ત્રણથી ચાર જ મિનિટમાં મારે રૂ. 51 લાખ આપવા છે અને દસમી મિનિટે તો કહ્યું કે કમારે કૉલેજના ટાઈટલ સાથે નામ જોડવું છે.' પ્રતિનિધિ મંડળને 24 ઑક્ટોબર સુધીનો સમય આપી 24 મી ઑક્ટોબરે સવારે ટેલિફોન પર રૂ. સવા ત્રણ કરોડનું માતબર દાન આપી સર્વ વિદ્યાલયના નવમા દાયકા સુધીના ઇતિહાસમાં એકલપંડે સૌથી વધુ દાન આપનાર વ્યકિત બન્યા શ્રી દશરથભાઈ રામદાસ પટેલ.'('સવા ત્રણ કરોડના દાનવીર શ્રી દશરથભાઈ રામદાસ પટેલ. સર્વપ્રિય.' (2005) પૃ. 5-6.)

● 'સાત સમંદર પાર ધરતીને સામે છેડે વસેલો અદ્‌ભુત અને વિશ્વનો સૌથી સમૃદ્ધ દેશ એટલે અમેરિકા ? અમેરિકા વિજ્ઞાન અને હાઈ-ટેક્નૉલૉજીમાં સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરી રહ્યો છે. સર્વ વિદ્યાલય, કડી અને વિદ્યાર્થી આશ્રમ, કડીમાં શિક્ષા-દીક્ષા પામી ચૂકેલા ભૂતપૂર્વ એન.આર.આઈ. વિદ્યાર્થીઓ અમેરિકા અને કેનેડામાં મોટી સંખ્યામાં પોતાના પરિવાર સાથે સ્થાયી થયા છે. આ સૌ કેળવણી પ્રેમી સજ્જનો અને સન્નારીઓને માતૃસંસ્થા સર્વ વિદ્યાલય અને તેની કડી-ગાંધીનગર ખાતેની તમામ ભગિની સંસ્થાઓ પ્રત્યે આજે પણ અગાધ પ્રેમ છે, ઉત્કટ લાગણી છે. અમે પહેલી વાર અમેરિકાનો પ્રવાસ કર્યો ત્યારે એમના અતિથિ બનવાનો જે મોકો માણેલો અને તેમની આગતા સ્વાગતાનો જે 'ભારતીય ઉમળકો' અનુભવેલો તે કેમ ભૂલાય ? એમાં સહેજેય ઓટ આવી નથી. ('સવા ત્રણ કરોડના દાનવીર શ્રી દશરથભાઈ રામદાસ પટેલ.' *સર્વપ્રિય* (2005) પૃ. 7-12.)

**● શ્રી વિષ્ણુભાઈ પી. પટેલ**

● 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' એ બાબતે ભાગ્યશાળી છે કે તેના દાતાઓમાંના ઘણા દાતાઓ સ્વયંભૂ દાનવીરો છે. અને નાનકડી અપીલની જ જરૂર અને લાખો-કરોડોના દાનની ગંગા વહ્યા કરે. પોતાના અંતરમાં દાન આપવાની અભિલાષા વગર આ શક્ય નથી. 42 સમાજના, નારદીપુર (તા. કલોલ) ગામના વતની શ્રી વિષ્ણુભાઈ પી. પટેલ (વી.પી. ના હુલામણા નામથી મશહૂર) અને હું મારા ઘરમાં બેઠા હતા. વાતવાતમાં શ્રી વી.પી. એ મને વાત કરી કે 'કનુભાઈ, હું ખોટું નહિ બોલું. મને આપની સંસ્થા માટે એટલું માન છે કે મેં મારા પરિવારના સભ્યોને કહી રાખ્યું છે કે કદાચ મને અચાનક કાંઈ થઈ જાય (ભગવાન તેમને સો વર્ષનું આરોગ્યસભર આયુષ્ય આપે.) તો રૂ. 51 લાખ સર્વ વિદ્યાલય કેળવણી મંડળને દાનમાં આપી આવજો.' (સર્વપ્રિય, 2006. જૂન સળંગ 43.)

**● શ્રી મફતલાલ પટેલ**

● 'દાતાશ્રી મફતલાલ વિઠ્ઠલદાસ પટેલના સ્વભાવથી ઊડીને આંખે વળગે એવી વિશેષતા ને નજાકત એ છે કે અમેરિકામાં શાકાહારીઓ માટે તેઓએ સુંદર અને સ્વાદિષ્ટ ભોજન અને વાનગી વ્યંજનોની વ્યવસ્થા ઘણા સ્થળોએ પૂરી પાડી છે. પાટીદાર કોમના કોઈ પણ શિક્ષિત યુવાન ભાઈબહેનને જો ભારતમાંથી અમેરિકા આવી સ્થાયી થવું હોય અને તે નોકરી, વ્યવસાય કે આવાસ અંગેની કોઈ પણ મુશ્કેલી અનુભવતા હોય તો તેઓએ શ્રી મફતભાઈનો સંપર્ક કરવો અને તેઓ આ અંગે યથાશકિત પ્રબંધ કરી આપશે એવું તેઓશ્રી જાહેરમાં પણ કહેતા હોય છે. નમ્રતા, નિયમિતતા, નિષ્ઠા, ઓછું બોલવું, કામ વધુ કરવું, મદદની ભાવના, યુવાનોને આગળ લાવવાના પ્રયત્નો કરવા, દાનકર્મ કરવું – વગેરે ઉમદા ગુણો ધરાવતા શ્રી મફતલાલ સૌનું દિલ જીતી લે એવું વ્યક્તિત્વ ધરાવે છે. ('મૂલ્યનિષ્ઠ માનવતાવાદી મફતલાલ વિઠ્ઠલદાસ પટેલ : પરિચયાત્મક ઝલક'. તા. 6/1/2008.)

**● શ્રી બળદેવભાઈ, શ્રી નારાયણભાઈ અને શ્રી અંબાલાલભાઈ ગોપાળદાસ પટેલ**

● 'બાવળની શૂળ પગમાં વાગે છે અને એની વેદનાથી મુખ આહ પોકારે છે, આંખ આંસુ સારે છે અને

હાથ એ શૂળ કાઢવા તત્પર બને છે. ત્યારે ઈશ્વરદત્ત આ પ્રક્રિયા દ્વારા ઈશ્વર આપણને એવો સંકેત કરે છે કે બીજાનું દુઃખ હળવું કરવા માટે સૌએ પોતપોતાની રીતે તત્પર રહેવું જોઈએ. આપણે કેટલું આપીએ છીએ તેના કરતાં આપણે કયા ભાવથી આપીએ છીએ તે વધારે મહત્ત્વનું છે. સંપત્તિ વધારનાર કરતાં વાપરનારાની તથા સુખને ભોગવનાર કરતાં સુખને વહેંચનારની જગતમાં પ્રશંસા થાય છે અને તેઓ જ પ્રભુને પ્યારાં છે. વિદ્યાદાન મહાન પુણ્ય કર્મ છે. પોતાનાં સદ્કાર્યોથી, પોતાની સંપત્તિના સદ્વ્યયથી પોતાનો ગૃહસ્થાશ્રમ ઊજળો કરનાર ભાઈઓની ત્રિપુટીની વિગતો આપતાં ધન્યતા અનુભવું છું. ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ડીંગુચા ગામના વતની શ્રી સ્વ. બળદેવભાઈ ગોપાળદાસ પટેલ તથા શ્રી નારાયણભાઈ ગોપાળદાસ તેમજ શ્રી અંબાલાલ ગોપાળદાસ પટેલ, આ વિદ્યાપ્રેમી ત્રણેય ભાઈઓ સદ્કાર્યો માટે એકબીજાની હોડમાં ઊતર્યા હોય તેમ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાનાં કન્યા કેળવણી સંકુલમાં ત્રણ-ત્રણ છાત્રાલયોના દાતા બન્યા છે.' ('ગાંધીનગર કેમ્પસમાં ઉમિયા કન્યા છાત્રાલયોની વિદ્યાપ્રેમી દાનવીર ત્રિપુટી (ડીંગુચાવાળા)ની પરિચયાત્મક ઝલક'. *સર્વપ્રિય*, ઑક્ટોબર 2002. સળંગ અંક - 34, પૃ. 6-7)

- **શ્રી યશવંતભાઈ (અશ્વિનભાઈ પટેલ)**

● 'હાલ પરદેશમાં સ્થાયી હોવા છતાં ત્યાં બેઠાં પ્રત્યેક શ્વાસે મા, માતૃભૂમિ અને માતૃસંસ્થાનો ધબકાર ઝીલતા પુરુષાર્થી પાટીદાર શ્રી યશવંતભાઈ (અશ્વિનભાઈ) એ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' કડીના હીરકમહોત્સવ પ્રસંગે અમેરિકા ગયેલ પ્રતિનિધિમંડળને ગાંધીનગર કેમ્પસની અંગ્રેજી માધ્યમની કૉમર્સ કૉલેજ માટે રૂ. 25 લાખનું માતબર દાન નોંધાવીને પોતાના સગાને સરસાવ ગામના વતની શ્રી વિનુભાઈ એમ. પટેલના આત્મવિશ્વાસને મોટો પ્રતિસાદ પૂરો પાડ્યો એટલું જ નહિ પોતાની જ માતૃસંસ્થા પ્રત્યેનું પ્રેમભર્યું ઋણ અદા કર્યું. સર્વ વિદ્યાલય સંસ્થાનું અહોભાગ્ય ગણાય છે કે આવા કેળવણીપ્રેમી સુપુત્રોના સ્નેહ અને ભક્તિભાવથી જ આવિર્ભૂત થઈ ખીલી-પાંગરીને વિકસી છે.' ('પરુષાર્થી પાટીદાર દાનવીર શ્રી યશવંતભાઈ એ. પટેલ.' *સર્વપ્રિય*, માર્ચ-એપ્રિલ, 2022 પૃ.2.)

**સમાપન :**

ડૉ. કનુભાઈ સાહેબના લેખનમાંથી ઉપર દર્શાવેલાં પસંદગીનાં અવતરણો તેમને પામવા માટે, ઓળખવા માટે દસ્તાવેજી આધારસ્રોત પૂરો પાડે છે. અહીં ઉદાહરણ તરીકે ઉધ્ધૃત કરેલાં ત્રણ અલગ અલગ પ્રકારનાં અવતરણો તેના વાચકને આદર્શ કર્તવ્યપથ તરફ પ્રેરવા પ્રેરક બની રહે છે. શિક્ષણચિંતન અંતર્ગત શિક્ષણક્ષેત્રમાં પ્રચલિત કાવાદાવા અને રુગ્ણમાનસિકતા તરફ હૃદયનાં ઊંડાણમાં રહેલી આગ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. શિક્ષણમાં શ્રમકાર્યનો મહિમાગાવાની સાથે જ વિકાસશીલ દેશોની કાર્યનીતિ અપનાવવાનો – કંઈક શીખવાનો અનુરોધ સ્વસ્થ વિચારશક્તિનો પ્રતીતિકારક બની રહે છે. માતૃસંસ્થા સર્વ વિદ્યાલય પ્રત્યેની અનન્ય આસ્થા લોહીનો લય બની ગઈ છે તે આ વિધાનોમાં સ્પષ્ટ જોવા મળે છે. સર્વ વિદ્યાલયના પૂર્વ કર્ણધારોનો ઋણસ્વીકાર કરવાની સાથે જ પૂ. માણેકલાલ સાહેબની દુરંદેશિતા અને તેમની અનોખી કહી શકાય તેવી 'લોકશાહીયુક્ત ડિક્ટેટરશિપ'ના ભારે પ્રશંસક છે. સર્વ વિદ્યાલયના દાતાશ્રીઓની દાનભાવના અને તેમના સેવાપરાયણ વ્યક્તિત્વનું દર્શન કરાવવામાં તેમની ચિત્તાકર્ષક અભિવ્યક્તિકલા સાહિત્યિક સંસ્પર્શની સહજમાં અનુભૂતિ કરાવે છે. આવા આત્મસ્ફૂરણાથી સમર્પિત અને જ્ઞાન-કર્મ-ભક્તિયોગથી રસાયેલ અને કસાયેલ મૂઠી ઊંચેરાં માનવરત્નોથી આ સંસ્થા સદાકાળ સંપન્ન બની રહે તેવી ઈશને પ્રાર્થના.

**મણિભાઈ પ્રજાપતિ**

# કુટુંબીજનો અને સગાં-સંબંધીઓનાં શ્રદ્ધા-સુમન

## સાહેબ

તા. 25-4-1966ના રોજ ડૉક્ટર સાહેબની સાથે લગ્નજીવનની શરૂઆત થઈ હતી. બધાં ભાઈ-બહેનો, કુટુંબીજનો, સ્નેહીજનો, મિત્રો તથા સર્વ સામાજિક કાર્યો વચ્ચે 22-7-2023નો દિવસ આવી ગયો, જેણે સાહેબને અમારાથી દૂર કરી દીધા. લગ્નદિવસથી સાહેબના નિર્વાણદિન સુધી હું અને સાહેબ સાથે ને સાથે જ. પહેલાંના જમાનામાં પતિને નામથી બોલાવતા નહોતા, પરંતુ બધા તેમને ડૉક્ટરસાહેબ/સાહેબ કહેતાં એટલે મારા મોઢે પણ 'સાહેબ, સાહેબ' ચઢી ગયું. આજે તેમની હયાતી નથી, પણ ઊંઘમાં પણ 'સાહેબ, જમવા ચાલો, સાહેબ આમ કરીશું, તેમ કરીશું, અહીંયાં જઈ આવીશું.'' શબ્દો મગજમાં અથડાયા કરે છે. સાહેબ મારા માટે પૂર્ણ પુરુષોત્તમ હતા અને પવિત્ર પુરુષોત્તમ માસની ચોથના દિવસે અમને સર્વ સ્નેહીજનોને મૂકીને પુરુષોત્તમ ભગવાનના ચરણોમાં લુપ્ત થઈ ગયા.

અમારા કુટુંબમાં સાહેબ મોભી. બધી જ આર્થિક, સામાજિક, દાક્તરી જવાબદારીઓ મને સાથે રાખીને બખૂબી પૂર્વક પૂર્ણ કરી. જતાં-જતાં પણ જે રીતે અમે બંનેએ 57 વર્ષ સુધી કુટુંબ, સ્નેહીજનો અને ભાઈ-બહેનોની સંભાળ લીધી તે રીતે એમના ગયા પછી પણ હું એ જ રીતે સાચવી રાખું તેવી ભલામણ કરતા ગયા. હું કે અમારું કુટુંબ એમના વગર રહેવા જરાય ટેવાયેલું નથી. અમારી બંને દીકરીઓ દીપિકા અને પારુલ તેમના સંસારમાં સારી રીતે ગોઠવાઈ ગયેલી છે. ભગવાનની કૃપાથી બધાં ભાણી-ભાણિયાઓ પણ સરસ રીતે સેટ થયેલાં છે. સાહેબનો બધા ભાણિયાઓ માટે ખૂબ જ પ્રેમ હતો. હું, મૌલિક અને સાહેબ આખો વખત સાથે અને સાથે. ક્યાંક જઈએ તો પણ સાથે જ. તેઓ માંદા પડ્યા પછી એમને અણસાર આવી ગયો હતો કે તેઓ અમને ટૂંક સમયમાં છોડીને પ્રભુચરણમાં જતા રહેશે એટલે અમને બંનેને એમના વગર કેવી રીતે રહેવાશે, શું શું કરવું પડશે, કેવી રીતે કરવું પડશે વગેરે માર્ગદર્શન અને સાથે-સાથે હિંમત પણ આપતા.

હું એમને કહેતી રહેતી, 'તમે પોઝિટિવ રહો. વધારે નહીં તો 2-5 વર્ષ અમારા માટે નહીં તો સર્વ વિદ્યાલય સંસ્થા માટે પણ ભગવાન આપશે' પણ એમનો અણસાર જ સાચો પડ્યો.

ભગવાનને મારી એ જ પ્રાર્થના કે સાહેબને એમનાં ચરણોમાં સ્થાન આપે. અમને એકલાં જીવન જીવવાની શક્તિ આપે. સાહેબને હરપળ યાદ કરનાર એમની ધર્મપત્ની સવિતા કે. પટેલના શત શત પ્રણામ.

**સવિતા કે. પટેલ**

❑

## કુટુંબ અને સમાજનું વટવૃક્ષ

એક વટવૃક્ષ સમય અને કુદરત સામે બાથભીડીને મક્કમતાથી મુકાબલો કરતાં-કરતાં ધરાશય થયું, સાથે-સાથે તેની છાયામાં રાખેલાં અને પાળેલાં બધાં જીવોને રડાવીને પણ એની સુવાસ અને સદ્‌ભાવના બધા માટે પ્રેરણાસ્રોત બની મૂકતું ગયું. મારા પપ્પા કુટુંબની સાથે સમાજ માટે પણ વટવૃક્ષ જેવા હતા. હું તેમની મોટી પુત્રી એમની પૂરી જીવનયાત્રાની સાક્ષી. મારા જન્મ વખતે પપ્પા હજી મેડિકલ કૉલેજમાં ભણતા તેથી તેમની મેડિકલ કારકિર્દી અને કૌટુંબિક જીવન સફરનો સંઘર્ષ નજીકથી જોયેલો. બહુ નાની ઉંમરે તેમના માથે ખૂબ જ મોટી જવાબદારી આવી પડી હતી જે તેઓએ પ્રેમથી

નિભાવી. તેમની ઉજ્જ્વળ મેડિકલ કારકિર્દીમાં તેમણે ઉમદા સેવા સાથે કામ કર્યું. એક વાર દરિયાએ ઝરણાને પૂછ્યું, 'તારે સમંદર નથી થવું?' જવાબમાં સમંદરને ઝરણાએ કહ્યું, ના, મારે મોટા થઈને ખારા થવું નથી. મારે તો નાના થઈને મીઠા જ રહેવું છે.' આ વાતને મારા પપ્પાએ પૂરી જિંદગી માટે સાર્થક કરી બતાવી. એક ડૉક્ટર જેવા મોભાદાર વ્યવસાયનો કોઈ દિવસ દુરુપયોગ કર્યા વગર અને સમયનાં બંધન રાખ્યા વગર નાનામાં નાની વ્યક્તિની સેવા કરતા. કેટલાંયનાં જીવનમાં ફૂલો પાથરનાર મને યાદ છે તે શાકભાજી વેચવાવાળા, ખૂમચાવાળા જેવા ગરીબો માટે દવાદારૂ નજીવા કે મફતમાં આપતા અને તબિયત બરાબર થઈ છે કે નહિ તેનું ધ્યાન રાખતા. સાથે-સાથે સારો ખોરાક લે છે કે નહિ તેનું પણ ધ્યાન રાખતા. દૂધ, ફળફળાદિ વગેરે ખરીદી એમને આપતા. તેમનો પ્રેમાળ, પરગજુ સ્વભાવ બધાંને તેમના માટે માન આપતો. જીવનના અંતિમ શ્વાસ સુધી તેમના પેશન્ટની તેમને ચિંતા હતી. બોલવામાં તકલીફ છતાં ફોન પર બધાંને મેડિકલ સલાહ આપતા. મારા પપ્પાએ જે યોગદાન સમાજ માટે આપ્યું છે તેમાં મારી મમ્મીનો પણ સંપૂર્ણ સાથ-સહકાર રહ્યો છે. મેડિકલ કારકિર્દીમાં સફળતા અને વ્યસ્ત છતાં દાદાની જેમ જ સમાજસેવામાં કાર્યરત રહી સર્વ વિદ્યાલય સંસ્થા માટે સમય કાઢતા. તેમની માતૃસંસ્થા શિક્ષણક્ષેત્રે તેમનું યોગદાન ભુલાય તેમ નથી. દાદાની જેમ ગાયોની સતત કાળજી લેવા કેટલાંયે કુટુંબને તિથિદાન માટે પ્રોત્સાહિત કર્યાં છે અને સર્વ વિદ્યાલય માટે અને એના વિકાસ માટે દાનનો મોટો પ્રવાહ તેમણે ઊભો કર્યો છે, તે સહુ કોઈ જાણે છે. સમાજ આ કાર્ય માટે તેમને ક્યારેય ભૂલશે નહિ. પરિવાર માટે તેઓ હંમેશાં પ્રેરણાસ્રોત બની રહ્યા. મને નાણપણથી ગરબા, રંગરોગાન અને નૃત્યનો શોખ. તેમાં પણ તેઓએ પૂરો સાથ આપ્યો. મારા બધા સ્ટેજ પ્રોગ્રામ અને આરંગેત્રમના સ્ટેજ પ્રોગ્રામમાં હોંશે-હોંશે હાજરી આપતા અને મન મૂકીને માણતા અને એક દીકરીનાં માબાપ તરીકેનો ગર્વ લેતા. જ્યાં તકલીફ પડે ત્યાં ખડે પગે ઊભા રહેતા. વ્યસ્ત જીવનમાંથી કુટુંબ માટે સમય કાઢી અમે ત્રણેય ભાઈ-બહેનોને તેમના મિત્રસર્કલ સાથે ભારત દર્શન માટે લઈ જતા. તેમનો વૃક્ષપ્રેમ પણ વારસામાં મૂકતા ગયા અને એમના સદ્‌ગુણ, પ્રેમ અને પરોપકાર જેવા ગુણો આપણને વારસામાં આપીને ગયા. તે ગુણોનું જતન કરી તેમના પંથે ચાલવાની એક દીકરી તરીકે કોશિશ કરવાના મનોબળ સાથે સાચા હૃદયથી શ્રદ્ધાંજલિ. ઈશ્વર તેમને તેમનાં શરણમાં લઈ લે તેવી પ્રાર્થના.

Love you Papa, Miss you too.

**દીપિકાનાં પ્રણામ સાથે**
**જયશ્રીકૃષ્ણ**

❑

## Symbol of Selfless Humanity

Dr. Kanubhai was my Father in law. He was the very essence of compassion, duty, style and a symbol of selfless humanity. With a heavy heart, I extend my gratitude to him for being a torchbearer in our life. It is indeed difficult to accept the world without him and yet we must learn to be grateful that he came into our lives as an inspiration.

His absence would always be felt as an irreparable loss, but the strength of the message that he continued to give us through his life of selfless service as a doctor, educator and humble human being will be the guiding light for us for the years to come. We respect and will always cherish the heritage and legacy which he has left behind for us and all others to follow it.

**Anil Patel**
(Dr. Kanubhai Patel's son-in law)

❑

## Big Void in our life will never be Filled

We lost one of the most noble souls on planet, my Nana (Dr. Dada as I fondly called him) you have influenced my life since the day I was born. You were my ideal. As a philanthropist, doctor and true family man you have inspired so many lives. Your altruistic work as a doctor and an educator is a source of motivation for me and everyone around you. There are numerous instances I can recall, since my childhood, of your love for education and community service. I distinctly remember one such recent event when you were at the hospital in great pain and fighting for your life, inspite being in such condition you motivated the nursing students as well as healthcare staff taking care of you to advance their educational journey and guided them.

Your passion and dedication towards the betterment of education for each and every student at Kadi Sarva Vishwavidyalaya until the end was highly commendable. There is a big void in our life that will never be filled. You would be truly missed not just by family but by the entire community that you selflessly served. It will be the greatest honor of my life to spende every day trying to live up to the legacy that you have built.

**Prakruti**

(Dr. Kanubhai Patel's Grand Daughter)

❑

## Doctor's Dada

I never got to meet in person to Dr. Dada (something I'll always regret); I feel like I have known you through your persistent influence in helping Parkruti and other kids define their purpose and life goals. Thank you for everything you have done for the family and you'll be greatly missed.

Even though you are not with us, I'm confident we all will be comforted by your persence that surrounds us through the singing of the birds, the rising of the sun and the shining moon and stars.

**Gaurang**

(Dr. Kanubhai Patel's Grand-son-in-law)

❑

## Molded My Perception

When I was younger, I could never picture a life without you. Your solemn presence and aged wisdom seemed permanent, an unchanging facet of my world, and I was far too comfortable making a bed in the farthest alcove in my mind, a place where death was nonexistent and people lived forever. It was a place marked by the beauty of childlike wonder and purity, and I was more than willing to bask in the rays of innocence forever, but like most things, forever has an expiration date.

I am older now so that alcove has long been burnt down and yesterday, its ruins struck a match and were up in flames once more when you quietly passed away. It was

just like you to pass away in a dignified manner, without making a fuss or causing a scene, and that, in a bizarre way, made it all the more dismal.

I choose to remember the good and by doing so, I recognize that you will truly never be gone; a mirror of the best traits a man can possess lives on everyday. Your dedication to your work and your humble path to success are some of your many qualities that directly translate in your descendents. Through every memory I remember and every story I have heard about you has molded my perception of you. I love you and miss you so much already and will do everything in my power to honor your life, your legacy and our family name. It feels like you are still a phone call away.

**Nisarg**

❑

## પપ્પા મારી જાન

ડૉ. કનુભાઈ (સર્વ વિદ્યાલય કડી/ગાંધીનગર), ડૉ. કે.ડી પટેલ (ભીઠાખળી) નામ સાંભળતાં જ દુનિયાના કોઈ પણ ખૂણામાં અને એમાંય ખાસ કરીને અમેરિકામાં એમને જાણનાર કોઈ ને કોઈ વ્યક્તિ તો મળી જ આવે. એ વ્યક્તિ ક્યાં તો એમનું પેશન્ટ હોય, કોઈ દૂર-દૂરનું સંબંધી હોય, સમાજની કોઈ વ્યક્તિ હોય કે કડી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી હોય. મારા પિતાજીની સુવાસ મારા દાદા શ્રી ધનાભાઈ વકીલની જેમ જ સમાજમાં ફેલાયેલી છે.

ઉમદા, સાલસ, પ્રેમાળ, નિષ્ઠાવાન, હસમુખા, સેવાભાવી, મૃદુભાષી, મેડિકલ ક્ષેત્રમાં ભલભલા સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરોથી ચડિયાતા, સામાજિક કાર્યોમાં આગળ પડતા, સર્વ વિદ્યાલય સંસ્થા જેમની નસનસમાં વસેલી હોય એવા ડૉ. કનુભાઈના ધનાભાઈ પટેલની દીકરી તરીકેનું ગૌરવ મને મળ્યું છે, એનાથી મોટું સદ્‌ભાગ્ય કદાચ બીજું ન હોઈ શકે.

અમે ત્રણ ભાઈબહેનોમાં હું વચલી દીકરી. પપ્પામાં મારી જાન વસે. હું પપ્પાને મૂકીને ક્યાંય જાઉં નહીં. પપ્પા ડૉક્ટર એટલે એમના ઘરે આવવાના સમયનું કોઈ નક્કી નહીં, પણ હું નાની હતી ત્યારથી જ્યાં સુધી પપ્પા ઘરે ન આવે ત્યાં સુધી ઊંઘું નહીં. આમ તો મારી મમ્મી એના પરની ભરપૂર જવાબદારીઓને કારણે નાનાના ઘરે રોકાવા બહુ જઈ શકતી ન હતી, પણ મને યાદ છે, એકવાર મમ્મી અમને ભાઈ-બહેનોને લઈને એક રાત માટે નાનાના ઘરે દરિયાપુર ગઈ હતી. આમ પણ પપ્પા વગર મને ગમે નહીં. રાત પડી અને મેં રડવાનું શરૂ કર્યું. મામા-મમ્મી, નાના બધાંએ ખૂબ સમજાવી, પણ મને તો તાવ ચડવા માંડ્યો. છેવટે મોડી રાત્રે મારા પપ્પા મને લેવા આવ્યા અને હું ઘરે જઈને એમની સાથે સૂઈ ગઈ.

પપ્પાના દવાખાનામાં કમ્પાઉન્ડર ન હોય કે જુલાઈ-ઑગસ્ટમાં ભરપૂર માંદગીઓને કારણે ખૂબ પેશન્ટ્સ હોય ત્યારે હું પણ પપ્પા સાથે દવાખાને જતી અને એમને મદદ કરતી. નવા કમ્પાઉન્ડરને પણ ટ્રેનિંગ આપતી. દવાખાનામાં ઘણા ગરીબ પેશન્ટસ પૈસા ન હોવાને કારણે દવા એક જ દિવસની લેવાનું કહેતા, પણ પપ્પા એમને દવા લેવી પડશે એમ સમજાવી બધા દિવસની મફત દવા આપતા.

અમારાં કુટુંબમાં પણ પપ્પા એક જ ડૉક્ટર અને અમદાવાદમાં અમારું એક જ ઘર હતું. કોઈ પણ સંબંધી માંદુ પડે એટલે સીધા પપ્પા પાસે આવી જાય. મારા દાદા ધનાભાઈ વકીલ સાત ભાઈ-બહેન અને એમનાં બધાં મળીને 40 સંતાનો. પપ્પાને 16 ભાઈ અને 23 બહેનો (કાકા અને ફોઈનાં દીકરા-દીકરીઓસહિત) અને જો ઘરે સારવાર થાય તેમ હોય તો ઘરે અને હૉસ્પિટલમાં દાખલ કરવાની જરૂરિયાત હોય તો દાખલ કરવાથી શરૂ કરીને સાજા થઈને ઘરે ના મોકલે ત્યાં સુધી મમ્મી અને પપ્પા તેઓની સાર-સંભાળમાં જોડાયેલાં હોય. હૉસ્પિટલ ટિફિન મોકલવાથી માંડીને ઘરે રોકાયેલાના રહેવા-જમવાની વ્યવસ્થા બધું કરવામાં મમ્મી પપ્પાનો ખભેખભો મિલાવીને સાથે રહી છે. અમે નાનાં હતાં ત્યારથી જ અમારા ઘરની આ જ જીવનચર્યા. આ બધું

જોઈને જ અમારાં બધાં ભાઈબહેનમાં સેવાભાવનાનો ઉદ્ભવ અને નિભાવ થયો.

દેખાવમાં પપ્પા સાથે મારી ઘણી સામ્યતા હોવાને કારણે મને ના ઓળખતાં હોય પણ પપ્પાને ઓળખતાં હોય એવા લોકો મને અચૂકથી પૂછી લેતાં કે, "શું ડૉક્ટર કનુભાઈની દીકરી છે?" અને હકારમાં જવાબ આપતાં મને ખૂબ જ આનંદ અને ગૌરવ થતું.

પપ્પા અત્યારે અમને સૌને મૂકીને ખૂબ દૂર ચાલ્યા ગયા છે એ માનવું અને સ્વીકારવું મારા અને સૌના માટે ખૂબ જ અઘરું અને કષ્ટદાયક છે. પપ્પા માટે મને દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધા છે કે પપ્પા જે સદ્ભાવ અને શાંતિ સાથે સ્વજનોની હાજરીમાં ચિરનિદ્રામાં પોઢ્યા છે એમનો આત્મા ફક્ત અને ફક્ત ભગવાનનાં ચરણોમાં જ ગયો છે.

પપ્પા, એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ અને તમારા દર્શન થઈ જાય. હજુ જરૂર હતી અમને તમારી ત્યાં ઈશ્વર લઈ ગયો તાણી. હે ઈશ્વર એ અમાનત છે અમારી, રાખજે તેમને તું સંભાળી. તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી.

પપ્પાના સંસ્મરણો, આશીર્વાદ, પ્રેમથી તરબોળ અને હરઘડી યાદ કરનાર એમની લાડલી પારુલના શત્ શત્ પ્રણામ.

**પારુલ**

❑

## શાશ્વત સ્મૃતિ

*ઈશ્વરે અંતરિક્ષમાં દિવ્યાત્માની*
*હકાર ભરીને કહ્યું કે,*
*તવ હો જો જય જયકાર હો જો જય.....*

નમ્ર સ્વભાવ, આદર્શ જીવન, નવીનતમ તબીબી જ્ઞાન, ઉચ્ચ કોટિના વિચારો, નિષ્ઠાપૂર્વક કામ કરવાની પદ્ધતિ, સરળ તથા શિસ્તબદ્ધ જીવન વિશે વિચારીએ તો શ્રી ડૉ. કનુભાઈની શાશ્વત સ્મૃતિઓનો અનુભવ થાય.

તેમના ઉપર ઈશ્વર, માતાપિતા તથા સ્વજનોની સેવાના આશીર્વાદ હંમેશા રહ્યાં. ખૂબ જ સારી સેવાભાવના રાખતા હોવાથી સમાજ માટે તબીબીક્ષેત્રે તથા શૈક્ષણિક ક્ષેત્રે અનહદ દિશાત્મક કાર્યો કરી, વારસમાં પિતા શ્રી ધનાભાઈ હરગોવિંદભાઈ પટેલ (વકીલ) તરફથી મળેલી પ્રેરણા પૂરી કરી અને પરિવારને ગૌરવનો અનુભવ કરાવ્યો.

ઈશ્વરમાં શ્રદ્ધા તથા કુદરત સાથે ચાલતા હોવાથી દરેક કાર્યક્ષેત્રે ભાવથી સમાજ, પરિવાર, મિત્રો અને દર્દીઓની નિષ્ઠાપૂર્વક સેવા કરી શક્યા અને મળેલું જીવન સાર્થક કર્યું. જીવનમાં આર્થિક પ્રગતિની લાલચ ન હોવાથી તબીબીક્ષેત્રે તથા શૈક્ષણિકક્ષેત્રે એમની ઉમદા સેવાઓ હરહંમેશ માટે જરૂરમંદ લોકો ભૂલી શકે તેમ નથી.

તેમણે ઈશ્વરે આપેલી બીમારી સ્વીકારીને તેને સારી લડત આપી અને પ્રભુને પ્રાર્થના કરી કે આ દર્દ બીજા કોઈને ન આપતાં. તેમના મજબૂત મનોબળના કારણે તેમણે દીકરીઓના ત્યાં આવતા લગ્નપ્રસંગ સારી રીતે પાર પડે તેવી તીવ્ર ઇચ્છા સાથે બીમારી અને તેની આડઅસરોને હંફાવ્યા કરી. પરિવાર માટે અનહદ લાગણીથી સદાય મર મીટતા એવા શ્રી કનુભાઈના વિચારો પરિવારને વારસામાં પણ મળેલા છે. જેના લીધે પરિવારના સભ્યો મન મૂકીને તેમની સેવા કરી આશીર્વાદ પ્રાપ્ત કરી શક્યા.

સમાજમાં કામ કરવાની પ્રેરણા જીવંત રાખીને વડીલશ્રીઓએ સોંપેલાં કાર્યો તેમની હયાતી સુધી, અંત સમય સુધી કર્યાં.

ઈશ્વરનો આભાર. તેમના થકી સારા કાર્યો કર્મો બદલ.

તવ હો જય જય જયકાર હો જય...

અમદાવાદ — પપ્પાશ્રીને પ્રણામ
તા. ૩૧-૭-૨૦૨૩ **સંજયકુમાર ડાહ્યાભાઈ પટેલ**
મો. ૯૮૨૫૦૪૨૪૧૨

❑

## Our Beloved Doctor Dada

Our beloved Dcotor Dada is an inspiration to all of us. His passion for working towards the betterment of the community is an integral part of his legacy.

He has always motivated people around him, including but not limited to his family and friends.

We have grown up seeing him work selflessly for his patients, his students as SVKM, his family and friends. I'm sure he has made a positive impact on every soul that he has come in contact. One of my best memories growing up was Doctor Dada telling me, Dhruva, Pakudidi & Nisubhai stories about traveling to the USA. He would narrate how we would embark on the journey, getting on the plane and seeing America through his eyes (because at the time he was the only one who had been there.) The thought of traveling to America was so fascinating to all of us.

Doctor Dada has taught us all so many life lessons and we can not thank him enough for all that he has done for us and our moms. He has been a constant support for Dhruvan growing up, answering to all our calls for his help as a doctor prescribing medication and what not.

He would always go an extra mile to ensure we were comfortable. He would always stop by to check on us whenever we wee sick, even when it was just a little fever or a sore throt!

Doctor Dada, you are our Hero ! You have superpower that can make eveyone around you happy and empowered. You have always encouraged me to be a better human, always set the best example for me to look upto.

I really wish I had spent more time with you, but I shall foreever treasure all the great memories I have with you ! I still rember the day you taught me Dhruvan to spell the world's longest word 'Pheumonoultramicroscopicsilicovolacnoc-coniosis' and we woud go brag about it in school as kids. I remember the day you took me to visit Sunita Williams at SVKM. you have always tried to motivate us to learn new things, given us the exposure we needed to be able to learn new things. We will continue to do this as we grow older and teach our kids to do that too.

You have been our guide, our idol. We have always been so inspired by your work, as a doctor, a VC, a father, a husband, a grandfather and one thing I know for sure is that no one can be as perfect as you ! You have dedicated all your life to helping others. While appreciating your efforts it's only fair that I mention Savitaba's selfless conribution to supporting you in every way she can. You two are our role models for us.

I want to fold my hands and thank both of you for being there for us ever since the day we were born till now. Your love and affection for all of us is very special to us. At times I may have been a little distant but my love for you has always been there. I may have not shown it often but I am so grateful to you for your kindness. You are the purest soul I have ever known.

**- Dhruveesha Patel**

(Dr. Kanubhai's grand daughter)

M. + 91 7698 444 601

❑

## A Selfless Healer

A selfless healer, Dr. Dada (Dr. K.D. Patel) left an indelible mark on the lives of many people around him.

He treated countless patients with unmatched care and kindness, including all family members, even a feeble baby whose eulogy you are reading. His unwavering care and guidance were instrumental in my journey towards better health and well-being.

Despite battling numerous comorbidities, he prioritized others' health before his own, embodying the true essence of a healer, tirelessly tending to his patients, even when his own well-being was in danger. I vividly remember meeting him once; he had just returned home from the hospital after a brain stroke had paralyzed him for some time. As soon as he was ready to move around, he immediately got on his phone to talk with the nurse practitioner at his clinic about a patient's health, ensuring that patients are able to receive remote health treatments.

Dr. Dada was a visionary and a well-spoken person, who embraced a minimalistic lifestyle. He exemplified what it meant to live a life of service, touching the lives of countless individuals with his expertise and empathy. His decades of dedicated service to this institution (KSV) will be remembered by all the people whom he helped pursue their education.

As I carry forward his spirit, I will strive to honor his memory by continuing the tradition of selfless service and possibly making a positive impact on the world around me. My grandfather's journey has taught me that even in the face of challenges, one can leave a profound mark on humanity by caring for others, above all else.

**Dhruvan Patel**

M. + 1 (857) 492 4526

(Dr. Kanubhai's Grand Son)

❑

## પપ્પાને હૃદયાંજલિ

પપ્પા પહેલાંથી જ handsome looking and Clean shaved રહેતા. ઘણાંબધાં લોકો એમને સુરેશ ઓબેરૉય કહેતા. પપ્પાએ 1971માં મારા જન્મ વખતે મીઠાખળીમાં દવાખાનું શરૂ કરેલું. પપ્પા સાઇકલ લઈને દવાખાને જતા. દવાખાના ઉપર છાપરાં અને એની નીચે ગરમી રોકવા ચાદરની ચારેબાજુ પથ્થર બાંધીને false celing જેવું બનાવેલું. ખૂબ જ ઓછા ફર્નિચર સાથે દવાખાનાની શરૂઆત થયેલી. એક ધૂણી ધખાવીને સાધુસંત બેઠા હોય એમ લોકોની સેવા કરવા દવાખાનું શરૂ કરેલું. પપ્પા હંમેશાં કહેતા કે હું આટલા ઓછા ખર્ચમાં મેડિકલનું ભણેલો એટલે મારી પણ સમાજ તરફ સેવાની ફરજ બને. સમાજના દરેક વર્ગને સારી દવા મળે એ રીતે એમણે પ્રેક્ટિસ કરી. એમની મેડિકલ કૉલેજમા કોઈ વિદ્યાર્થી સ્લીપર પહેરીને કૉલેજમાં આવે તો ટિચર ત્રીજા માળેથી નીચે ઘા કરીને સ્લીપર ફેંકી દેતા ને કહેતા કે You are going to be doctor. પપ્પા હંમેશાં ઇસ્ત્રીવાળું શર્ટ, પોલિશવાળા બૂટ, ઓળેલા અને તેલ નાખેલા વાળ રાખતા. એમના બી. જે. મેડિકલ કૉલેજના મિત્રો તેમની આવી ઓળખ આપતા.

મને સરસ્વતી અને લક્ષ્મીની કૃપા ઘણાં કષ્ટ પછી મળી. એ દરમિયાન પપ્પાનો ખૂબ જ સાથ અને સહકાર મળ્યો. એક પ્રસંગ સ્કૂલનો યાદ આવે છે. ધોરણ-10ની બોર્ડની પરીક્ષા વખતે તબિયત ખરાબ થઈ ગયેલી. પપ્પાએ મને આઇસક્રીમ અને ગોળી આપી. જેથી 45

મિનિટમાં હું સ્વસ્થ થઈ ગયો અને વિજ્ઞાનના(Science) પેપરમાં 60માંથી 60 ગુણ આવેલા. ધોરણ 12માં 64 % આવેલા. મને B.V.M. College, વલ્લભવિદ્યાનગરમાં સિવિલ એન્જિનિયરિંગમાં પ્રવેશ મળ્યો. દર વર્ષે આર્કિટેક્ચરમાં Admission વખતે Exam આપતો, પણ Admission મળતું નહિ. એક વર્ષ સિવિલ પછી એક વર્ષ CEPTમાં S.B.S.T.માં First આવ્યો. એક વર્ષ SBST કર્યું. પછી એક વર્ષ બરોડામાં M. S. U.માંથી Fine Arts કર્યું. પછી પણ Arch.માં પ્રવેશ મળ્યો નહિ. waitingમાં 8th Number હતો, પરંતુ મારા પાછળનો છોકરો ઓળખાણથી વચ્ચે ઘૂસી ગયો. પપ્પાએ દરેક વખતે મને કોઈના પર પણ ગુસ્સો કર્યા વગર પરીક્ષા આપવા પર અને પ્રયત્નો પર ભાર મૂક્યો અને મને 1993માં J.E.D. Collegeમાં Architechtમાં પ્રવેશ મળ્યો. પછી કોઈ પણ જાતના બ્રેક વગર પાંચ વર્ષ અભ્યાસ પૂર્ણ કરી આર્કિટેક્ટ બન્યો.

પપ્પા અને દાદાજીની ઇચ્છા મુજબ અમદાવાદમાં આર્કિટેક્ટ હસમુખભાઈ સી. પટેલના ત્યાં ટ્રેનિંગ માટે જોડાયો ત્યારે મને Sabarmati River front પર Officeમાં મુકવામાં આવ્યો હતો. (1999)

**મૌલિક કનુભાઈ પટેલ**

❑

## સમાજસેવા અને કેળવણીને વરેલો જીવ

કડી સર્વ વિદ્યાલયના એક અદના અડગ સ્તંભ કહી શકીએ તેવા પૂ. ડૉ. કનુભાઈ વિશે લખવું એટલે સર્વ વિદ્યાલયના ઇતિહાસની મહાગાથા વર્ણવવી. તેઓશ્રી મારા મોટાભાઈ થાય. પૂ. ડૉ. કનુભાઈની બહેન બનવાનું સદ્ભાગ્ય ભગવાને આપ્યું. અમે 6 ભાઈ-બહેન, તેમાં મારું ત્રીજું સ્થાન આવે.

પૂ. ડૉ. કનુભાઈનો જન્મ થયો ત્યારે જ વાછરડાનો જન્મ થયેલો. આમ તેમનું નામ કનૈયો પડ્યું. પૂ. સ્વ ધનાભાઈ વકીલ – મારા બાપુજી પણ કડી સર્વ વિદ્યાલયમાં ભણેલા. પછી તેમણે વકીલાત કડીમાં જ ચાલુ કરી. આમ અમે 6 ભાઈ-બહેન કડીમાં જ જન્મ્યાં અને મોટાં થયાં. જોકે કનુભાઈનો જન્મ અમારા મોસાળ ઊંટવામાં થયો હતો.

કડી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલનો અભ્યાસ કર્યો. પૂ. ડૉ. કનુભાઈ અમારા સૌમાં મોટા. તેમને અમે ભાઈ-બહેનો ખૂબ જ માન આપતાં. કડીમાં કૉલેજ નહિ હોવાથી ભાઈને અમદાવાદ ભણવા જવાનું થયું. ત્યારે અમને ખૂબ જ દુ:ખ થયેલું.

કૉલેજમાં ભણતા ત્યારે તેમણે જોયું કે ડોક્ટરની ખૂબ અછત છે અને તે સમયે અમારાં બા (મમ્મી) માંદા પડ્યાં. કોઈ ડૉક્ટર રોગ પકડી શકે નહીં. આ જોતાં તેમણે ડૉક્ટર થવાનું નક્કી કર્યું. બાપુજી પાસે પ્રસ્તાવ મૂક્યો. જેને બાપુજીએ સમર્થન આપ્યું. ડૉક્ટર બનવાની ધગશ સાથે કૉલેજમાં ખૂબ મહેનત કરતા, ઘણા સારા ટકા આવતાં, બી.જે. મેડિકલમાં પ્રવેશ મેળવ્યો. ભણતાં-ભણતાં વીંટબણા આવી. બા(મમ્મી)નું અવસાન થયું. ભણવાનો મૂડ જતો રહ્યો. બાપુજીને કહ્યું કે જેના માટે ભણતો હતો તે તો છે નહીં, હવે ડૉક્ટર થઈને શું કરવાનું. બાપુજીએ સમજાવતાં કહ્યું. તારે આવાં ઘણાંને સાજા કરવાનાં છે. એટલે ભણવાનું ચાલુ રાખો. બાપુજીની આજ્ઞા માની ભણવાનું ચાલુ રાખ્યું. એમબીબીએસ થયા. અમદાવાદમાં પ્રેક્ટિસ ચાલુ કરી.

મમ્મી નહીં હોવાથી ઘરની જવાબદારી આવી પડતાં બાપુજીને અમદાવાદ આવી જવા કહ્યું. અહીં તેમની વડીલો પ્રત્યેની ફરજ અને પ્રેમ જોવા મળ્યાં. બાપુજી અમદાવાદથી પણ સર્વ વિદ્યાલય સાથે જોડાયેલા રહ્યા. તેમની તબિયતનું ધ્યાન રાખતા, પરંતુ સતત તેના પ્રોગ્રેસ માટે વિચારતા. પૂ. ધનાભાઈ વકીલે (બાપુજી) અમેરિકા આવીને દાનની સરવાણી ચાલુ કરી. આ સરવાણીને પૂ. ડૉ. કનુભાઈએ અવિરત ચાલુ રાખી. પોતાના વ્યવસાયને પણ વ્યવસાય નહિ જોતાં માનવસેવાની દૃષ્ટિએ જોતા. રાત્રે કોઈ બેલ વગાડીને ઉઠાડે તો હસતાં મોંએ સારવાર કરતાં મેં જોયેલા છે. તેમની મદદરૂપ થવાની ભાવના અમે તેમની સેવાભાવનાનાં દર્શન કર્યાં છે. કોરોના કાળમાં ઘરેથી પણ ફોનથી મદદ કરતા મેં જોયેલા છે. પોતાની માંદગી દરમિયાન પણ ઘણાના ફોન આવતા અને પોતાને સારું ન હોય પણ જવાબ આપતા અને દવા લખાવતા. આ સમયગાળા માટે મારે તેમની સાથે રહેવાના સંજોગો થતાં મેં તેમને નજરે જોયા છે.

હું 1973ની સાલમાં અમેરિકા ગયેલી તેથી બે દીકરીઓને લઈને ઉનાળાની રજાઓમાં ભારત આવતી. તેમને કૌટુંબિક વાતાવરણ મળે. મારાં બાળકોના જીવન વિકાસમાં પણ તેમનો ખૂબ ફાળો રહેલો છે. તેઓશ્રી નાનાંની સાથે નાનાં બની તેમને વાતો વાતોમાં સમજાવતા રહેતા.

આજ રીતે સ્કૂલમાં પણ તેમને ઘર જેવું વાતાવરણ મળે અને સંસ્કારો મળે તેના હરહંમેશ વિચારો કરીને અમલમાં મુકાવતા.

કોરોના સમયે સ્કૂલો બંધ હતી, ત્યારે તેની ચિંતા કરતા તેમને જોયા છે. આમ, અવિરત સમાજ અને સ્કૂલના વિચારો કરતા; જ્યારે સંપૂર્ણરીતે (રિટાયર્ડ થઈને) પ્રેક્ટિસ બંધ કરીને સર્વ વિદ્યાલય માટે બધો સમય આપવો તેમ નક્કી કર્યું, પણ ભગવાનની મરજી કાંઈ જુદી જ હશે અને તેઓની તબિયત બગડતાં આપણા વચ્ચેથી વિદાય લીધી.

પરંતુ આવા સરળ, પ્રેમાળ – મદદરૂપ ગાઇડ, કેળવણીકાર, સમાજસેવી, સદાય હાસ્યસભર ચહેરો, સદાય અમારા હૃદયમાં રહેશે. ફૂલની જેમ સદાય માટે સુગંધ મૂકતા ગયા. આવા મારા વહાલાભાઈને હજારો-હજારો વંદન – પ્રણામ

**પ્રભાબહેનના શત શત પ્રણામ**

❑

## Role Model Mama

'Dearest Kanu Mama, your beautiful memories since my childhood days are etched in my heart, and I am forever grateful for the love and care you showered upon us. Your open heart and ever-welcoming home in India have always drawn me back, and now I realize how they shaped the person I am today.

You've been a true inspiration and role model, leaving behind a legacy that will guide countless future generations. Your compassion as a family member, your dedication to community service, and your impeccable clinical skills as a physician have set you apart in the most remarkable way.

Being a part of our family, with you as the centerpiece, fills me with pride and joy. Although you are no longer with us, I am certain that you are smiling down from heaven, blessing us with contentment for the wonderful impact you made during your time on this earth. Your presence touched countless lives, and we are all blessed to have been a part of your incredible journey. You will forever be missed.

Yours Truly

**Hetal**

❑

## Provided Love Like a Father

My memories with Shri Kanu Mama spans back to my childhood when my family and I would travel from America to India every summer. We would spend a lot of time at Kanu Mama's house, and I have many fond memories there. While spending time at their house, I observed how Kanu Mama exhibited kindness to so many people in his daily routine. He, along with Paruldidi, would provide such generous care to all the patients that visited his clinic. Whether it was early in the morning or late in the evening, he was always ready to extend his help. The appreciation in the eyes of patients was apparent when Kanu Mama treated their pain and worries. With

the passing of time, he could have raised his fees, however he continued to provide treatment at such an affordable cost, and many times his consultation was free to ensure that everyone was able to get treatment. Most recently, after the sad and tragic demise of my father in November 2020, Kanu Mama, Savita Mami and Maulikbhai put themselves at risk and opened up their home and heart to provide emotional support to my mother. I cannot imagine how hard it must have been for him to deliver the sad news of my father's death and then to console and care for my mother who was in grief. He provided love like a father to my mother when she needed it the most, and for that I will be eternally grateful. I am so lucky to have had such a kind, smart and generous person in our family. I will always miss his caring touch and smiling face very much. May he rest in peace alongside Vakil Dada and Mangala Dadi. Om Shanti and Jai Shree Krishna.

Sincerely,
Bharvi Patel
(Kanu Mama's niece/
Prabha bahen's daughter)

❑

## અમે કાગડોળે ભાઈની રાહ જોતા...

અમે છ ભાઈ-બહેનોમાં પૂ. ડૉ. કનૈયાલાલ (કનુભાઈ) સૌથી 'મોટા. કુટુંબમાં પણ કાકા-બાપાના પરિવારમાં પણ સૌથી મોટા. સામાજિક, મેડિકલ, કૌટુંબિક વગેરેની દષ્ટિએ તેમની ઊણપ પૂરી થાય તેમ નથી.

પૂ. બાપુજી પછી પૂ. માણેકલાલ સાહેબ(મામા) ની સાથે રહી સર્વ વિદ્યાલય કૅમ્પસ તેમણે સંભાળ્યું. મામા પછી સરદારભાઈ (વલ્લભભાઈ)ની સાથે પણ રહ્યા. અમારા ફોઈના દીકરા જયંતીભાઈ કડી ભણવા આવેલા ત્યારે તેમની સાથે સ્કૂલે જઈ એક વર્ષ અગાઉ અભ્યાસ શરૂ કર્યો હતો. અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજમાંથી એમબીબીએસ પૂર્ણ કર્યું. આ પછી અમદાવાદમાં જનરલ ફિઝિશિયન તરીકે વ્યવસાય ચાલુ કર્યો. પૂ. બાની તબિયત બરાબર રહેતી ના હોવાથી ચાલુ અભ્યાસે લગ્ન કરેલાં છતાં અભ્યાસ પૂર્ણ કર્યો. બાના અવસાન પછી આગળ અભ્યાસ ના કરતાં મીઠાખળીમાં પૂ. ચતુરમામાનું દવાખાનું રાખી પ્રેક્ટિસ ચાલુ કરી. જનરલ પ્રેક્ટિસ કરતા ત્યારે દર્દીનું જે ડાયોગ્નિસિસ કરતા તે જ સર્જનનું રહેતું. કુટુંબમાં કોઈને પણ કંઈ શારીરિક તકલીફ પડતી ત્યારે પહેલા કનુભાઈની સલાહ લઈ પછી તેમના માર્ગદર્શન મુજબ ઉપચાર કરાવતાં.

તેઓશ્રી અમદાવાદ અભ્યાસ કરતા ત્યારે અમે કડીમાં રહેતાં હતાં. શનિ-રવિ અને રજાના દિવસે આવવાના હોય ત્યારે અમે રાહ જોતાં. બારણું ખખડતાં પૂ. બા બારણું ખોલે ત્યારે હું દોડતો-કૂદકો મારી આગળ કેડ ઉપર બેસી જતો. ઉત્તરાયણ વખતે અમદાવાદથી દોરી રંગાવી લેતા આવતા. અમે કાગડોળે ભાઈની રાહ જોતાં. અમદાવાદમાં કોરોના આવ્યાથી દવાખાને જવાનું બંધ કર્યું. કમ્પાઉન્ડરને ફોન ઉપર દવા લખાવતા. દર્દીને વિશ્વાસ હોવાથી તેમની દવાના આધારે સૌ સાજાં થઈ જતાં.

પૂ. મોટાભાઈને જીવલેણ રોગ થવાથી. તા. 22-7-2023ના રોજ અમારા બધાંની હાજરીમાં પાર્થિવ દેહ છોડીને અમને બધાંને છોડીને પ્રભુ પાસે અનંતયાત્રાએ નીકળી ગયા.

પૂ. ભાઈ વિશે લખીએ તેટલું ઓછું છે. પ્રભુ પૂ. ભાઈના આત્માને તેમનાં ચરણોમાં સ્થાન આપી શાંતિ આપે તેવી પ્રાર્થના.

અમારા માટે મેડિકલી કે વ્યવહારિક સલાહ માટે હવે તેઓ રહ્યા નથી. તેમની ઊણપ અમારા કોઈનાથી પૂર્ણ થાય તેમ નથી.

**વિજયકુમાર (વિનુભાઈ) ડી. પટેલ**
મો. ૯૮૨૫૧૨૪૨૧૯

❑

## મારા મોટાભાઈ

આ સંસારી જગતમાં માબાપે ભાઈ-બહેનની આપેલી સંપત્તિ મૂલ્યવાન છે. અમે ભાઈ-બહેન નાનાં હતાં ત્યારે સૌથી નજીકનાં મિત્રો હતાં. અમે છ ભાઈ-બહેનોમાં પૂ. કનુભાઈ સૌથી મોટા હતા. અમે નાનાં ભાઈ-બહેન સાથે રહીને રમતાં-જમતાં અને મીઠો ઝઘડો પણ કરતાં હતાં. એકબીજાં વગર ચાલતું નહિ. આમ ને આમ ક્યારે મોટા થઈ ગયા એની ખબર જ ન પડી. મેં અગિયાર વર્ષની ઉંમરે 'મા'નું વાત્સલ્ય-પ્રેમ ગુમાવ્યાં. ત્યારે પૂ. બાપુજીએ માતા-પિતાનો પ્રેમ આપેલો. પૂ. બાપુજીના સ્વર્ગવાસ પછી, પૂ. ભાઈએ એ જવાબદારી સ્વીકારીને અમને નાનાં-ભાઈબહેનોને પૂ. બાની તથા પૂ. બાપુજીની ખોટ સાલવા દેતા ન હતાં. પૂ. ભાઈની અમને ભણાવીને ડૉક્ટર બનાવવાની ઇચ્છા હતી. તેમની ઇચ્છાને માન આપીને એસએસસીમાં સાયન્સના વિષયો રાખ્યા હતા અને સારા ટકાએ પાસ પણ થઈ ગઈ. બાપુજી પર જવાબદારી હોવાથી અમારાં બે બહેનોનાં લગ્ન સાથે લેવાથી મારે સાસરે આવ-જાવ કરવી પડતી હોવાથી આટ્‌ર્સ કૉલેજમાં દાખલ થવું પડ્યું. અભ્યાસ દરમિયાન મારે ત્યાં બે બાળકોનો જન્મ થયો હોવાથી તેની મેડિકલ તરફની જવાબદારીમાં ભાઈએ ખૂબ જ મદદ કરી હતી. અમે સૌ ભાઈ-બહેન પોતપોતાનાં સંસારમાં ખોવાઈ ગયાં. ભાઈ-બહેનની મુલાકાત પ્રસંગોપાત્ત થવા લાગી. ભાઈ પણ તેમના ડૉક્ટરી વ્યવસાય, સામાજિક કામકાજ તથા કડી–ગાંધીનગર સંસ્થાના કામમાં પ્રવૃત્ત રહેતા હતા. તેમનો મિલનસાર સ્વભાવ રોગને પારખવાની ખૂબ સારી સૂઝના લીધે દર્દીઓનીં મન જીતી લેતા હતા. દર્દીઓ પણ તેમના પર ભારે વિશ્વાસ રાખતાં હતાં. પૂ. ભાઈએ, પૂ. બા ન હોવાથી અમને માબાપ જેટલો જ પ્રેમ આપ્યો છે. સૌ સગાં-વહાલાં, મિત્રો, દીકરાઓ, આપણો સાથીદાર દૂર થઈ શકે, પણ ભાઈ-બહેનનો સાથ જીવનનો ઉત્તરાર્ધ પૂરો કરવા અંત સુધી સાથ આપી શકે છે. એમના સહવાસથી અમને હૂંફ મળતી હતી. ગમે તેવી મુશ્કેલીનો સામનો કરવાની હિંમત અને બળ મળતું હતું. આ ખોટ અમને ખૂબ સાલશે. ભાઈને જીવલેણ રોગ થવાથી ભગવાનને અમે ખૂબ જ પ્રાર્થના કરી કે મારાં ભાઈને હિંમત અને શક્તિ આપો અને જે રોગ થયો છે તે મટાડી દો. છેવટે ભગવાનને ગમ્યું તે જ થયું. ભાઈ તા. 22-7-2023ના રોજ અમારા બધાંની વચ્ચેથી પ્રભુ પાસે અનંતયાત્રાએ નીકળી ગયા.

પ્રભુ મારા ભાઈના આત્માને શાંતિ આપે અને આ જીવને તેમનાં ચરણોમાં રાખે. અમારા ઘરના ભીષ્મપિતા જેવા, સ્થિતપ્રજ્ઞ, કર્મયોગી જેવા ભાઈને બહેનનાં ગદ્‌ગદ નમસ્કાર.

**તારાબહેન પટેલ**

❑

## આપની ખોટ સાલસે

કૌટુંબિક નાતાની દૃષ્ટિએ ડૉ. કનુભાઈ મારા સાળા થાય. મારાં કુટુંબની ઉન્નતિ અને પ્રગતિમાં તેમનો અને મારા સસરા સ્વ. ધનાભાઈનો ખૂબ જ મોટો ફાળો રહ્યો છે. તેમનો દરેકને મદદરૂપ થવાનો સ્વભાવ, વિકટ પરિસ્થિતિમાં સ્થિર અને અડગ રહીને શાંતિપૂર્વક નિર્ણય લેવાની આવડત તેમજ કુટુંબ અને સમાજ પ્રત્યેની ઋણ ચૂકવવાની ભાવના અમને ખૂબ જ યાદ આવશે. આ બધાનું વર્તમાન અને ભવિષ્યમાં સ્મરણ થવાથી આપની અમારા જીવનમાં ખૂબ જ ખોટ સાલશે. તમારા જીવનમાંથી એકાદ સદ્‌ગુણ અમારા જીવનમાં ઉતારીએ એ જ સાચી અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપી ગણાશે.

પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે અને તેમનાં ચરણોમાં સદાયે સ્થાન આપે તેવી અભ્યર્થના.

**રસિકલાલ જોઈતારામ પટેલ**

153, Albert Deive Sikeston
M. 63 801 (U.S.A.)

❑

## આદર્શોથી ભરેલું જીવન જીવનાર

મામા શબ્દ જ બે માને ભેગો કરીને બનાવવામાં આવ્યો હોય અને એને સાર્થક કરવાવાળા મારા મામા એટલે ડૉ. કનુમામા. મારા મામા વ્યવસાયે દાક્તર, કર્મે કર્મયોગી અને અગાધ વહાલનો દરિયો. નાનપણથી મામાની સમયની પરવા કર્યા વગરની સમાજસેવા,

કુટુંબસેવા અને દાક્તરીસેવાએ અમારામાં પણ તેમનાં જેવા ઉમદા કર્મ કરવાની પ્રેરણા રેડી છે. મામા કોઈ દિવસ સેવા કરવામાં નાત, જાત, કુટુંબીજનો, ગ્રામવાસી કે દવાખાને બેઠેલા દર્દીની પરવા કર્યા વગર તન, મન અને ધનથી બધી જ સેવાઓ પૂરી પાડતા રહ્યા હતા. મને હજુ પણ યાદ છે એ દિવસ જ્યારે મામા સવારથી દવાખાને હતા. બપોર થતા દાદાજીને તેમના કામમાં મદદ કરીને હજી પીરસેલા ભાણામાંથી પહેલો જ કોળિયો આરોગ્યો હતો અને ફોનની ઘંટડી વાગી. સામેના છેડેથી કોઈનો અવાજ અને દાક્તર તમારી હમણાં ને હમણાં જરૂર છે. મામા ભાણાને નમસ્કાર કરીને પોતાની બૅગ લઈને નીકળી પડ્યા. મારા મામાએ દાક્તરી ઓથને જીવનભર નિભાવી અને આ સેવાની ભેખમાં મારા સવિતામામીનો પ્રેમભર્યો સહકાર અને દાદાજીનાં આશીર્વાદ રહ્યાં હતાં. મને પણ નર્સ થવાની અને સમાજના કામકાજ કરીને મદદરૂપ થવાની પ્રેરણા પણ મને મારા મામા અને દાદાજી તરફથી મળી. નાનપણથી મામાની અને ભણતર માટેનું પ્રત્સાહન અને જરૂરી ચોપડીઓ વાંચવા માટે પુસ્તકાલયમાં લાવવા લઈ જવા માટે મામાએ ક્યારેય ભલેને આભ તૂટી પડતો વરસાદ હોય કે કાળઝાળ ગરમી હોય તેની પરવા કર્યા વગર પુસ્તકો પૂરાં પાડતાં રહ્યા હતા. ભાણેજડાંને વિધવિધ પ્રકારનાં ફળો અને વાનગીઓ ખવડાવી ને લાડ લડાવતા, તે ઉનાળાના દિવસો હજી યાદ આવે છે. સાંજે બધાં સાથે બેસીએ ત્યારે ઉચ્ચતમ ભવિષ્યની વાતો સારા સંસ્કારો અને વર્તણૂકનું સિંચન મારા મામા કરતાં તે મને આજે પણ યાદ છે. દાદા ધનાભાઈ વકીલની સમાજસેવાના મારા મામા આધારસ્તંભ. દાદાની હયાતીમાં અને પાછળથી દાદાની બધી જ સમાજસેવાની જવાબદારીઓ બખૂબી નિભાવીને કડી સર્વવિદ્યાલયને પ્રગતિના સોપાનો સર કરાવનાર એક અભિન્ન મોવડી. કનુમામાનું જીવન આદર્શોથી ભરેલું, સાથોસાથ પ્રેમથી ભરેલું દિલ, મદદ કરવાની ભાવના, સાદું જીવન અને ઉચ્ચ વિચારોની વિરાસત આપનારા. મામા તમને દેવલ, નિપુલ, ભાવિન, તરફથી આ વિરાસતોની ભાવભીની શ્રદ્ધાંજલિ

**દેવલ, નિપુલ અને ભાવિન**
**(યુએસએ)**

## પિતૃવત મોટા ભાઈ

મારા મોટા ભાઈ પૂજ્ય સ્વર્ગસ્થ ડૉ. કનુભાઈ એટલે મારા પૂજ્ય બાપુજી સમાન ધીરગંભીર અને અમે સૌ ભાઈ-બહેનોને સંભાળ રાખનારા કુટુંબના મોભ સમાન છત્ર. મને કોઈ પણ પરિસ્થિતિ ચાહે સામાજિક અથવા મેડિકલી સલાહસૂચન અમદાવાદ બેઠાં-બેઠાં આપતા. હું ૬એ ભાઈ-બહેનોમાં સૌથી નાનો હોવાથી તેમનો પ્રેમ ખૂબ વિશેષ પામ્યો છું. કનુભાઈ અમદાવાદ ભણતા ત્યારે વૅકેશનમાં કડી આવવાની અમે આતુરતાથી રાહ જોતાં કે આવીને અમને સાઇકલ પર આંટો લવડાવે અને સાથે-સાથે સાઇકલ પણ ચલાવતાં શીખવે. મારી તે વખતે ઉંચાઈ સાઇકલ કરતાં ઓછી એટલે ડંડીના વચ્ચે પગ રાખી અડધું પૅડલ મારી સાઇકલ ચલાવતાં શીખ્યો. દિવાળી પર ફટાકડા, ઉત્તરાયણ પર પતંગો અને દોરી લાવે અને કેમ કરી પતંગની કિન્ના બાંધવી તે ખૂબ ધૈર્યપૂર્વક શીખવે. ચોપડીઓનાં પૂંઠાં ચડાવીને કેવી કાળજી રાખવી, ચોપડીઓનાં પાનાં ના ફાટે, ચોપડીનાં પાનાં પર લખી લીટા નહિ કરવાનું વગેરેની સમજણ આપતા. અમે કડીથી અમદાવાદ રહેવા આવ્યાં ત્યારે વિદ્યાનગર હાઈસ્કૂલમાં મને ઍડમિશન મળ્યું હતું. મને એક વખત તેઓ રસ્તો બતાવવા આવ્યા. પછી બીજી વખત મને રસ્તાની ખબર પડે તે માટે એકલો વિદ્યાનગર મોકલ્યો હતો. બૅંકમાં ડિપોઝિટ કરવા મોકલતા જેથી બધું કામ જાતે કરી શકાય. ઘણી વખત સાંજે તેમની સાથે દવાખાને લઈ જતા અને દવા તેમની લખ્યા મુજબ આપવી તે પણ શિખવાડ્યું હતું, જેથી ભવિષ્યમાં કમ્પાઉન્ડર ન હોય અથવા નવો રાખવો હોય તો શીખવાડી શકાય. કોઈ પણ કામ કરવામાં શરમ ન કરાય તે હું કનુભાઈ પાસેથી શીખ્યો. તેમણે મારા બાપુજીના સ્વર્ગવાસ પછી કડી સંસ્થામાં સેવા આપવાનું કામ શરૂ કર્યું. તેઓ પૂજ્ય બાપુજીની જેમ સંસ્થાને હંમેશાં કેમ કરી વધારે લાભ મળે અને સમાજને વધારે ને વધારે કેળવણીનો લાભ મળે તેનો પ્રયત્ન કરતાં. તેઓ અમારા સમગ્ર હરગોવિંદદાસ પરિવારમાં સૌને મેડિકલી સારવાર તથા સલાહ સૂચન તથા તેમનાથી બનતી મદદ પણ કરવામાં કદી પાછી પાની કરતા ન હતા. તેઓ કોઈ પણ

પરિસ્થિતિમાં સંયમ જાળવી યથા સંભવ, ઉપયોગી થતા. પૂ. કનુભાઈનો સ્વર્ગવાસ થવાથી મેં જાણે ફરી વખત પૂ. બાપુજીની છત્રછાયા ગુમાવી છે. તેમની ખોટ કદી પુરાશે નહીં. પૂજ્ય કનુભાઈએ વિદાય લીધી એ મન માનતું નથી. પૂજ્ય કનુભાઈ એવું જીવન જીવ્યા તે ક્યારેય ભુલાશે નહિ. પૂ. કનુભાઈને અમારા શત શત વંદન. પ્રભુ આ દિવ્ય આત્માને પરમ શાંતિ આપી આપનાં ચરણોમાં અવિચલ સ્થાન આપે એવી પ્રાર્થના.

**ઘનશ્યામ ધનાભાઈ પટેલનાં પ્રણામ.**

❑

## અમારા ઘરના મોભી અને સર્વ વિદ્યાલયના આધારસ્તંભ

આજે વરસાદ મન મૂકીને વરસી રહ્યો છે તેવા સમયે જ એક પુણ્યાત્માએ ધરતી પરથી ચિરવિદાય લીધી છે. ધરતી પરના માનવીઓના અશ્રુઓથી પણ વધારે અશ્રુ એ વરસાવી રહ્યો છે. બસ, પ્રભુ આ આત્માને તારાં ચરણોમાં સ્થાન આપ. પૂજ્ય કનુભાઈ આપના આશીર્વાદ અમારાં પર સદાય વરસાવતાં રહેશો. આપને શ્રદ્ધાંજલિ આપવા માટે શબ્દો પણ ઓછા પડે તેમ છે.

સ્વર્ગસ્થ ડૉ. કનુભાઈ મારા જેઠજી થાય. હું એમના સૌથી નાના ભાઈ ઘનશ્યામની પત્ની હિના.

**સુખને વહેંચીને દુઃખને ઝીલનાર**
**વટવૃક્ષ આજ મૂળ સમેત ઊખડી ગયું.**
**છાંયો હતો સમાજનો અને સેવક**
**સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો**
**આજે પ્રભુના ખોળે જઈ સૂતો.**

પૂજ્ય કનુભાઈ અમારા ઘરના મોભી, સરલ વ્યક્તિત્વ ધરાવનાર વ્યક્તિ, સ્વભાવે સરળ, શાંત, મિલનસાર, વહેવારુ અને માયાળુ. સૌને ઉપયોગી થવાની વૃત્તિવાળા ગુણને કારણે તેમનો પ્રશંસક તથા ચાહવાવાળોવર્ગ ખૂબ જ મોટો છે. તેમનામાં કામ કરવાની ચીવટ અને દરેક કાર્યની ઝીણવટપૂર્વકની ચકાસણીનો ગુણ હતો. તેઓશ્રી અમારા માટે પિતાતુલ્ય અને વડીલની ભૂમિકા ભજવી રહ્યા હતા. અમને તેમની હૂંફ અને માર્ગદર્શન સતત મળતાં હતાં. તેમના નિધનથી અમે એક વાર ફરી પિતાશ્રીની છત્રછાયા ગુમાવી બેઠાં છીએ. તેમના માયાળુ સ્વભાવના કારણે તેઓ તેમના વ્યવસાયમાં પણ ખૂબ વિખ્યાત હતા.

પૂજ્ય કનુભાઈ અને મારા પતિ ઘનશ્યામ બંને રામ અને લક્ષ્મણી જેમ, શ્રીરામ ધીર-ગંભીર અને શાંત અને લક્ષ્મણની ઉગ્ર, ગુસ્સાવાળા, ઉતાવળા. રામજીની સેવામાં લક્ષ્મણજી હંમેશાં તત્પર, તેમ પૂ. કનુભાઈની સેવામાં ઘનશ્યામ હંમેશાં તત્પર. કનુભાઈને દવાખાનામાં જરૂર હોય, કંપાઉન્ડર ન આવ્યો હોય તો ઘનશ્યામને કહે, ઘનશ્યામ તરત જ દુકાન બંધ કરી ત્યાં પહોંચી જાય. કનુભાઈ જે કહે તેમાં જરાય સવાલ નહીં. બસ ભાઈએ કહ્યું છે એટલે કરવાનું છે. આજ્ઞાંકિત ભાઈ બની રહ્યા. તેમની વિદાયથી અમારાં જીવનમાં જે ખાલીપો ઊભો થયો છે તે ક્યારેય પુરાશે નહિ. તેમણે તેમનાં બધાં જ ભાઈ-બહેનોને ખૂબ સારી રીતે સાચવ્યાં છે. એક વડીલની ભૂમિકા ખૂબ સારી રીતે ભજવી છે. તેઓ અમારા ઘરના તો આધારસ્તંભ હતા જ, પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે પણ તેઓ એક સ્તંભ જ હતા. સર્વ વિદ્યાલય એમનો પ્રાણવાયુ હતો. તેઓશ્રી તેમના છેલ્લા શ્વાસ સુધી સતત સર્વ વિદ્યાલયનું ચિંતન, ચિંતા અને ખેવના કરતા રહ્યા હતા. અમેરિકાનો પ્રવાસ ખેડીને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા સંસ્થાના શુભેચ્છકો પાસેથી સિંહફાળો એકત્ર કરી લાવ્યા છે, જે સંસ્થાના વિકાસમાં મહત્ત્વનો બની રહ્યો છે અને અન્યને પણ પ્રેરણારૂપ બની રહેશે.

જન્મ અને મૃત્યુ કુદરતની ઘટમાળ છે. જગતમાં કશું જ શાશ્વત નથી. મૃત્યુ એ જીવનનો અંત નહિ, પણ એક વિશ્રામ છે. મૃતક પાછળ ગમે તેટલું કલ્પાંત કરશું તે વ્યર્થ છે. સ્નેહબંધને બંધાયેલાં આપણે પૂ. કનુભાઈને ભૂલી શકીએ તેમ નથી. પ્રભુને એટલી જ પ્રાર્થના કરી શકીએ કે આ પુણ્યાત્માને તેમના ચરણોમાં સ્થાન આપી શાંતિ પૂરી પાડે.

આપના આશીર્વાદ અમારા પર સદાય વરસાવતા રહે તેવી અભ્યર્થા.

ૐ શાંતિ શાંતિ શાંતિ :

**શ્રીમતી હિના ઘનશ્યામ પટેલ**
(અમેરિકા)

## My Memories

As our Dadaji (Param Pujya Dhanabahi Hargovinddas Patel) became old, his physical condition did not allow him to provide his contribution fully towards our vast family as well as his responsibilities at Sarva Vidyalaya Kelavani Mandal. Over time, Dadaji's responsibility was taken over by Kanubapuji to me. He fulfilled these responsibilities with the same vigor and values that were instilled in our family by Dadaji.

Right after we moved to US; Dadaji and Bapuji visited us to ensure our well-being. He was sympathetic, caring and compassionate not only to us but to all those who came in contact with him. I have always felt that he did not think medical profession to be an instrument to earn money only; it was more an instrument to help the society. May his soul rest in peace!

**Gaurav Ghanshyambhai Patel**

❑

## Family Doctor and Mentor

When we got sick, we always consulted to Bapuji. During my childhood years, when playing outside, I got a small scratch, I would run towards the front of the house to go straight to Bapuji's desk (skipping the line of patients) for a band-aid or dressing. I received all of my vaccination injections at a young age from Bapuji. I used to be really scared of injections but Bapuji was very good at distracting me when he would give me injections. Even in recent years, we have looked to him for guidance and medical advice when my children are ill. I remember this one incident that Bapuji and I laughed at over the years. It was maybe during 'my first or second grade I was playing outside, and my friend walked in our front yard with her father. It was very exciting to see her outside of school and I wanted to play with her. However, her father informed me she was sick and they were here to see Bapuji. So I grabbed my friend's hand, skipped the line and went straight to Bapuji's desk. I introduced my friend to him and said :

"બાપુજી, આ મારા સ્કૂલની ખાસ મિત્ર છે, તે માંદી પડી છે. તે સાજી થઈ જાય તેવી ખાસ દવા આપજો." આ સાંભળી બાપુજી ખડખડાટ હસી પડ્યા અને મને કહ્યું, "હું બધાને ખાસ દવા જ લખી આપું છું, એટલે તે જલદી સાજા થઈ જાય.

Bapuji has helped many, even if it was in the middle of the night. He has tremendous knowledge of medicine and practical life. He has guided many family members and others in the community. Our Navarangpura home will never be the same without Dadaji, and Bapuji. No one can take their place in our lives.

વિધાતાની રીત તો જુઓ, જેણે આટલાં બધાંની દવા અને સેવા કરી છે તેને એવો રોગ આપ્યો જેની દવા કરવી અશક્ય હતી, તોપણ બાપુજીએ એ રોગની સામે fight આપી, પણ એ રોગ સામેની battle તે હારી ગયા અને જીવ છોડ્યો. જ્યારે કોઈ જ્યોત આટલી પવિત્ર હોય અને તેને બૂઝાવતાં ભગવાન પણ રડે છે તે દિવસે પડેલા વરસાદે બતાવ્યું.

Jai Shree Krishna, My Dear Bapuji.

**Komal**

## Bapuji Had Revived Me

When my wife Komal and I met we had a deeper connection than either one had known from our past. Kanu bapuji was a major part in my life than most people know. Our families live in 'the same society in Navarangpura. When I was a child about one and half years old, I had accidentally fallen off from the second floor balcony, down to the concrete pavement of the family home's driveway. My Mother, Dadi, and Moti mumy assumed the worst of my lifeless body. They were frozen by shock and emotions. Thankfully, our neighbor who had witnessed my fall, rushed over and took my limp body to Dr. Kanu bapuji's house. Bapuji had revived me, his medical expertise and rapid actions brought me back to life. Be it fate, divine intervention, or just luck. Dr. Bapuji's hand was integral to my future and 25 years later was the reason I met Komal.

Dr. Kanubapuji in the moments we were together was always a rock. The foundation of the Vakil Dada family. Always calm and never without words of wisdom. His soft smile always made you feel at home and brought comfort to all. He lived a life of service and seva. Humble in his medical practice, active in his community, impactful in the importance of education to tomorrow's youth. He thought of others more than for himself. Till the end, he was stoic in his fight, never wanting others to worry about him or be a burden to his family.

Kanu bapuji, we will miss you. We will use your life as an example of how to live ours. We will try to be of service to others and live with kindness and compassion as you did.

Jay shree Krishna

**Tapan**

## કુટુંબનો વડલો

અમારા સ્વ. હરગોવિંદદાસ ઉમેદદાસ પરિવારના મોભ સમાન અમારા પિતરાઈભાઈ પૂ. સ્વ. ડૉ. કનુભાઈના દેહાવસાનથી અમે સૌ એકલાં પડી ગયાં છીએ. તેમનાં કૌટુંબિક ભાવના, સરલ સ્વભાવ, અમારા સૌના માટે યાદગાર બની ગયાં છે. પૂ. સ્વ. ડૉ. કનુભાઈ એ અમારા પરિવારની એક આગવી ઓળખ હતી. તેઓશ્રીએ આજીવન સર્વ વિદ્યાલય કડી અને ગાંધીનગરનાં શૈક્ષણિક સંકુલોમાં ભારે મોટી સેવા કરી ગણેશપુરા ગામ અને અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે. પૂ. ભાઈની અંતિમ વિદાયથી અમે સૌ ઘેરા દુઃખની લાગણી અનુભવીએ છીએ. સ્વ. પૂ. ડૉ. કનુભાઈનું દેહાવસાન થયું છે, પરંતુ તેઓ સદૈવ અમારા દિલમાં હયાત છે.

જેમ સારા માણસની પૃથ્વી પર જરૂર છે એમ ભગવાનને પણ જરૂર હોય છે. એ યુક્તિને અમે સૌ સ્વીકારી અનંતની યાત્રાએ નીકળી પડેલા અમારા પિતરાઈભાઈઓમાં સૌથી મોટા ભાઈ સ્વ. ડૉ. કનુભાઈને કોટિ કોટિ વંદન સાથે અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. જીવન એવું જીવી ગયા કે સહુના દિલમાં વસી ગયા.

આપનો આનંદિત અને સરલ સ્વભાવ હંમેશાં માર્ગદર્શનરૂપે અમારી સાથે રહેશે.

બસ એ જ

**વીરેન્દ્ર શિવાભાઈ પટેલ**

અર્પિત વીરેન્દ્રભાઈ પટેલ અને

અ. સૌ. પલક અર્પિત પટેલનાં

જયશ્રી કૃષ્ણ

## અમારા પ્રેરણાસ્રોત

બાપુજી આપ અમારા માટે પ્રેરણાસ્રોત હતા અને રહેશો. આપણા કુટુંબનાં સૌને કોઈ પણ પરિસ્થિતિમાં એક તાંતણે પરોવીને રાખ્યાં. ચાર દાદાઓના સ્વર્ગવાસ થવાથી જે ખોટ પડી તે આપણા કુટુંબમાં તમે એક મોભી બનીને ખોટ પૂરી કરતા રહ્યા હતા.

આપશ્રી હંમેશાં એક વાક્ય કહેતા કે કોઈ પણ પૈસાવાળા હોય તેનાથી આપણે આકર્ષાઈ જવાનું નહિ. ધીમે-ધીમે પ્રગતિ કરતા રહેવું. આપશ્રીના સ્વર્ગવાસથી કુટુંબમાં ખાલીપો થઈ ગયો. કોઈ પણ પ્રસંગ હોય બસ તમારી હાજરી જ અમારાં બધાં માટે આનંદનો અવસર બની જતી હતી. તમારી કુટુંબભાવના અમને બધાંને ઘણું શિખવાડી જાય છે. હું એવું માનું છું કે હવે કોઈ નથી રહ્યું કે જે તમારો ખાલીપો પૂરો કરે. તમે દરેક પ્રસંગે, કોઈ તકલીફ કે બાધામાં તમે જ હંમેશાં યાદ આવશો. તમને હું બાપુજી કહું કે મારા ગુરુ કહું બધું જ મારા માટે તમે સર્વસ્વ રહ્યા છો.

આપશ્રીએ મને અને મારાં પરિવારને અપાર સ્નેહ આપ્યો છે, હંમેશાં મેડિકલ પ્રૉબ્લેમમાં ઘરના વડીલની જેમ ઊભા રહ્યા. બાપુજી તમે હંમેશાં મારાં મમ્મી, પંકજકાકા તથા દાદા માટે મેડિકલ સેવામાં અમારી પડખે રહ્યા. મારી મમ્મીના ઑપરેશન વખતે અને પછી સદાય મારી મમ્મીને હિંમત આપી અને એ સમયે અમારી જોડે રહ્યા. અમારા ઘર માટે એ સમય ઘણો જ કઠિન સમય હતો, પરંતુ તે સમયે વિઠ્ઠલદાદા કહેતા હતા, ચિંતા કરશો નહિ કનુભાઈ છે. બસ આ શબ્દો અમને ત્રણે ભાઈ-બહેનોને હિંમત આપતા. બાપુજી તમારી હાજરીથી અમને એમ જ હતું કે કશું નહીં થાય. બધું જ સારું થશે અને સરસ થઈ ગયું.

તમે સદાય શિક્ષણ માટે ખૂબ જ મહેનત કરી તમારી જીવનની છેલ્લી ક્ષણોમાં પણ તમે શ્રી સરદારસાહેબ સાથે 'કડી સર્વ વિદ્યાલય'ની ચિંતા કરતા રહ્યા હતા.

તમારું જીવન બધાં માટે પ્રેરણાદાયી બની રહ્યું, તમે જ્યારે તમારા જીવનની છેલ્લી ક્ષણોમાં હતા, ત્યારે એમ થતું કે બાપુજી હજુ રહે, ભગવાનના ઘરે ન જાય. બસ, આમ જ સદાય રહે. તમારી હાજરી જ અમારાં માટે સર્વસ્વ હતું. તમારા આત્માને પ્રભુનાં ચરણોમાં સમાવી લે એ જ ભગવાનને હૃદયથી પ્રાર્થના. પરિવારનો કઠિન સમય ભગવાન આપણા પરિવાર તથા કુટુંબીજનોને આવેલ દુઃખ સહન કરવાની હિંમત આપે. ઈશ્વર તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

**કમળાબહેન વિઠ્ઠલદાસ પટેલ પરિવાર**

❑

## ઘટઘટમાં બિરાજતા 'સર્વ વિદ્યાલય'ના ભામાશાઓના સર્જનહાર ડૉ. કનુભાઈ

*ચંદ્રની સાથે દોસતી બાંધવા એકલા શાને ગયા,*
*અમારા સૌ માટે એની શીતલતા દેવા કાજે.*

*સૂર્યને એના તાપમાંથી છૂટા કરી દેવા એકલા ગયા,*
*એની રોશનીથી 'સર્વ વિદ્યાલય'ને જાજરમાન કરવાને કાજ.*

*દરિયામાં તરતાં આવડતું નહોતું છતાં કૂદી ગયા,*
*સાગરમાંથી 'સર્વ વિદ્યાલય' માટે દાતાઓનાં મોતી શોધવા.*

*વાદળમાં એવું તે શું જોયું ચાલી ગયા અચાનક,*
*ભેદભાવ વિના તમારી સેવાના પાણી સૌને દેવા હતા.*

*સવારના હીંચકાની એકલતાને તમે જોઈ નહીં,*
*તેના કીચૂડ-કીચૂડ અવાજમાં સંતાઈ ગયા.*

*દીપિકા દીકરીને મળવાની ઇચ્છાને ગજાનંદને સોંપી દઈને,*
*પારુલ દીકરીમાં બે દીકરીઓનું વહાલ માણી લીધું.*

*દીકરા સાથે મિત્ર મૌલિકની સેવાચાકરીનો ખજાનો છલકાવીને,*
*એના હૃદયમાં તમે રોમેરોમ વ્યાપી ગયા.*

*વહેલી સવારના પંખીઓનાં કલવરમાં હીંચકે ઝૂલતા,*
*દર્દીઓના દુઃખમાંની ચાની ચૂસકી ભૂલી સદા દોડતા રહ્યા.*

*બાળકની જેમ આંગણની વનરાજીની સેવાને,*
*મૌલિકને વસિયત કરી પર્ણમાં સંતાઈ ગયા.*

*કડી ગૌશાળાની જરૂરિયાતમાં સૌને પરોવી દઈ,*
*ગાયોના આશીર્વાદનો ખજાનો સૌને અર્પણ કરી ગોલોકમાં.*

*સવિતાબહેન સાથેના બંધનોને વહેલા પૂરા કરી દીધા,*
*ભરી શક્તિનો ભંડાર સોંપી દીધું નાવનું સુકાન.*

*સત્યની મિત્રતા જીવનપર્યંત કપરા સંજોગોમાં નિભાવી તમે,*
*જૂઠની દુશ્મનીની ગાંઠ કોઈ ઉકેલી ના શક્યું તમારી.*
*સફળ થયો હોય ભલે આ જન્મનો ફેરો તમારો,*
*તમારા સ્વપ્નોનું 'સર્વ વિદ્યાલય'ને નીરખવા આવતા રહેજો.*
*સ્વર્ગમાં વિકલ્પ મળે આ આત્માને રહેવું અહીંયા કે પૃથ્વી પર*
*માગશે વિના વિલંબે જાવું છે 'સવ વિદ્યાલય'ના આંગણમાં.*
*મારી કલમથી ભૂલ થઈ ગઈ કે મને છેતરી ગયા,*
*ભૂલો કરીએ અમે જ્યારે ઠપકો દેવા આવતા રહેજો સદા.*

**જયંતીભાઈ માધવલાલ પટેલ (એટલાન્ટા)**
તથા ચંદ્રિકાના શત્ શત વંદન
ભૂતપૂર્વ વિદ્યાર્થી ૧૯૭૧.

❑

## Turbine of Sarva Vidyalaya

I am deeply saddened to hear that my brother Maulik, two sisters Deepika and Parul lost their loving Father, my maternal aunt lost her life partner and I lost my Ideal, my superhero and a true Angel. Dr. Kanumasa came in this world with all necessary tools to selflessly help human beings of all stature, ages and races. He grew up in a highly educated family environment with a more than comfortable lifestyle and yet so grounded, caring and polite individual. I for sure will miss his mesmerizing smile and his soothing voice saying 'Beta' in the beginning of every sentence. People like him should never be taken away from us. but we are all helpless before God.

**Neil Patel (Atlanta-USA)**

❑

## આખી જિંદગી યાદ કરીશું

ડૉ. કનુલાલ ડી. પટેલ તેમની પચાસ વર્ષની મેડિકલ લાઇફમાં સ્વ. ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ (વકીલસાહેબ)ના ગણેશપુરાના આખા પરિવાર અને મણિલાલ ગોકળદાસ પટેલ (પટેલ ટોપીવાળા) આખા પરિવારની મેડિકલ સેવા હંમેશ માટે કાળજીપૂર્વક કરી છે. તે અમારો પરિવાર આખી જિંદગી યાદ કરશે.

**નવિન એમ. પટેલ**
(પટેલ ટોપીવાળા પરિવાર)

❑

## અસાધારણ કોઠાસૂઝ

ડૉ. કનુફુઆનો હંમેશાં હસતો ચહેરો આજે આપણી વચ્ચે નથી રહ્યો તે વિચાર માનવામાં આવતો નથી. તેમનાં કોઠાસૂઝ અને માર્ગદર્શન અમારા પરિવારને લગભગ પચાસ વર્ષ કરતાં વધારે વખતથી મળ્યાં છે અને ખાસ તો મેડિકલ, કૌટુંબિક અને આર્થિક પ્રશ્નો હલ કરવામાં આપશ્રી સદાય અગ્રેસર રહી મદદરૂપ નીવડતા રહ્યા હતા.

આપશ્રીનો પ્રેમાળ, લાગણીશીલ અને મદદરૂપ થવાના સ્વભાવનો લાભ દરેક સગાંસંબંધી, મિત્રોને મળતો રહ્યો છે. આપશ્રીનું માર્ગદર્શન અને ત્વરીત નિર્ણય કરવાની સૂઝથી પરિણામ હકારાત્મક સંજોગોમાં પરિણમ્યાં છે. આપના થોડા ગુણો પણ જો મારા જીવનમાં અમલમાં મુકાશે તો હું માનીશ કે આપને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણીશ.

**ચેતન નવિનભાઈ પટેલ**

❑

## જીવતે જીવ લોકોનાં હૃદયમાં વસ્યા

એમ તો દરેક માણસ જીવતી વાર્તા છે..

પરંતુ કોઈક વિરલા જ એવા હોય છે, કે જેમણે જીવતે જીવ લોકોનાં હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું હોય છે.

એમની જીવન વાર્તા તમને કંઈક શીખવી જાય, જીવનમાં સારું કરવાની કે પરમાર્થની પ્રેરણા આપે...

એવી જ એક વિલક્ષણ પ્રતિભા, માનવીય મૂલ્યો અને ગુણોથી સુશોભિત વ્યક્તિ હતાં મારા ફુઆ ડૉ. કનુભાઈ ડી. પટેલ.

ઋજુ હૃદય, સંવેદના અને લાગણી સાથે સહુ પર વહાલ વરસાવતી વ્યક્તિના રૂપમાં મારા ફુઆનું જીવન સાદગીભર્યું હોવા છતાં અત્યંત વિરાટ હતું...

મારા મમ્મી-પપ્પાના અમેરિકા ગયા પછી તેઓએ હરહંમેશ સાચી સલાહ અને સહારો આપી એક વટવૃક્ષની ભૂમિકા ભજવી હતી.

એમના દેવ થવાથી મને અને મારા પૂરા પરિવારને અત્યંત દુઃખ છે.

ઈશ્વર તેમને પોતાના શ્રીચરણોમાં સ્થાન અર્પે, તેવી પ્રાર્થના.

**અમિત નવિનભાઈ પટેલ**

❑

## સત્યના પક્ષકાર અને સેવામૂર્તિ

જેના નામમાં માધવ છુપાયેલો હતો, એનું જીવન સદા કૃષ્ણની જેમ સંકટ સમયે ફક્ત અમારા પરિવાર પૂરતું જ નહિ, સૌ માટે સાચી સલાહ અને સેવામાં વ્યતીત થયું એવા મારા બનેવી સ્વ. ડૉ. કનુભાઈ અમારા હૃદયમાં જ નહીં સૌના હૃદયમાં એમના જીવનની કેટલીયે યાદોનો ખજાનો આપીને ગયા છે. કૃષ્ણની જેમ સત્યના પક્ષકાર, સદા સૌમ્ય, પરંતુ સમય આવે એટલે શક્તિનો પરિચય કરાવી દેનાર વ્યક્તિત્વ એટલે ડૉ. કનુભાઈ. તેમણે મારાં બા-બાપુજી માટે જીવનની છેલ્લી ક્ષણો સુધી પોતાની તબિયત સારી ન હોવા છતાંયે જે સેવા અદા કરી છે તે કદી ભુલાય તેમ નથી. તેમની આ સેવા મારા પરિવાર માટે અવિસ્મરણીય બની રહી છે. તેમનું સેવાપરાયણ માનવતાનું ઝરણું અમારા માટે રોલમૉડલ બની રહ્યું છે. મારો અને કનુલાલનો વ્યવસાય એક જ હોવા છતાં, જ્યારે મને મદદની જરૂર પડી છે ત્યારે તેઓ તત્પર રહેતા. જેની કેટલાય પ્રસંગોમાં અને મૂંઝવણોમાં ખોટ સદાયે સાલતી રહેશે. આવા વંદનીય, સેવામૂર્તિ મારા બનેવી સ્વ. ડૉ. કનુલાલને કોટિ કોટિ વંદન.

**ડૉ. રમેશભાઈ મણિલાલ પટેલ**
તથા પરિવાર

## સ્વજન, સજ્જન અને સમાજસેવક

ડૉ. કનુભાઈ મારા મામા શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ (વકીલમામા)ના પુત્ર હતા. એટલે કે મારા ભાઈ થાય. અમારો નાતો ભાઈઓ તરીકે શરૂ થયેલો, પરંતુ ભાઈ કરતાં અમારી મિત્રતા વધારે હતી. પૂજ્ય વકીલમામા ‘કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ તથા ‘સર્વ વિદ્યાલય કેળવણી મંડળ’ના મંત્રીથી ચૅરમૅન સુધીના હોદ્દાઓ તરીકે લગભગ 50 વર્ષ કરતાં પણ વધારે સમય સુધી કર્મઠ સેવા આપનાર ગરવા સેવક હતા અને અમારા રોલમૉડલ હતા. પિતાશ્રીના આ ગુણો કનુભાઈએ પણ જીવનમાં ઉતારી સાર્થક કર્યા.

કનુભાઈમાં બીજાને મદદ કરવાની ભાવના નાનપણથી જ હતી. હું નાનો હતો ત્યારે મામાને ત્યાં રહેતો. શાળામાં દાખલ થવાની ઉંમર થતાં વકીલમામાએ મને સ્કૂલમાં બેસાડવાની તૈયારી કરી. બાળસહજ સ્વભાવ પ્રમાણે મારે સ્કૂલમાં નહોતું જવું એટલે ખૂબ રડવાનું શરૂ કર્યું. વકીલમામાએ મને સમજાવવા ઘણાંબધાં પ્રલોભન આપ્યાં, પણ મેં જરા પણ મચક ન આપી. કનુભાઈ મારા કરતાં એક વર્ષ નાના અને સ્કૂલમાં દાખલ થવાની ઉંમર નહીં તેમ છતાં મામાશ્રીએ મને છેલ્લું પ્રલોભન આપ્યું કે, હું કનુને તારી સાથે સ્કૂલમાં મોકલું તો તું તૈયાર છે. મેં તરત જ હા પાડી દીધી. કનુભાઈ પણ તરત જ એક પણ ક્ષણનો વિચાર કર્યા સિવાય મારું દફ્તર પકડી મારી આંગળી પકડી લીધી. આમ, અમે બંને ભાઈઓ કડી મ્યુનિસિપાલિટી સ્કૂલમાં દાખલ થઈ ગયા. એ વખતે મને ખ્યાલ ન આવ્યો, પણ પાછળથી સમજાયું કે કનુભાઈએ બીજાની ખુશી માટે પોતાનું ગમતું મૂક્યું. આમ, કનુભાઈનો સેવાનો ચટકો નાનપણથી જ હતો અને એ જીવનકાળ દરમિયાન સતત વધતો જ રહ્યો. ત્યાર બાદ પાંચમા ધોરણથી અમે બંને કડી સર્વ વિદ્યાલય સ્કૂલમાં દાખલ થયા. આપણે સૌ જાણીએ છીએ કે સર્વ વિદ્યાલયના પાયામાં જ સમાજસેવાની ભાવના રહી છે. પૂજ્ય છગનભાનું એ સૂત્ર, ‘કર ભલા હોગા ભલા.’ તમામને સતત પ્રેરણા આપતું રહ્યું છે. કનુભાઈએ એ ભાવના તેમના જીવનમાં ઉતારી જિંદગીના અંત સુધી નિભાવી. સ્કૂલજીવનમાં

ભણવામાં પણ હરહંમેશ મોખરે જ હોય. દરેક વિદ્યાર્થીને મદદ કરવામાં પણ હરહંમેશ તૈયાર હોય, પછી એ પ્રવૃત્તિ ભણવાની હોય, રમતગમતની હોય, સાંસ્કૃતિક પ્રોગ્રામની હોય, સાફસફાઈની હોય કે ટ્યુટરિંગની હોય. આમ, સર્વ વિદ્યાલયમાં મૅટ્રિક્યુલેશનનો અભ્યાસ પૂરો કરી અમદાવાદમાં બી. જે. મેડિકલ કૉલેજમાંથી MBBSની ડિગ્રી પ્રાપ્ત કરી. કૉલેજજીવન દરમિયાન પણ તેમની સેવાભાવના એવી ને એવી ચાલુ રહી, એટલે કૉલેજમાં પણ બધા જ વિદ્યાર્થીઓના ગુણાનુરાગી રહ્યા અને ઘણી ખ્યાતિ પ્રાપ્ત કરી. મેડિકલનો અભ્યાસ પૂરો કરી તેમણે મેડિકલ પ્રેક્ટિસ અમદાવાદમાં શરૂ કરી.

કનુભાઈ બહુ બહોળા કુટુંબમાં ઊછરેલા. તેમનાં તમામ સગાં-સંબંધીજનો (સ્વજનો) એ સમયે નાનાં-નાનાં ગામડાંઓમાં જ રહેતાં. ઉનાળાની રજાઓમાં તે બધાં જ કુટુંબીજનોને મળવા જતાં. કુટુંબના દરેક સભ્ય પ્રત્યે તેમને એટલો પ્રેમ કે તેમને રજાઓ પડી નથી કે ગામડે ફરવાનું કર્યું નથી, કનુભાઈના આવા મળતાવડા સ્વભાવના કારણે કુટુંબની દરેક વ્યક્તિને તેમના પ્રત્યે અનહદ પ્રેમ. કુટુંબના દરેક પ્રસંગે તેમની હાજરી, માર્ગદર્શન, મદદ સેવા હરહંમેશ રહેતી.

સ્વજનોની સેવા, ગ્રામજનોની સેવા એમના ડૉક્ટર થયા પછી વધારે પુરવાર થઈ. અમદાવાદમાં એમની પ્રેક્ટિસ એટલે ગામડેથી સગાં-સંબંધીજનો તથા ગ્રામજનોનો પ્રવાહ તેમના દવાખાને સતત ચાલુ રહેતો. દરેકને પ્રેમથી દવા આપે તેટલું જ નહિ, પરંતુ ગામડેથી આવ્યા હોય, બીજી કોઈ વ્યવસ્થા ન હોય એટલે દવાખાને દવા આપી ઘરે લઈ જઈ તેમને જમાડીને જ પાછા મોકલે. ઘણી વખત માંદગીને કારણે બે-ત્રણ દિવસ અમદાવાદ રોકાવાનું હોય તોપણ તેમને પોતાના ઘરે જ રાખી પૂરતી સગવડ આપે. તે પણ જાતે અગવડ વેઠી હસતામુખે પ્રેમથી સેવા કરે. આવી મમતા, સેવા, પ્રેમ તેમણે કુટુંબની દરેક વ્યક્તિને જરૂર પડે નિઃસ્વાર્થભાવે આપ્યાં છે. તેમનાં ધર્મપત્ની શ્રીમતી સવિતાબહેન તથા બાળકોનો પણ આમાં પૂરતો સાથ. આખું કુટુંબ જાણે દયાનો સાગર.

ડૉક્ટર તરીકે તેમના દર્દીઓ સાથે તો એવો જ વ્યવહાર દરેક દર્દીની પોતાના સ્વજનની જેમ જ સારવાર કરે. હંમેશાં હસમુખો, શાંત ચિત્તે દરેકની વાત સાંભળે, પ્રેમથી સલાહ આપે. ઘણી વખત દર્દીઓનો ધસારો વધારે હોય તો દવાખાનું બંધ કરવાના સમય કરતાં પણ બે-ત્રણ કલાક વધારે દવાખાનું ચાલુ રાખે. બીજાને મદદ થવાય તે માટે પોતાની જાતનું ધ્યાન ન રાખે. ઘણી વખત હું તેમના દવાખાને બેસવા જતો ત્યારે દર્દીઓ સાથે વાત કરું. દર્દીઓ મને એટલા પ્રેમથી કહે કે, ''સાહેબને જોઈને જ અમારું અડધું દુઃખ દૂર થઈ જાય છે.'' આવો હતો કનુભાઈનો ડૉક્ટર તરીકે દર્દીઓ સાથેનો વ્યવહાર અને એટલે જ કનુભાઈએ ઘણાં કુટુંબોની ત્રણ-ત્રણ પેઢી સુધી ડૉક્ટર તરીકેની સેવા બજાવી છે. પાછળથી નાદુરસ્ત તબિયતને કારણે દવાખાનું સંપૂર્ણ બંધ ન કરતાં દરદીઓની માગણીને વશ થઈ દરરોજ બે-કલાક પણ દવાખાનું ચાલુ રાખ્યું છે. આવી સજ્જનતાનો કનુભાઈનો ઉમદા દાખલો છે અને આપણા સૌને પ્રેરણા આપે છે.

એવું કહેવાય છે કે, જે વ્યક્તિ કૌટુંબિક કાર્યકર હોય તે સામાજિક કાર્યકર ન બની શકે અને જે સામાજિક કાર્યકર હોય તે કૌટુંબિક કાર્યકર ન બની શકે. કુટુંબનું ભરણપોષણ અને સમાજસેવા સાથે કરવાં બહુ જ કઠિન છે, પરંતુ કનુભાઈએ આ ખોટું સાબિત કરી બતાવ્યું છે. કુટુંબની સંપૂર્ણ અને સંતોષકારક જવાબદારી સાથે તેમણે સમાજસેવા પણ એટલા જ ખંતથી કરી છે. ડૉક્ટરીની સાથે-સાથે જે સ્કૂલમાં ભણેલા એ માતૃસંસ્થા સર્વ વિદ્યાલયને સમર્પિત બની, પિતાશ્રીના પગલે-પગલે ચાલી તેમની જેમ જ ગરવા સેવક બની પદવી મેળવી હસતામુખે, પ્રેમાળ હૃદયે અને ખંતથી અદના સેવક બની નિઃસ્વાર્થ સેવા આપી છે. મેં આગળ લખ્યું તેમ પૂજ્ય વકીલમામા અમારા રોલમૉડલ હતા. તેમનાં ઘણાંબધાં સૂત્રોમાંથી મને નીચેનાં બે સૂત્રો ખૂબ જ ગમી ગયેલાં :

1. Simple living High Thinking (સાદું જીવન, ઉચ્ચ વિચાર)

2. જીવન સિંહની જેમ જીવો, ઘેટાં-બકરાંનાં ટોળાંની જેમ નહિ.

કનુભાઈએ આ બંને સૂત્રો તેમનાં જીવનમાં અપનાવી સિદ્ધ કર્યાં છે. સર્વ વિદ્યાલય માટે પોતે સાદગીથી રહી ઉચ્ચ વિચારો જીવનમાં અપનાવી ઊગતી પેઢીને ખૂબ જ શૈક્ષણિક માર્ગદર્શન આપ્યું છે. જીવનમાં લીડર (આગેવાન) બની, નમ્રભાવે મેનેજમેન્ટને ખૂબ જ પ્રેરણા

આપી છે. સાથે-સાથે સંસ્થાને આર્થિક મદદ થાય તે ધ્યાનમાં લઈ ફંડ-ફાળા માટે આપશ્રીએ નાદુરસ્ત તબિયતને ન ગણકારતાં વિદેશની બે-બે દાનયાત્રા પણ કરી હતી. આપની આ દાનયાત્રા દરમિયાન કૅલિફૉર્નિયા ખાતેના રોકાણ દરમિયાન આપને સાથ આપી સેવાનો લાભ મને પણ મળ્યો હતો. આ દાનયાત્રા દરમિયાન આપે એન.આર.આઈ. (વિદેશમાં વસતા ભારતીયો)નો સંપર્ક સાધી, રાત-દિવસ ન જોતાં આપની સૂઝ અને સમજથી કોઈને પણ દબાણ કર્યા સિવાય, ફક્ત સંસ્થાની પ્રવૃત્તિઓની રજૂઆત કરી દાતાઓનાં દિલ જીતી, દાતા જે આપે તે પ્રેમથી, પ્રસન્નતાપૂર્વક સ્વીકારી લેવાની ભાવનાને કારણે વિદેશમાંથી યોગદાન મેળવવામાં ખૂબ જ સફળતા મળી હતી. આજે જ્યારે સંસ્થાનાં મકાનો તથા ફૅકલ્ટી ઉપર નામ જોઈએ છે ત્યારે એન.આર.આઈ. દાતાઓનાં યોગદાનની સફળતા દેખાઈ આવે છે. આમ, વિદેશમાં વસતા દાતાઓના સેતુ બનીને રહ્યા હતા. જેના પરિણામે દાનનો સતત પ્રવાહ ચાલુ છે અને ભવિષ્યમાં ચાલુ રહેશે.

કનુભાઈ મૃત્યને શોભે એવું લાંબુ જીવન જીવી ગયા. આપનો પુણ્ય આત્મા ભગવાનના ધામમાં ભગવાનના ખોળે બેસી ગયો છે. અમારી શ્રદ્ધાંજલિરૂપે ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના કે આપશ્રીના આત્માને પરમ શાંતિ આપે અને પરિવારજનોને તથા આપશ્રીના સહયોગમાં આવનાર સર્વેને આ આઘાત સહન કરવાની શક્તિ આપે.

આપશ્રી અમારી વચ્ચે સદેહે રહ્યા નથી, પરંતુ આપનાં કાર્યોની સુવાસ, સદાય હસતું મુખ, નિર્મળ આંખો, પ્રેમાળ હૃદય, શિક્ષણ અને સમાજનાં વિકાસ માટેનાં આપનાં કાર્યો અમારી સાથે સદાય રહેશે અને સતત માર્ગદર્શન આપતાં રહેશે. 'ૐ શાંતિ.'

**જયંતીભાઈ પી. પટેલ**
USA

## પરમ પૂજ્ય આદરણીય મોટાભાઈ કનુભાઈ

અંજલિ આપતા હૈયામાં હડકંપ મચી જાય છે. તમારો સૌમ્ય હસતો ચહેરો, મિલનસાર લાગણીભર્યો માયાળુ સ્વભાવ અમે કેવી રીતે વીસરી શકીએ. આપણા આખાયે કુટુંબ, ગામ અને સર્વ પરિચિત સગાં-સંબંધી, મિત્રો સૌના હૃદયના ઘાવ કદીએ રૂઝાશે નહિ. આપ સૌની સેવા કરી જીવનમાં જે સુગંધ મહેકાવી ગયા તેની સુવાસ કાયમ રહેશે. જ્યારે તમારું સ્મરણ થાય છે ત્યારે હૈયું રડી પડે છે. આપની જીવન જ્યોતિની અણધારી વિદાયથી અમે સૌ નિરાધાર થઈ ગયાં. આપનું હસતું પ્રેમાળ મુખ નજર સામેથી જતુ નથી. પરમ કૃપાળુ પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાન આ દિવ્ય આત્માને પરમ શાંતિ આપે અને એમનાં ચરણોમાં અપનાવી લે એવી પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ

ૐ શાંતિ : શાંતિ : શાંતિ :

**મંજુલાબહેન અને રમણલાલ પટેલનાં**
જયશ્રીકૃષ્ણ

❑

## ગુણિયલ ડૉ. કનુભાઈ

કહેવાય છે કે બાળક આ પૃથ્વી પર જન્મ ધરે ત્યારે અને છેલ્લે જીવન વિતાવી દેહ છોડે ત્યારે તેના ગુણોને યાદ કરીને ખૂબ જ પ્રશંસા થાય છે, પરંતુ ડૉ. કનુભાઈનું આખું જીવન જ ગુણિયલ ને પ્રશંસનીય હતું.

એક ડૉક્ટર તરીકે તેમણે સમાજની સેવા કરી, પણ તેની સાથે-સાથે નિઃસ્વાર્થ ભાવના, ઉચ્ચ વિચારો, વાણી ને વર્તનના આવો સુમેળ અન્યત્ર ભાગ્યે જ જોવા મળે.

ડૉ. કનુભાઈ સદેહે આજે આપણી વચ્ચે નથી. તેની ખોટ ફક્ત કુટુંબીજનોને જ નહિ, પણ આપણા આખા સમાજને રહેશે તે સત્ય હકીકત છે. તેઓશ્રીનું પ્રેરણાદાયી, પ્રભાવશાળી વ્યક્તિત્વ સદાય સૌનાં દિલમાં વસેલું રહેશે.

પ્રભુ તેઓના આત્માને ખૂબ-ખૂબ કૃપા વરસાવી, પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

તા. ૨૫-૭-૨૦૨૩ **સુરેશ, ઇંદિરા, નિપુલ, નીરા**
(એટલાન્ટા) જ્યૉર્જિયા, (USA)

❑

# ડૉક્ટર પરિવારનાં શ્રદ્ધા-સુમન

## પ્રિય ડૉક્ટર મિત્રની વસમી વિદાય

સ્વ. ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલની છબી આંખો આગળથી ખસતી નથી. એમનો સૌમ્ય હસતો ચહેરો સામે આવી ઊભો રહે છે. ડૉ. કનુભાઈને યાદ કરું એટલે તેમની ડૉક્ટર તરીકેની સેવાભાવી છબી ઊપસી આવે. દર્દીઓ સાથે મૃદુભાષી – એમને મળતાં જ દર્દીનું અડધું દર્દ દૂર થાય તેવું વર્તન હંમેશાં યાદ રહેશે. મારે ઘણી વાર તેમના ક્લિનિક અને ઘરની ડિસ્પેન્સરીમાં કામ કરતા હોય ત્યારે મળવાનું થતું.

મારી મિત્રતાની શરૂઆત કે. પી. ભવન બોર્ડિંગમાંથી 1963/64થી થયેલી. સાથે રહેતા અને સાથે જમતા તેથી મિત્રતા ગાઢ બની હતી, પરંતુ 1965થી અમે બી. જે. મેડિકલ કૉલેજમાં દાખલ થયા અને સાથે રહ્યા ત્યારે મિત્રતા - પારિવારિક સંબંધોમાં પરિણમી.

એમની સાથે મારી કૉલેજલાઇફમાં કડી જવાનો પ્રસંગ બનેલો. પૂ. મંગળાબાની તબિયત સારી નહોતી તેથી મળવા ગયો હતો. કડીમાં તેમની સાથે રહેવાનો પ્રસંગ બન્યો અને તે વખતે પૂ. બાપુજી (શ્રી ધનાભાઈ વકીલ) સાથે પરિચય થયો. તેમની સાથે જે ધાર્મિક, શૈક્ષણિક, વાતો થઈ એ ઉપરથી મારા માનસ ઉપર તેમની ખૂબ જ ઊંચી છાપ પડી. તેમના ઘરમાં ધર્મપરાયણ વાતાવરણ અને બધાં ભાઈ-બહેનોની શિસ્ત ઘણી પ્રસંશનીય હતી.

પૂ. મંગળાબાની તબિયત નાજુક રહેતી હોવાથી ડૉ. કનુભાઈનાં લગ્ન એમ.બી.બી.એસ.ના અભ્યાસના પ્રથમ વર્ષમાં લેવાયાં હતાં. તેમના લગ્નમાં (જાસલપુર) સાથે જવાની અમને મિત્રોને તક મળેલી.

સવિતાબહેન નાની ઉંમરથી જ ઘરની જવાબદારી સંભાળવા લાગ્યાં. બે વર્ષમાં પૂ. 'બા'નો સ્વર્ગવાસ થયો અને ડૉ. કનુભાઈ અને સવિતાબહેનની સામાજિક જવાબદારીઓ વધી ગઈ.

પૂ. બાપુજી અમદાવાદ રહેવા આવ્યા તેથી તેમના ઉપર આવી પડેલ જવાબદારીમાં રાહત થઈ.

પૂ. બાપુજીની હાજરીમાં બધાં ભાઈ-બહેનનું ઘડતર એક સંસ્કારી કુટુંબ તરીકે આગળ વધ્યું. ડૉ. કનુભાઈ M.B.B.S. થઈ ગયા અને 1 વર્ષની ઇન્ટર્નશિપ કરવાની આવી. પાછળના 6 મહિનાની ઇન્ટર્નશિપ અમે સાથે ગોઠવી 3 મહિના પાટણ અને 7 મહિના વિસનગર સાથે રહેવાની તક મળી. પાટણ હતા ત્યારે પૂ. બાપુજી ડૉ. કનુભાઈને મળવા અને પાટણનાં દર્શન માટે તારાબહેન, પ્રભાબહેનને લઈને આવેલા. તે વખતે ઘોડાગાડી લઈને અમે સાથે ફરેલાં, જેની માનસપટલ ઉપર હજુ છાપ પડેલી છે. વીસનગર સાથે રહ્યા ત્યારે ઘરનું સાથે જ જમવાનું (મારી સાસરીમાં - જવાહર સોસાયટી) મળતું. જે ડૉ. કનુભાઈ ઘણી વાર યાદ કરતા.

ડૉ. કનુભાઈની લીડરશિપની આવડત કૉલેજ જીવનથી જ હતી. અમારી 1965ની બૅચના લગભગ 200 જેટલા ડૉક્ટરનાં સરનામાં દેશ-પરદેશથી, એકઠાં કરી તેમણે બધાંએ દર વર્ષે મળવાનો શિરસ્તો (get-together) શરૂ કરાવ્યો. જે અત્યારે પણ ચાલુ છે. ચાલુ વર્ષે નાદુરસ્ત તબિયત હોવા છતાં બધાને મળવાની ઇચ્છાથી સવિતાબહેન અને ચિ. મૌલિક, ડૉ. કનુભાઈને લઈને બધાં જોડે આવ્યાં. તેમણે બધાંને ઉદ્‌બોધન કર્યું અને બહુ જ ભાવુક થઈ ગયાં. અમે સૌ ભાવુક બનતાં હતાં જે દૃશ્ય ભુલાય તેમ નથી. એક વર્ષે એમણે ગાંધીનગરની નર્સિંગ કૉલેજમાં આવો પ્રોગ્રામ 2015માં રાખેલો અને સંસ્થાનો વિગતવાર પરિચય આપેલો. એ વર્ષે USA, UK વગેરેથી ઘણા મિત્રો આવેલા અને ખૂબ જ પ્રભાવિત થયેલા. પૂ. બાપુનું સંસ્થા તરફથી તા. 6-4-2004ના રોજ ગાંધીનગરમાં જાહેરસન્માનનું આયોજન થયું ત્યારે હાજર રહેવાની તક સાંપડી. ડૉ. કનુભાઈ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

ડૉ. કનુભાઈ બાપુજીને લઈને ગાંધીનગર જાતે ગાડી લઈને ઘણી વખત આવતા. સંસ્થા પ્રત્યેની તેઓ જવાબદારીને પ્રાધાન્ય આપતા.

ડૉક્ટર તરીકે વ્યસ્ત હોવા છતાં બાપુજીના સ્વર્ગવાસ થયા પછી સંસ્થાએ ડૉ. કનુભાઈને ખૂબ મોટી જવાબદારી

આપી અને તેમણે સહર્ષ સ્વીકારી. આર્થિક ઉપાર્જનને તેમણે ક્યારેય પ્રાથમિકતા આપી નહોતી. તેમને મન સંસ્થાનો વિકાસ પ્રાથમિક હતો અને સમય મળે તો જ પાર્ટટાઇમ પ્રેક્ટિસ ચાલુ રાખતા અને એટલે જ તો શ્રી સરદારભાઈ અને ડૉ. કનુભાઈ USA જઈ ઘણું મોટું દાન લઈ આવેલાં.

તેમની રજૂઆત, મૃદુવાણી, હસમુખો ચહેરો એવાં હતાં કે સામેની વ્યક્તિ સહર્ષ દાન માટે પ્રેરાય. અમેરિકા સ્થિત પ્રભાબહેન અને તારાબહેન તરફથી પણ સારાં દાન તેમને મળેલાં. અમેરિકાથી આવ્યા બાદ મારે તેમની સાથે રૂબરૂમાં ઘણીબધી ચર્ચાઓ થયેલી.

હું મારી સંસ્થા શ્રી 'સરસ્વતી વિદ્યાલય' બ્રાહ્મણવાડાની જવાબદારી સંભાળું છું તેમાં એમના અનુભવોની ચર્ચા ઘણી કામ લાગતી.

ડૉ. કનુભાઈની છેલ્લા 6 મહિનામાં ઘણી વખત રૂબરૂ મુલાકાતો લીધી. તેમનું મજબૂત મનોબળ અને હસમુખો ચહેરો જોઈ એમની બીમારીની ગંભીરતાનો ખ્યાલ પણ કોઈને પામવા દેતા નહિ. તેમની સેવામાં અડીખમ ઊભેલાં સવિતાબહેન અને ચિ. મૌલિકને પણ એટલી જ હિંમતવાળાં જોવા મળતાં.

આખરે તા. 22-7-2023ના રોજ અચાનક તેમના દેહાવસાનના સમાચાર સાંભળી અત્યંત આઘાત લાગ્યો. સદ્ગતના આત્માને પરમાત્મા પરમ શાંતિ આપે એવી હૃદયની પ્રાર્થના.

'ૐ શાંતિ'

**ડૉ. મોહનભાઈ એસ. પટેલ**
નવજીવન મેટરનિટી હૉમ, પાટણ, (ઉ. ગુ.)
પ્રમુખશ્રી, સરસ્વતી કેળવણી મંડળ,
બ્રાહ્મણવાડા, તા. ઊંઝા.

❑

## डॉ. कनुभाई पटेल: पाण्डवानां धनंजय:

ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ એ એક એવી વ્યક્તિ કે જેમના માટે ગમે તેટલાં પાનાં લખી શકાય, પણ તેમના વ્યક્તિત્વનું વર્ણન બાકી ને બાકી જ રહી જાય. સદા હસતા, સદા કાર્યશીલ, લાગણીશીલ, કાર્યદક્ષ, મૃદુભાષી, કર્તવ્યશીલ, આદર્શ, એક સંપૂર્ણ આદર્શ વ્યક્તિનાં દર્શન થાય.

આમ તો કનુભાઈ સંબંધની દૃષ્ટિએ મારા બનેવી થાય, પણ મારા જીવનમાં તેમનું સ્થાન એક પરમ મિત્ર તરીકે જ રહે. ફક્ત મારા જ નહિ, મારા સમસ્ત કુટુંબીજનો માટે પણ કનુભાઈનું સ્થાન અદ્વિતીય જ રહ્યું છે. મારા પુત્ર વાસવને એક પ્રસંગે કોઈએ પૂછ્યું કે તમે અહીં ક્યાંથી ? તો તેણે જવાબ આપેલો કે જ્યારે-જ્યારે પણ મને મારા પિતાની જરૂર પડી હોય ત્યારે-ત્યારે જો પપ્પા હાજર ન હોય તો આવા વખતે કનુફુઆ જ મારા પપ્પાના સ્થાને હોય.

અમે પાંચ મિત્રો : હું, ડૉ. કનુભાઈ, ડૉ. અશોકભાઈ, ડૉ. કિરીટભાઈ દેસાઈ અને શ્રી ગિરીશભાઈ તલસાણિયા. ભાઈથી પણ અધિક એવા ભાઈબંધો. સારા ભારતના પ્રવાસે સહકુટુંબ સાથે જ ફર્યાં. અમારા બધા પ્રવાસો કોઈ પણ તકલીફ કે મનદુઃખ વગર બિનવિવાદાસ્પદ આનંદપૂર્વક સંપન્ન થયા, જેનો મોટા ભાગનો શ્રેય ડૉ. કનુભાઈને જ જાય. દરેક પ્રવાસમાં જ્યારે-જ્યારે પણ હોટલ કે ધર્મશાળામાં રોકાવાનું હોય તો દરેકને રૂમની વહેંચણી ડૉ. કનુભાઈ જ કરે અને દરેક વખતે સારામાં સારા રૂમો અન્ય મિત્રોને ફાળવી સૌથી વધારે તકલીફવાળા અને અસગવડવાળો રૂમ પોતાના માટે ફાળવે. પોતે અગવડ વેઠીને અન્ય મિત્રોને સારી સગવડ કરી આપતા. તકલીફ વેઠવાનું જો કોઈના સ્વભાવમાં હોય તો તે કનુભાઈના સ્વભાવમાં અમે જોયું છે.

કડી સર્વ વિદ્યાલય વટવૃક્ષનો વિકાસ કરવાનો હોય કે કોઈ જવાબદારી ઊઠાવવાની હોય તો સર્વ મોખરે કનુભાઈ જ હોય. સંસ્થાને આર્થિક ભારણ ન પડે તે માટે કાયમ કાળજી રાખવાનું કર્તવ્ય તેમણે સદાયે ઉપાડેલ અને સંસ્થાનાં કામ માટે તેઓ સ્વખર્ચે બધી જવાબદારી પોતાને શીરે ઉપાડતા રહ્યા હતા, તે બધાં જાણે છે. નર્સિંગ કૉલેજમાં Anatomy વિષયના પ્રોફેસર બહારથી લાવતાં સંસ્થાની વિદ્યાર્થિનીઓને આર્થિક ભારણ ન પડે તે માટે તેમણે આ કાર્ય કરવા મને હકથી આગ્રહપૂર્વક વિનંતી કરી, તો અન્ય કોઈ પણ ના કરી શકે – ફક્ત કનુભાઈ જ કરી શકે તે કહેવું મારા માટે જરા પણ અસ્થાને ન જ હોય. વિદ્યાર્થીઓને અકસ્માત સમયે પ્રાથમિક સારવાર મળી શકે તે માટે સંસ્થાના કર્મચારીગણને પ્રાથમિક સારવાર શીખવાડવા માટે પણ આ જવાબદારી મને સોંપી હતી. કનુભાઈના મગજમાં જ આવો વિચાર ઊપજે.

સર્વ વિદ્યાલયનાં કડી અને ગાંધીનગરનાં બંને

શિક્ષણ સંકુલો એક આદર્શ સંસ્થા બને તેવી વિચારસરણીથી શ્રી સરદારભાઈની સાથે ખભેખભો મિલાવી મુરબ્બી ધનાભાઈ અને મુરબ્બી માણેકભાઈનાં સ્વપ્નો સાકાર કરવાનું ભગીરથ કાર્ય કનુભાઈએ બખૂબીપૂર્વક સાકાર કર્યું છે. કડી નાગરિક સહકારી બૅંક માટે રાણીપમાં એક પ્લૉટની જરૂર હતી, ત્યારે મારા પિતાશ્રીનો નાથાલાલપાર્કનો પ્લૉટ મેળવવા તેમના આગ્રહપૂર્વકના પ્રયત્નો દ્વારા તેમણે લોકોની સેવા થઈ શકે તેવું કાર્ય કરી બતાવ્યું હતું.

કનુભાઈને મારી સર્જરી માટે બહુ માન અને તેથી જ ઘરનાં તેમજ સર્વ સંબંધીઓની સારવારનું શ્રેય મને આપ્યું હતું. તે મારા માટે બહુ ગૌરવની વાત હતી. વળી, જ્યારે-જ્યારે પણ મારાં કુટુંબીજનોને સારવારની જરૂર હોય તો તે કનુભાઈએ જ સંપન્ન કરેલી છે, જે મારાથી કદી ભુલાશે નહિ.

અમારા પાંચ મિત્રોના આ ગ્રૂપને અમારી બીજી પેઢીએ **Pandva's Family** જેવું સુંદર અને સુયોગ્ય નામ આપ્યું છે, જેમાં કનુભાઈનું સ્થાન પાંડવોમાં અર્જુનનું જે સ્થાન હતું તે સ્થાન હતું. આજે જ્યારે મારા અન્ય ચાર મિત્રો સ્વર્ગવાસી થયા છે ત્યારે આ પાંચેય કુટુંબની જવાબદારી મારા શીરે છે, તેની મને સંપૂર્ણ જાણ છે અને આ જવાબદારી ઉપાડવા પ્રભુ મને સર્વ શક્તિ આપશે તેની મને ખાતરી છે. શ્રી કનુભાઈએ કંડારેલી આ આદર્શ પગદંડી પર ભાઈ મૌલિક અને બહેનો દીપિકા અને પારુલ, શ્રી સવિતાબહેનનાં માર્ગદર્શનથી જરૂર પ્રગતિ કરશે અને શ્રી કનુભાઈ અને મુરબ્બી ધનાભાઈનું નામ રોશન કરશે તેની મને ખાતરી છે.

કહેવાય છે કે સ્વર્ગમાં પણ ભગવાનને સારા માણસોની જરૂર હોય છે અને આ માટે કનુભાઈની જરૂરિયાત ભગવાનને પડી છે અને તેથી જ આ નાની ઉંમરે પ્રભુએ તેમના દરબારમાં કનુભાઈને સ્થાન આપ્યું છે.

મારા સહિત મારાં કુટુંબીજનો, મિત્રો અને મારા Pandava's Groupના નાનાં-મોટાં સૌ વતી પ્રભુ કનુભાઈને તેમનાં ચરણોમાં સ્થાન આપે તેવી પ્રભુને પ્રાર્થના કરી વીરમું છું.

**ડૉ. પ્રવીણભાઈ પટેલ**

મો. ૯૩૭૫૯ ૫૪૬૬૬

❑

## An Irreparable Loss

Honorable Chairman and trusties
Sarva Vidyalay Kelavani Mandal,
Kadi.

We the group members of BJMC 1965 batch are deeply grieved by sad demise of our beloved respected Dr. Kanubhai D. Patel. No amount of words are enough to express his dedication, loyalty, and love for our group and your Institute. It is an irreparable loss. Inspite of his ill health he insisted to meet us in January 2023. He was pioneer and nourished group with love and dedication. On 50th anniversary of our batchmates a get-togther was arranged at your institute. We were very much touched by the warm welcome and excellent management by Kanubhai. It is a life time memory. We are sure that he will continue to shower his blessings to our group and Sarva Vidyalaya as well. We will continue to feel his divine presence with us always.

Our heartfelt condolences to his family members.

**Dr Vinod H Shah**

Hon. Admin of group BJMC 65.

Ahmedabad 13

Mob. 9909912355

## Always be Remembered

I remember how efficiently and effectively Dr. Kanubhai organized the 50th anniversary get-together of our Batchmates in 2015 at Kadi Sarva Vishwavidyalaya. It was highly appreciated and liked by all the batchmates. He will always be remembered by all of us. He was also instrumental in

inviting me as a trainer for primary first aid lecture series for nurses and Class 4 employees at your nursing institution.

**Dr. Jayanat Tatu**

## Dynamic Leadership

We are extremely sorry to hear the shocking news regarding sad demise of our beloved classmate and friend, Dr. Kanubhai D. Patel who was very active, dynamic, soft hearted, mild in nature and having a very good social relationship with each and everyone in community.

We were able to meet everyone of our B.J. medical batch mates every year with family because of his efforts and dynamic leadership. We all are obliged to him for his dedicated noble social service in the field of education also.

We will continue to miss him forever.

**Dr Mafatbhai H. Patel.** USA.

## મિત્રતાની અજોડ મિશાલ

મને ખ્યાલ છે ત્યાં સુધી આપણા ગ્રૂપની શરૂઆત ડૉ. કનુભાઈ તથા ડૉ. અશોકભાઈ એ બે મિત્રોએ કરી હતી. અશોકભાઈએ આપણી વચ્ચેથી વહેલી વિદાય લઈ લીધી. છતાં દરેક મિટીંગમાં અચૂક તેમની હાજરી આપણને મહેસૂસ થતી હતી. કારણ, કનુભાઈ દરેક મિટીંગમાં મધુબેન અશોકભાઈને સાથે લઈને જ આવતા. મિત્રતા સાચવવાની તેમની આ અનોખી રીત હતી. મિત્રો માટે પરગજુ સહકારભર્યા અને પ્રેમાળ હતા. સદાય આનંદિત રહેતા. આપણાં ગ્રૂપને આયોજક કમિટીએ અને તેમણે સતત ધબકતું રાખ્યું છે.

પચાસવર્ષની ઉજવણી પણ તેઓએ યાદગાર બનાવી હતી. પ્રભુ તેમના આત્માને પરમશાંતિ આપે એ જ પ્રાર્થના.

ડૉ. વર્ષા પી. શાહ

## આભને પણ ન આંબી શકાય તેવી ઊંચાઈએ પહોંચી ગયા

કૉલેજમાં સામાન્ય વિદ્યાર્થી માફક ભણતા કોઈ પ્રતિનિધિત્વ કે આગળ પડતું વ્યક્તિત્વ ન ધરાવી કૉલેજમાંથી બહાર નીકળી ક્યાં આભને પણ ન આંબી શકાય તેવી ઊંચાઈએ પહોંચી ગયા. પ્રેક્ટિસ કરતાં તે સિવાયની શિક્ષણ પ્રવૃત્તિમાં પાયામાંથી સંસ્થાને ઊભી કરી વટવૃક્ષ સમી ઊંચાઈએ પહોંચાડી. તેમ છતાં કેટલું સરળ વ્યક્તિત્વ ? જાણતા હતા જીવન કેટલું છે છતાં જણાવા નહીં દઈને ખૂબ પ્રેમ, નિઃસ્વાર્થ ભાવે જીવન પૂર્ણ કર્યું.

આવી વ્યક્તિને આપણે તો શું બિરદાવીએ ? ઈશ્વરે તો તેમનું ખાતું આપણે પ્રાર્થીએ તે પહેલાં જ ખોલી નાખ્યું છે.

ૐ શાન્તિ : ૐ શાન્તિ : ૐ શાન્તિ :

**ડૉ. માલતીબહેન મહેતા,**
ભાવનગર

## Active Motivator

He was a good student and active motivator in medical college activities.

After studies he decided to pursue his practice. He has a wonderful wife & family We stayed together as a friend & I admired his passion for actively helping his communities in education particularly women's education. His passion in rendering social service was wonderful. He did it smilingly. Whenever he visited USA, it was always for a social and educational cause. His work as a President of Kadi Sarva Vidyalaya and helping all our Bjites friends attending 50 years golden jubilee was remarkable at the same time unforgettable

We will remember him a for long time We all pray for his soul to rest in peace

**Dr. K. H. Patel** (U.S.A.)

# સ્નેહીજનોનાં શ્રદ્ધા-સુમન

## ગણેશપુરામાં એક સૂર્ય ઊગ્યોને અજવાળું પાથરતાં પાથરતાં ગાંધીનગરમાં આથમ્યો

જય ઉમિયા !

સ્વ. ડૉ. કનુભાઈ પટેલના દુઃખદ અવસાનથી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના તમામ દાતા, ટ્રસ્ટીશ્રીઓ તથા સમાજશ્રેષ્ઠીઓ, કાર્યકર્તા ભાઈઓ-બહેનો દુઃખ અને ઊંડા શોકની લાગણી અનુભવે છે.

સદ્‌ગતે પોતાના પ્રામાણિક પુરુષાર્થથી કડી સર્વ વિદ્યાલયનું સંવર્ધન કર્યું – પોતાની સૂઝબૂજથી સિંચ્યું અને કાળજીપૂર્વક ઉછેરી વટવૃક્ષ કર્યું, તે ડૉ. કનુભાઈ પટેલ આજે આપણી વચ્ચે નથી. વર્ષો પહેલાં ગામ ગણેશપુરામાં ધનાભાઈ વકીલને ત્યાં એક સૂર્ય ઊગ્યોને કડી તથા અમદાવાદમાં અજવાળું પાથરતાં પાથરતાં ગાંધીનગરમાં આથમ્યો. પૃથ્વી પરનો એક કનૈયો સ્વર્ગલોકના નારાયણનાં હૃદયમાં જઈને વસ્યો. શીલવાન-સાધુચરિત મોવડીનું વિશેષણ સ્મરણ થાય તે સ્વાભાવિક છે. આવી વ્યક્તિનું મરણ ના હોય – સ્મરણ જ હોય ! એમની સ્મૃતિ કડી સર્વ વિદ્યાલય માટે એક વરદાન છે. મૃત્યુની શોભા વધે તેવું લાંબું આયુષ્ય સાર્થક કર્યું. તેઓ જે રીતે જીવી ગયા, તેનો ખ્યાલ રહે તો એટલું જરૂરી કહી શકાય કે, ધન્ય જીવન ! મૃત્યુને રળિયામણું બનાવતું ગયું. એમના પુણ્યાત્માને શાંતિ જ હોય !

હે દયામય ! સદ્‌ગતને તારા પવિત્રધામમાં નિવાસ મળે અને તેમના પુણ્યાત્માને ચિર શાંતિ મળે અને પરિવારજનોને આઘાત સહન કરવાની શક્તિ મળે તેવી જગતજનની મા ઉમિયાને અમે સૌ પ્રાર્થના કરીએ છીએ.

*મહેકમાં મહેક મળી જાય તો મૃત્યુ ન કહો,*
*તેજમાં તેજ ભળી જાય તો મૃત્યુ ન કહો.*
*દીર્ઘયાત્રા માટે કોઈ સજ્જ થઈ જઈને,*
*શ્વાસની લીલા સમેટી લે તેને મૃત્યુ ન કહો.*

**આર. પી. પટેલ**
પ્રમુખ, વિશ્વ ઉમિયાધામ પરિવાર

## અડધી રાત્રે દરદીને તપાસવા આવતા ડૉક્ટર

1980ના અરસામાં હું મીઠાખળી રેલવે ફાટક પાસે આવેલા સીતામાસીના રસોડામાં જમતો હતો. માસી મોટા ભાગે બીમાર જ રહેતાં હતાં. તે સમયે મીઠાખળીમાં દર્દીને તપાસવા આવતા બે ડૉક્ટરો હતા : એક ડૉ. દલાલ ને બીજા ડૉ. કનુભાઈ ડી. પટેલ. ડૉ. કનુભાઈનું દવાખાનું મીઠાખળી રેલવે ક્રૉસિંગ પાસે હતું. જે સીતામાસીના ઘરથી સાવ નજીક હતું. માસીને અડધી રાત્રે દાક્તરોની જરૂર પડતી, ત્યારે હું ને માસીનો પુત્ર દુષ્યંત આ બંને દાક્તરો પાસે પહોંચી જતાં ને બંને કશા કંટાળા કે આનાકાની વિના ગમે ત્યારે આવતા. આ તો થોડી જૂની વાત થઈ. ત્યાર બાદ ઘણાં વર્ષોથી પત્રકાર તરીકે હું જાણીતો ને વિવિધ કાર્યક્રમોમાં જતો થયો.

એક વાર એક દાક્તર કડીના કાર્યક્રમ માટે મને આમંત્રણ આપવા આવ્યા, હું તેમને ઓળખી ગયો. કેમ કે, મેં તેમને અડધી રાત્રે ઘણી વાર ઊંઘમાંથી ઉઠાડેલા, પણ તેઓ મને ઓળખી ન શક્યા. મેં તેમને સીતામાસીની વાત કરી, તેમણે મને કહ્યું કે, ઘણાં વર્ષો પછી ઈશ્વરે આપણને મેળવ્યા, પણ હું તમારા લેખોનો ખૂબ ચાહક છું, એટલે આજે આવ્યો છું. ત્યાં સુધી મને ખબર નહોતી કે, તેઓ મહેસાણા જિલ્લાના સ્વાતંત્ર્યસેનાની, જાણીતા વકીલ, શિક્ષાવિદ્ અને કડીના જાણીતા લોકસેવક શ્રી ધનાભાઈ પટેલના પુત્ર છે. વાતચીતમાં તેમણે મને આ ઓળખ આપી. પછી તો અમારો સંપર્ક તાજો થયો ને વધ્યો. મારાં લખેલાં પુસ્તકો તેઓ મંગાવતા ને વાંચતા. 'ગ્રામગર્જના'ના પણ ચાહક અને પ્રશંસક બન્યા. 'ચિંતન-મનન'ની પુસ્તિકાઓ તેમને ખૂબ ગમી હતી.

તેમણે પિતા ધનાભાઈના સેવા-સંસ્કારના વારસાને જીવનભર સુપેરે નિભાવ્યો હતો. કડી કેળવણી મંડળના પ્રમુખ હતા ને કડવા પાટીદાર ઉત્તેજક મંડળ

જેવી અનેક સંસ્થાઓના સંવર્ધક પણ હતા. છેલ્લે મળ્યા ત્યારે કડીમાં 'સરદારકથા' યોજવાનું તેમણે મને કહેલું, પણ તે તેમની હાજરીમાં શક્ય ન બન્યું. સંસ્થા માટે વિદેશોમાંથી ભંડોળ એકત્ર કરવામાં તેમનું નોંધપાત્ર યોગદાન હતું. સ્વ. માણેકભાઈ પટેલ પછી ડૉ. કનુભાઈની વિદાયથી સંસ્થાને મોટી ખોટ પડી છે. ઈશ્વર તેમના આત્માને પરમ શાંતિ અર્પે અને તેમનાં પરિવારજનોને તેમના ચીંધેલા માર્ગે ચાલવાની ને તેમની અનુપસ્થિતિને સહન કરવાની શક્તિ અર્પે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના સહ, ભાવભીની સ્મરણાંજલિ અર્પું છું.

**મણિલાલ એમ. પટેલ**

❑

## બસમાં આવવા-જવાનું ભાડું પણ આપ્યું

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ગણેશપુરા ગામના મૂળ નિવાસી, પ્રખર ધારાશાસ્ત્રી, ખેડૂતોના હિતચિંતક, રાષ્ટ્રવાદી, સમાજસેવી અને કેળવણીકાર સ્વ. ધનાભાઈ વકીલશ્રીના સપૂત ડૉ. કનુભાઈ ધનાભાઈ તા. 22-7-2023ના રોજ આપણી વચ્ચેથી અલવિદા થયા. ડૉ. કનુભાઈએ પોતાના સ્વ. પિતાશ્રી ધનાભાઈનાં પગલે-પગલે લોકકલ્યાણ અર્થે કાર્યો કરતાં-કરતાં આપણી વચ્ચેથી વિદાય લીધી.

ડૉ. કનુભાઈ સદ્‌ગુણોના ભંડાર હતા. તેમણે એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવ્યા બાદ ડૉક્ટરની પ્રેક્ટિસને એક વ્યવસાય તરીકે સ્વીકારી અર્થનો મોહ રાખ્યા સિવાય ડૉક્ટર તરીકે છેવાડાના વ્યક્તિ સુધી સેવા આપી અને તેની સુવાસ આપણા સૌની વચ્ચે પ્રસરાવી ચિરવિદાય લીધી. તેઓશ્રીની વિદાય આપણા સૌના માટે અવિસ્મરણીય બની રહેશે. તેઓશ્રી સ્વભાવે સરળ, ઉમદા અને દયાળુ હોવાની સાથે પોતાની જવાબદારી માટે દૃઢ હતા. તેમણે પૂજ્ય પિતાશ્રી ધનાભાઈ વકીલસાહેબનાં અધૂરાં રહી ગયેલાં કાર્યો પૂર્ણ કરવા ભેખ ધારણ કરી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે આજીવન પોતાના જીવનનું તર્પણ કર્યું. મંડળમાં સેવાઓ આપવાની સાથે-સાથે વખતોવખત મંડળને દાન પણ આપતા રહ્યા હતાં, તેમજ પોતાનાં પરિવાર અને સગાંસંબંધીઓ તરફથી પણ મોટી રકમનાં દાન અપાવતા રહ્યા હતા. દેશ અને પરદેશમાંથી પણ મોટી રકમનાં દાન આપવા પ્રેરણા પૂરી પાડી દાન મેળવી આપ્યાં હતાં.

આજથી આશરે 50 વર્ષે પૂર્વે મારે તેમને મળવાનું થયું હતું. તેમની સાથે થયેલ એક વ્યવહારની સત્ય ઘટના જણાવું છું. મારા મોટા ભાઈને ટ્રાન્સપોર્ટનો ધંધો હતો અને સ્વ. ધનાભાઈસાહેબે ગણેશપુરા ગામે થરાદ બાજુથી ઘાસચારો મંગાવ્યો હતો, જે ઘાસચારો મારા મોટાભાઈ પોતાની ટ્રકમાં લાવ્યા હતા. જેના ભાડાની રકમ રૂ. 125/- હતી. એ રકમ સ્વ. ધનાભાઈ સાહેબે ડૉ. કનુભાઈ (અમદાવાદ) પાસેથી લેવા માટે જણાવ્યું હતું. ભાડાની આ રકમ લેવા મારા મોટા ભાઈશ્રીએ મને ડૉ. કનુભાઈ પાસેથી લેવા અમદાવાદ મોકલી આપ્યો હતો. હું તેમની પાસે પહોંચ્યો ત્યારે તેમણે મને પૂછ્યું હતું કે તમે કેટલે દૂરથી લેવા આવેલા છો ? બસ ભાડું જતા-આવતાનું કેટલું થાય ? તેમ પૂછેલ અને મને રૂ. 125/- ઉપરાંત બસમાં જવા-આવવાનું ભાડું પણ ચૂકવી આપ્યું હતું. આ હતી ડૉ. કનુભાઈની ઉદારતા અને સમજણ. ડૉ. કનુભાઈને કરોડો-કરોડો વંદન. શ્રી કનુભાઈ તેઓશ્રી કર્મોથી અમર છે અને અમર રહેશે.

**મનુભાઈ એ. પટેલ**
એડવોકેટ, કડી
૩, ભાગ્યોદય સોસાયટી,
દેત્રોજ રોડ, કડી

❑

## રૂબરૂ છો તમે...!

**છો, તેવા જ અમારા છો તમે,**
**ક્યાંક તો વસો છો...!**
**કદાચ મારા વિચારમાં,**
**અહીં... છો, કદાચ ત્યાં પણ...?**

**છે કોઈક છબિ યાદોમાં,**
**મારા વિચારોમાં પિતા તમે વસો છો.**
**મારા કાર્યમાં રોજના યાદ તમે,**
**મળતા રહો આમ રોજ મને.**

જીવનમાં હોવાના પુરાવા થઈને,
સરકી ગયા જેમ પાણી હાથમાંથી.
ગયા તમે તેમ, વહી
રહ્યા હવે યાદમાં.
કદાચ તમે પારદર્શક હવાના ઝોકા,
વિંટળાવ વંટોળ થઈ.
કરું પ્રાર્થના વિચારોમાં, તમે મળો,
સમયના સ્તરોને ભેદી,
તમારી યાદોના ભભૂતિયા થઈ,
પહેલ વહેલા મળ્યા હતા,
તમે પકડી એ કુણી આંગળી મારી,
હવે ચાલું હું, યાદો તમારી લઈ,
નથી તમે આજે અહીં,
આ હવામાં મને રોજ મળ્યા કરો.
પિતા તમે અમારામાં રહ્યા કરો.

ગૌતમ જી. પટેલ
ઈલા ગૌતમ પટેલ

❑

## બેસણું ન રાખીને સમાજને માર્ગ દેખાડ્યો

આદરણીય સવિતાબહેન અને પરિવારજનો.

મારા પરમ મિત્ર અને સહાધ્યાયી શ્રી કનુભાઈના દુઃખદ અવસાનના સમાચાર જાણીને મને તેમજ મારા સમગ્ર પરિવારને અત્યંત દુઃખ થયું છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને પરમ શાંતિ અર્પે અને આપ સૌ કુટુંબીજનો પર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી ભગવાનને અમારી પ્રાર્થના છે. સદ્ગતના જવાથી સર્વ વિદ્યાલય પરિવારને પણ ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. બેસણું ન રાખીને સમાજને માર્ગ દર્શાવ્યો તે ખૂબ સરાહનીય પગલું છે.

**કૌશિક અને પારુનાં**
જય શ્રીકૃષ્ણ, (કડી)

❑

Though I did not have much opportunity of communicating with Dr. Kanubhai but I remember one incident which happened at Narayani farm. When we reached little late in the morning to attend a program, Kanubhai asked us to take snacks and tea first else the breakfast session will be over. Though it's a very minor incident, it shows the caring nature of Kanubhai to be concerned for everybody.

Anjana

❑

## Mithakhali Lost a Gem

With the passing away of our own Dr. Kanubhai, not only his close family but the whole of the Mithakhali area and Jaldarshan society has lost a gem. His smiling face, soft demeanor and humble approach together with his perfect diagnosis of an ailment was enough to instill confidence in the patient. May his soul rest in eternal peace and give his family the strength to bear this loss!

**Mehru Ghamat**
**& Binaifer Dastur**

❑

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૩, અંક :૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૨૩, સળંગ અંક : ૭૬**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

# 2nd International Conference of B.J.M.C. Alumni Association - Conference Committee



**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly** News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
**Year 13, Issue No. 4 July-August 2023**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



રાષ્ટ્રના ૭૭મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં મંડળના મંત્રી શ્રી ડૉ. જયંતીભાઈ એમ. પટેલ ધ્વજવંદન કરાવી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય.




રાષ્ટ્રના ૭૭મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સર્વ વિદ્યાલય કેમ્પસ, ગાંધીનગરમાં ગુજરાત રાજ્યના પૂર્વમંત્રી શ્રી અરવિંદભાઈ પટેલ ધ્વજવંદન કરાવ્યા બાદ ઉદ્‌બોધન કરી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય.

